દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 164 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 July 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૧૩ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સંસદનું ચોમાસુ સત્ર તોફાની રહેશે




## રામમંદિર, નીટ પેપર લીક જેવા મુદ્દા છવાયેલા રહેશે

નવી દિલ્હી : સંસદનું ચોમાસુ સત્ર તોફાની રહેશે અને આ સત્રમાં રામ મંદિર દાન-ચોરી અને નીટ પેપર ફૂટવાના મુદ્દા છવાયેલા રહેશે. વિરોધ પક્ષો આ મુદ્દા ઉઠાવવાની તૈયારી કરી રહ્યા છે. પક્ષાંતર કરીને બે તૃતીયાંશ બહુમતી મેળવવાના ભાજપના પ્રયાસોને પણ વિફળ બનાવવા વિરોધ પક્ષો કોશીશ કરી રહ્યા છે.

ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી ૧૩ ઑગસ્ટ સુધી યોજાવાનું છે. રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ સરકારની ચોમાસુ સત્ર યોજવાની સરકારની ભલામણ સ્વીકારી છે. ચોમાસું સત્રમાં સકારાત્મક ચર્ચા થાય એ માટે સંસદીય બાબોતના પ્રધાન કિરેન રિજીજુએ વિરોધ પક્ષોને સહયોગ આપવાની અપીલ કરી છે. ૧૯ જુલાઈએ સર્વ પક્ષોની બેઠક બોલાવવામાં આવી છે જેમાં સરકાર વિરોધ પક્ષોને આગામી ખરડા વિશે માહિતી આપશે.

સરકારે બંધારણમાં સુધારા ખરડો રજૂ કરવાની પેરવીમાં છે. આ ૧૩૦મો સૂચિત સુધારો હશે. આ ખરડામાં ફોજદારી કેસમાં જો વડા પ્રધાન, મુખ્ય પ્રધાન કે પ્રધાન ૩૦ દિવસ સુધી જેલમાં રહે તો તેમને હોદ્દા પરથી રાજીનામું આપવું પડે એવી દરખાસ્ત છે. સંસદમાં મહિલા આરક્ષણ અને સીમાંકન સાથે જોડાયેલા ઠરાવો પર ચર્ચા થશે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઑપરેશન સિંદૂર પર આપેલા નિવેદન પર પણ સંસદમાં

(જુઓ પાનું ૨) ▶▶

# હોર્મુઝને લઈને અમેરિકા-ઈરાન ફરી સામસામે, ખાડી દેશો પર ઈરાનનો હુમલો

દુબઈ : અમેરિકાએ ઈરાન પર ફરી હુમલો કર્યો હતો. આ હુમલો હોર્મુઝ સ્ટ્રેટમાં એક જહાજ પર ઈરાની હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો. ઈરાનના હુમલામાં કન્ટેનર જહાજમાં આગ લાગી ગઈ અને તેના ક્રૂને તેને છોડી દેવાની ફરજ પડી હતી. અમેરિકાના હુમલાના જવાબમાં ઈરાને બહેરીન, કુવૈત, કતાર અને ઓમાન સહિત ખાડીના અનેક દેશોને નિશાન બનાવીને હુમલા કર્યા હતા.

તેલ અને કુદરતી ગેસ માટેનો મુખ્ય પરિવહન માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ વાટાઘાટોમાં મુખ્ય મુદ્દો બની ગયો છે, અને છેલ્લા અઠવાડિયામાં વારંવાર લડાઈને કારણે વાટાઘાટો તૂટી જાય તેવો ખતરો મંડરાઈ રહ્યો છે.

અમેરિકન સેનાના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે તેણે રવિવારના હુમલામાં લગભગ ૧૪૦ લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા, જે અગાઉના બે રાઉન્ડના હુમલાઓ કરતાં ઘણા વધારે હતા અને મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઇટ્સ, સંદેશાવ્યવહાર સાધનો અને અન્ય સ્થળો પર હુમલો કર્યો હતો. તેણે કહ્યું હતું કે આ હુમલાઓ ઈરાનની નાગરિક શિપિંગને ધમકી આપવાની ક્ષમતાને નબળી પાડશે.

અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે ઓનલાઈન લખ્યું હતું કે ઈરાને ખોટો નિર્ણય લીધો છે. હવે તેણે તેની કિંમત ચૂકવવી પડશે. સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ઇરાની હુમલાઓ પર અમેરિકાએ છેલ્લા અઠવાડિયામાં ઈરાનને નિશાન બનાવીને ત્રણ વખત હવાઈ હુમલા કર્યા છે. ઈરાનની સંસદના સ્પીકર

(જુઓ પાનું ૨) ▶▶

# નવા મતદાતાને માતા-પિતાની 'સર' વિગતો અરજી સાથે આપવી પડશે

નવી દિલ્હી : હાલના મતદાતાઓ જેઓ મતદારયાદીની અગાઉની સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (ખાસ સઘન સમીક્ષા, 'સર')માં સામેલ થયા નહોતા તેમને તેમના માતાપિતાની 'સર'ની વિગતો આપવી પડે છે. ચૂંટણી અધિકારીઓએ હવે એમ કહ્યું છે કે મતદારયાદીમાં નામ સામેલ કરવા ઈચ્છતા નવા મતદાતાએ પણ તેમના માતાપિતાની 'સર'ની વિગતો આપવી પડશે.

આ સૂચના આપીને ચૂંટણી પંચે ફોર્મ નંબર છ ભરતા અરજદાર માટે ફોર્મ નંબર છની સાથે માતાપિતાની 'સર' વિગતો આપવાનું ફરજિયાત બનાવ્યું છે. બિહારમાં ગયા વર્ષે જૂનમાંબહાર પડાયેલા

(જુઓ પાનું ૨) ▶▶

# રામ મંદિરની દાન-ચોરી : કૉંગ્રેસે સુપ્રીમ કોર્ટની નિગરાની હેઠળની તપાસ માગી

વિજયવાડા :શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના દાનની ઉચાપત જેમણે દાન, ઝવેરાત અને ચડાવો આપ્યો છે એ લાખો શ્રદ્ધાળુ સાથે વિશ્વાસઘાત, તેમની આસ્થા અને લાગણી સાથે દગો છે એમ કૉંગ્રેસે કહ્યું હતું.

અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા કૉંગ્રસનાં મહામંત્રી દીપા દાસમુનશીએ પૂછ્યું હતું કે જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની દેખરેખ હેઠળના ટ્રસ્ટમાં કથિત કૌભાંડ થયું છે તો એની કોણ જવાબદારી લેશે. જો બધું સમુંસૂતરું હોય તો ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયે અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ કેમ

(જુઓ પાનું ૨) ▶▶

# ટ્વિશા મરણ કેસઃ જિમ્નેસ્ટિક્સ બેલ્ટ પર ટ્વિશાની ચામડીના ટિસ્યુ મળ્યા

નવી દિલ્હી : ટ્વિશા શર્મા મરણ કેસમાં એઈમ્સ દિલ્હીએ તેનો અંતિમ ફોરેન્સિક અહેવાલ આપ્યો છે. એઈમ્સે ૧૧ પાનાનાં અહેવાલમાં એવો ઘટસ્ફોટ કર્યો છે કે બનાવમાં વપરાયેલા જિમ્નેસ્ટિક્સ બેલ્ટ પર ટ્વિશાના ચામડીના ટિસ્યુ મળ્યા છે જે તેની ગરદન પર રહેલી ઈજાની નિશાની સાથે આબેહુબ મળે છે. નિષ્ણાતો આ અહેવાલને મોટો ટર્નિંગ પોઈન્ટ માને છે.

અદાલતે બીજું પોસ્ટમોર્ટમ કરવાનો હુકમ એઈમ્સ-દિલ્હીને આપ્યો હતો. એઈમ્સે ૧૦ જુલાઈએ અહેવાલ આપ્યો હતો. અહેવાલમાં એ વાતને સમર્થન મળ્યું છે કે ગળું બાંધવા માટે

(જુઓ પાનું ૨) ▶▶

# બાંગ્લાદેશમાં ભયંકર પૂરઃ ૪૪નાં મોત

ઢાકાઃ બાંગ્લાદેશમાં છેલ્લા એક અઠવાડિયાથી ભયંકર પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ પ્રવર્તી રહી છે. આ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૪૪ લોકોનાં મોત નીપજ્યાં છે. નદીઓ હજુ પણ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. બાંગ્લાદેશમાં પૂરની આ ભયંકર પરિસ્થિતિને પગલે ૨,૫૦,૫૦૦થી વધુ પરિવારો વિસ્થાપિત થયા છે. આ જાણકારી અધિકારીઓએ રવિવારે આપી હતી.

દેશની રાજધાની ઢાકામાં રાતભર ખાબકેલા વરસાદથી અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ ઊભી થઇ હતી. તેમજ જનજીવન ઠપ્પ થયું હતું. સરકારે

(જુઓ પાનું ૨) ▶▶

# લોકપ્રિય પાર્શ્વગાયિકા એસ. જાનકીનું નિધન

તિરુવનંતપુરમઃ કેરળના લોકપ્રિય પાર્શ્વગાયિકાના નિધન પર રવિવારે વિવિધ ક્ષેત્રોના લોકોએ શોક વ્યક્ત કર્યો હતો. ફિલ્મી હસ્તીઓ, સંગીતકારો અને જાહેર હસ્તીઓએ તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી હતી અને ભારતીય ફિલ્મ સંગીતમાં તેમના અજોડ યોગદાનને યાદ કર્યું હતું.

કેરળના મુખ્યમંત્રી વી ડી સતીસને શનિવારે લોકપ્રિય પાર્શ્વગાયિકા એસ જાનકીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમણે જાનકીને દક્ષિણ ભારતીય ફિલ્મ સંગીતના મહાન હસ્તીઓમાંના એક ગણાવ્યા હતા અને કહ્યું કે તેમના ગીતો પેઢીઓ સુધી લોકોના દિલોમાં

(જુઓ પાનું ૨) ▶▶

# ઉત્તરાખંડમાં ભારે વરસાદથી ભૂસ્ખલનઃ ૧૨૬ રસ્તા બંધ

દહેરાદૂનઃ ઉત્તરાખંડમાં રવિવારે ભારે વરસાદને લીધે અનેક સ્થળોએ ભૂસ્ખલન થયું હોવાના અહેવાલ છે. પરિણામે બે નેશનલ હાઇવે સહિત ૧૨૬ રસ્તા બંધ થઇ ગયા છે. આ દરમિયાન દહેરાદૂનમાં દીવાલ ધરાશાયી થતાં એક મહિલા ઘાયલ થઇ હતી. જ્યારે સાત પરિવારોનું સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.

યમુનોત્રી હાઇવે પર સમારકામ ચાલી રહ્યું છે. સ્યાનાચટ્ટીમાં ભૂસ્ખલનને કારણે આ હાઇવે છેલ્લા ત્રણ દિવસથી બંધ છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર(એસઇઓસી)ના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં સતત વરસાદને લીધે થયેલા ભૂસ્ખલનથી રાજ્યભરમાં રોડ કનેક્ટિવિટી ખોરવાઇ છે. હાલમાં કુલ ૧૨૬ રસ્તા બંધ છે.

દહેરાદૂનના પથરિયા પીર વિસ્તારમાં ભારે વરસાદને કારણે નિર્માણાધીન

(જુઓ પાનું ૨) ▶▶




એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પીઓકેમાં જનાક્રોશને દબાવવા પાકિસ્તાન આતંકીઓના શરણે

**પાકિસ્તાને** પચાવી પાડેલા કાશ્મીર (પોક)માં લોકો પાકિસ્તાની આર્મી અને સરકાર સામે ઉગ્ર આંદોલન ચલાવી રહ્યાં છે અને લાખો લોકો રસ્તા પર ઊતરી આવ્યા છે ત્યારે પાકિસ્તાન સરકારે આંદોલનને દબાવી દેવા નવો દાવ ખેલ્યો છે. પાકિસ્તાન આર્મી આ આંદોલનને દબાવી દેવા માટે મથી રહ્યું છે પણ લોકોનો આક્રોશ એટલો પ્રચંડ છે કે સફળ નથી થઈ રહી એટલે પાકિસ્તાન સરકારે પીઓકેનાં લોકોને ડરાવવા માટે પોતાના પીઠ્ઠુ એવાં આતંકવાદી સંગઠનોને મેદાનમાં ઉતાર્યાં છે.

આતંકવાદી સંગઠનોએ તાત્કાલિક પીઓકેના મુખ્ય શહેર મુઝફ્ફરાબાદમાં 'જમાત-એ-ઇસ્લામી'ની બેઠક કરી અને પછી જાહેર સભા પણ કરી. આ જાહેર સભામાં પીઓકેનાં લોકોના અધિકારો માટે લડી રહેલી 'જોઇન્ટ અવામી એક્શન કમિટી' (JAAC) ને ભારતના દલાલોની બનેલી સમિતી ગણાવી દીધી. સામાન્ય રીતે આતંકવાદી સંગઠનોની જાહેર સભામાં ભારત સામે ઝેર ઓકાતું હોય છે પણ આ સભામાં 'જોઇન્ટ અવામી એક્શન કમિટી' (JAAC) ને નિશાન બનાવીને ઝેર ઓકાયું. જેએસીસીના નેતાઓ વિરુદ્ધ પણ બેફામ આક્ષેપબાજી થઈ ને તેનો અર્થ એ જ થાય કે, આ આખો ડ્રામા પાકિસ્તાનના ઈશારે થઈ રહ્યો છે.

આતંકવાદીઓના આકાઓએ જેએસીસી પાકિસ્તાન સાથે 'ગદ્દારી' અને ભારતના હિતમાં કામ કરી રહી હોવાનો આક્ષેપ મૂકીને ખુલી ધમકી આપી કે, જેએસીસી પાકિસ્તાન સાથે 'ગદ્દારી' કરવાનું બંધ નહીં કરે તો તેનાં ગંભીર પરિણામો જેએસીસીના નેતા અને તેની સાથે સંકળાયેલાં લોકોએ ભોગવવાં પડશે. આતંકવાદીઓને માત્ર બંદૂકની ભાષા આવડે છે ને લોકોનાં ઢીમ ઢાળતાં આવડે છે એ જોતાં આ 'ગંભીર' પરિણામો શું હશે એ કહેવાની જરૂર છે ખરી ?

આ જાહેર સભામાં પાકિસ્તાનના આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનના ડેપ્યુટી ચીફ શમશેર ખાને ભારતના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા છે અને ત્યાં જ દફનાવવામાં આવ્યા છે એવી કબૂલાત કરી તેને વધારે મહત્ત્વ અપાયું છે પણ આતંકવાદીઓએ જેએસીસી સામે મોરચો ખોલ્યો એ વાતની નોંધ જ નથી લેવાઈ.

શમશેર ખાને એવો દાવો કર્યો છે કે, સમગ્ર પાકિસ્તાનમાંથી આવતા આતંકવાદીઓએ કાશ્મીરના જંગમાં જીવ ગુમાવ્યા છે. કાશ્મીરના લોલાબ અને કુપવાડાથી લઈને કઠુઆ સુધીના દરેક શહેરમાં પાકિસ્તાની આતંકીઓની કબરો આવેલી છે અને જમ્મુ અને કાશ્મીરનું એક પણ કબ્રસ્તાન પાકિસ્તાની આતંકીઓના અવશેષો વિના ખાલી નથી. સમશેરે તો કાશ્મીરીઓનું પાકિસ્તાન સાથેનું જોડાણ એકદમ મજબૂત હોવાનો દાવો કરીને એવું પણ કહ્યું કે, પાકિસ્તાન અને કાશ્મીરનાં લોકો વચ્ચે કોઈ નફરત પેદા કરી શકે તેમ નથી.

સમશેર ખાનના દાવાના કારણે કાશ્મીરમાં પાકિસ્તાની આતંકવાદીઓ સક્રિય હોવાનું પહેલી વાર કબૂલ કરાયું છે એવું અર્થઘટન કરીને આ બહુ મોટી વાત હોય એ રીતે તેને મીડિયાએ રજૂ કરી પણ વાસ્તવમાં સમશેર ખાનના દાવાનું કોઈ મહત્ત્વ નથી. સમશેર ખાન એક ટૂણિયાટ આતંકવાદી છે ને એ લોકોની સામે કોઈ પણ દાવો કરે તેની કોઈ કિંમત નથી. પાકિસ્તાન સરકારના કોઈ મંત્રી કે આર્મી ઓફિસરે આ વાત કરી હોત તો હજુ પણ તેને ગંભીરતાથી લઈ શકાય પણ એક આતંકવાદી દાવો કરે તેની શું કિંમત ? આતંકવાદીના દાવાના કારણે પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે એવું કઈ રીતે સાબિત કરી શકાય ?

બીજું એ કે, પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે એ ઓપન સીક્રેટ છે. સમશેર ખાને તો થૂંક ઉડાડીને જાહેર સભામાં આ વાત કરી પણ ભૂતકાળમાં પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે તેના નક્કર પુરાવા ભારતને મળ્યા છે ને ભારતે આ પુરાવા પાકિસ્તાનને આપ્યા છે છતાં પાકિસ્તાન સાવ નામક્કર જ ગયું છે. ૨૦૦૮ના મુંબઈ હુમલામાં સામેલ અજમલ કસાબ સહિતના આતંકવાદી પાકિસ્તાની હતા. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ પાકિસ્તાનીઓ ફેલાવે છે તેનો વધારે મોટો પુરાવો બીજો ક્યો હોઈ શકે ? પાકિસ્તાને એ પુરાવો માન્ય રાખીને પોતે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે એવું સ્વીકાર્યું ?

કંદહાર વિમાન અપહરણકાંડ વખતે ભાજપ સરકારે જેને છોડી મૂક્યો એ મસૂદ અઝહર સહિતના ઢગલાબંધ પાકિસ્તાનીઓ ભારતમાં આતંકવાદ ફેલાવતાં ઝડપાયા છે છતાં પાકિસ્તાન પોતે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે એવું ના સ્વીકારતું હોય તો સમશેર ખાન જેવા ટૂણિયાટ આતંકવાદીના કહેવાથી એ વાત સ્વીકારી લેશે એ વાતમાં માલ નથી. આ સંજોગોમાં સમશેરના નિવેદનની કોઈ કિંમત નથી પણ સમશેર સહિતના આતંકવાદીઓ પીઓકેનાં લોકોની લડતને દબાવી દેવા મેદાનમાં ઊતરે એ બહુ મોટી વાત છે.

પીઓકેમાં અત્યારે ચાલી રહેલા આંદોલનને કારણે પીઓકે ભવિષ્યમાં ભારતમાં ભળે એવી પ્રબળ શક્યતા ઉભી થઈ છે કેમ કે પીઓકેનાં લોકો પોતે પાકિસ્તાની નથી એવું ખુલ્લેઆમ કહી રહ્યાં છે. 'જોઇન્ટ અવામી એક્શન કમિટી' (JAAC) ના નેતા સરદાર અમન ખાને ભારત પાસે ખુલ્લેઆમ મદદ માગી છે.

પાકિસ્તાનની નાકાબંધીથી ભૂખે મરી રહેલાં પીઓકેનાં લોકોને માનવતાના ધોરણે સહાય મોકલવા અને પીઓકેનાં લોકોને ભારતમાં પ્રવેશની મંજૂરી આપવા માટે સહરદ ખોલી દેવા અમન ખાને અપીલ કરી છે. આ અપીલનો મતલબ એ થયો કે, પાકિસ્તાનથી ત્રસ્ત લોકોને ગમે તે ભોગે છુટકારો જોઈએ છે અને ભારત પોતાનો હાથ ઝાલે એવી તેમની ઈચ્છા છે.

પાકિસ્તાને આતંકવાદીઓને મેદાનમાં ઉતાર્યા તેનું કારણ આ અપીલ છે. ભારત પીઓકેને પોતાનો જ વિસ્તાર ગણાવે છે તેથી પીઓકેનાં લોકો ભારતનાં નાગરિક જ કહેવાય. આ નાગરિકોને બચાવવા માટે ભારત લશ્કરી કાર્યવાહી કરે તો પીઓકે પોતાના હાથમાંથી જતું રહે તેથી ડરેલું પાકિસ્તાન આતંકવાદીઓના શરણે ગયું છે.

પાકિસ્તાને જોઈન્ટ અવામી એક્શન કમિટીના સર્વોચ્ચ નેતા શૌકત નવાઝ મીરને તેમના સાથીઓ સાથે પકડીને જેલમાં નાખી દીધા છે. જેએસીસીના બીજા ૬૦૦થી વધુ નેતાઓ અને કાર્યકરોને પણ અટકાયતમાં લેવામાં આવ્યા છે છતાં પીઓકેની પ્રજા ડગી નથી એટલે હવે પાકિસ્તાન આતંકવાદી સરદારોનો સહારો લઈને તેમને ડરાવવાની નીચ હરકત પર ઊતર્યું છે.

પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓની સક્રિયતા પીઓકેના પાકિસ્તાન વિરોધી આંદોલનને ફટકો મારી શકે છે કેમ કે, મોતથી બધાંને ડર લાગતો હોય છે. આતંકવાદીઓ પાકિસ્તાનના ઈશારે પીઓકેમાં ભારતતરફી લોકોનાં ઢીમ ઢાળવા માંડે તો ડર તો પેદા થાય જ ને ડર પેદા થાય એટલે લોકો પાકિસ્તાન સરકાર સામે રસ્તા પર ઊતરવાનું બંધ કરે તેથી આંદોલનની આપોઆપ હવા નીકળી જાય.

ભારત સરકારની આ ઘટનાક્રમ પર ચાંપતી નજર હશે જ. સરકારની પોતાની સ્ટ્રેટેજી પણ હશે જ પણ આતંકવાદીઓ બંદૂકના જોરે આંદોલનને શાંત પાડે એ પહેલાં ભારતે કશુંક કરવું જરૂરી છે. પીઓકેનાં લોકો અત્યારે ભારત તરફ આશાભરી મીટ માંડીને બેઠાં છે ત્યારે ભારત તેમને નિરાશ ના કરે એ જરૂરી છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૧૩-૭-૨૦૨૬, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૨૨, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ગાથા-૩ સ્પેન્તોર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૫૧ સુધી (તા. ૧૪), પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતી : સવારે ક. ૧૧-૧૯, રાત્રે ક. ૨૨-૫૩
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૩ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ - ચતુર્દશી. મત્યર ડે (કાશ્મીર), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૪૦, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવપૂજા, રાહુ ગ્રહદેવતાનું પૂજન, અગરના ઔષધીય પ્રયોગો, ઔષધ ઉપચાર, બગીચાના કામકાજ, ખેતીવાડી, પશુ લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ સૂર્ય-બુધ યુતિ કાર્યદક્ષતા, ચંદ્ર-રાહુ ત્રિકોણ સાહસિક, ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ ભાતૃસુખ,
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-બુધ યુતિ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## ઉત્તર પ્રદેશના બડૌતમાં નિકાહ પહેલા સોગંદનામું ફરજિયાત, ધાર્મિક સંગઠનોએ કરી જાહેરાત

બાગપત : ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના બડૌતમાં હવે છોકરા અને છોકરીના પક્ષ માટે નિકાહ સમારંભ પહેલાં સ્ટેમ્પ પેપર પર વકીલ દ્વારા તૈયાર કરાયેલ સોગંદનામું રજૂ કરવું ફરજિયાત રહેશે. આ નિર્ણય જમીયત ઉલમા-એ-હિંદ અને ખિદમત સોસાયટીએ શુક્રવારે જામા મસ્જિદ ખાતે યોજાયેલી બેઠકમાં લેવામાં આવ્યો હતો, જેની વિગતો રવિવારે જાહેર કરવામાં આવી હતી.

દીની તાલીમી બોર્ડ, જમિયત ઉલેમા-એ-હિંદના જિલ્લા અધ્યક્ષ મૌલાના આરિફ-ઉલ-હકે કહ્યું કે સોગંદનામામાં જાહેર કરવું આવશ્યક છે કે છોકરા અને છોકરી બંને પુખ્ત વયના છે તેમની વૈવાહિક સ્થિતિ, ઉંમર અને અન્ય સંબંધિત માહિતી સાચી છે અને નિકાહ સંબંધિત કોઈ પણ તથ્યો છૂપાવવામાં આવ્યા નથી.

મૌલાનાએ કહ્યું કે તાજેતરમાં સગીરોના લગ્ન અને અગાઉથી પરિણીત હોવા અથવા કાનૂની કેસ પેન્ડિંગ હોવા સંબંધિત જાણકારી છુપાવીને નિકાહ કરવાના અનેક કેસ સામે આવ્યા છે. તેમણે ઉમેર્યું કે વિવાદોના કિસ્સાઓમાં નિકાહ કરનારા ઇમામોને પણ કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે.

મૌલાનાએ જણાવ્યું હતું કે જો સોગંદનામામાં આપેલી કોઈપણ માહિતી પાછળથી ખોટી હોવાનું જાણવા મળે છે, તો તેની જવાબદારી સંબંધિત પક્ષની રહેશે. જમીઅત ઉલેમા-એ-હિંદના શહેર પ્રમુખ મુફ્તી શાહ આલમે જણાવ્યું હતું કે આ વ્યવસ્થાનો હેતુ લગ્ન પ્રક્રિયાને પારદર્શક બનાવવા અને ઇમામોને બિનજરૂરી કાનૂની વિવાદોથી બચાવવાનો છે.

ખિદમત સોસાયટીના પ્રમુખ ડૉ. ઇરફાન મલિકે લોકોને અપીલ કરી હતી કે નિકાહ ભવિષ્યમાં થતા વિવાદો અને કાનૂની ગૂંચવણો ટાળવા માટે લગ્ન સમારંભ પહેલાં તમામ જરૂરી દસ્તાવેજો અને સાચી માહિતી પૂરી પાડવા લોકોને અપીલ કરી હતી.

## રામ મંદિરમાં દાન ચોરી બાદ હવે વીઆઇપી પાસ મુદ્દે પણ નવો ખુલાસો

અયોધ્યાઃ અયોધ્યાના રામ મંદિર દાન ચોરી કેસની તપાસ કરવામાં આવી રહી છે. આ દરમિયાન રામ મંદિરમાં દર્શન માટેના વીઆઇપી પાસ માટે પણ ટ્રસ્ટીઓના આઇડીનો દુરુઉપયોગ કરીને શ્રદ્ધાળુઓ પાસેથી નાણાં વસૂલતા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

આ અંગે મળતી વિગતો મુજબ રામ મંદિર દાન ચોરી કેસમાં આઠ આરોપીની ધરપકડ કરીને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. જેમાં હવે રામ મંદિર ટ્રસ્ટના પદાધિકારીઓની ભૂમિકા અંગે પણ અનેક પ્રશ્નો ઊભા થયા છે. જેમાં રામ લલ્લાના દર્શન માટેના વીઆઈપી પાસ માટે પણ શ્રદ્ધાળુઓ પાસેથી નાણાં વસૂલતા હોવાની બાબત સામે આવી છે.

રામ મંદિરમાં વીઆઈપી પાસ એક વિશેષ પ્રવેશ વ્યવસ્થા છે. જેમાં અમુક લોકો માટે સામાન્ય લાઇનથી અલગ આ પ્રાથમિકતા સાથે દર્શનની સુવિધા આપવામાં આવતી હતી. આ પાસ સામાન્ય રીતે વરિષ્ઠ નાગરિકો, સરકારી અધિકારીઓ અને મંદિરના વિશેષ મહેમાન માટે હતા. જેને સુગમ દર્શન પાસ પણ કહે છે. આ ઉપરાંત રામ મંદિરમાં અત્યાર સુધી ટ્રસ્ટના મહાસચિવ અનિલ મિશ્રા, ટ્રસ્ટ સભ્ય અનિલ મિશ્રા અને ખાસ આમંત્રિત ગોપાલ રાવના આઈડીનો ઉપયોગ કરીને વીઆઈપી દર્શન પાસ ઇસ્યુ કરવામાં આવતા હતા. આ વ્યવસ્થા મુજબ ટ્રસ્ટના સભ્ય તેમના ડિજિટલ એકાઉન્ટ દ્વારા અથવા ભલામણ પત્ર દ્વારા વીઆઈપી દર્શન પાસ ઇસ્યુ કરવાની ભલામણ કરે છે. જેની બાદ કાઉન્ટર પરનો સ્ટાફ ડિજિટલ સિસ્ટમ દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરશે અને પછી પાસ ઇસ્યુ કરે છે.

## અમેરિકામાં ભારતવંશી મહિલા એન્જિનિયરની ગોળી મારી હત્યાઃ પુત્ર ઘાયલ, પતિ જ નીકળ્યો હત્યારો

વોશિંગ્ટનઃ અમેરિકામાં ગૂગલના એક ભારતીય મૂળના વરિષ્ઠ મહિલા અધિકારીની તેમના પતિએ ગોળી મારીને હત્યા કરી દીધી છે. આ ઘટના અમેરિકાના જ્યોર્જિયા રાજ્યમાં બની છે. મૃતકની ઓળખ ગૂગલના સિનિયર ટેક્નોલોજી એક્ઝિક્યુટિવ શીતલ રેજિયન તરીકે થઈ છે. શીતલ ભારતીય મૂળના હતા. ઘરેલુ હિંસાની આ ઘટનામાં તેમના પતિ કિર્ક બી. રેજિયને તેમની હત્યા કરી દીધી હતી. આ ઘટનામાં તેમનો પુત્ર પણ ગોળી વાગવાથી ઘાયલ થયો છે. આરોપીની જ્યોર્જિયાના એટલાન્ટા નજીક કોબ કાઉન્ટીમાં આવેલા તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી છે.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, આરોપીને હાલમાં કોબ કાઉન્ટી એડલ્ટ ડિટેન્શન સેન્ટરમાં જામીન વગર રાખવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, મંગળવારે સાંજે લગભગ ૮ વાગ્યે તેમને જ્યોર્જિયાના સ્મિર્ના શહેરમાં એક ઘરમાં ગોળીબાર થવાની માહિતી મળી હતી. ઘટનાસ્થળે પહોંચતા પોલીસને ૫૭ વર્ષીય શીતલ રેજિયન ઘરની અંદર ગોળી વાગવાથી ગંભીર રીતે ઘાયલ અવસ્થામાં મળી આવ્યાં હતાં. બાદમાં તેમનું મોત નીપજ્યું હતું.

દંપતીનો ૨૩ વર્ષીય પુત્ર જેસન રેજિયન પણ ઘરની બહાર ગોળી વાગવાના કારણે ઘાયલ હાલતમાં મળી આવ્યો હતો. તેને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર કરવામાં આવી હતી.

પોલીસે આ ઘટનાને ઘરેલુ હિંસાનો મામલો ગણાવ્યો હતો અને કહ્યું હતું કે સામાન્ય લોકો માટે કોઈ જોખમ નથી. અધિકારીઓએ જોકે ગોળીબાર પાછળના ચોક્કસ કારણનો ખુલાસો કર્યો નથી, તેમજ જેસનની તબિયત અંગે પણ કોઈ નવી માહિતી આપી નથી. પોલીસે સમગ્ર ઘટના અંગે તપાસ હાથ ધરી છે.

શીતલ રેજિયન ગૂગલમાં એક સિનિયર એન્જિનિયરિંગ લીડર હતા. ટેકનોલોજી ક્ષેત્રે તેમની પાસે બે દાયકા કરતાં પણ વધુ સમયનો અનુભવ હતો.

## પહેલા પાનાનું ચાલુ

### સંસદનું ચોમાસુ સત્ર

ચર્ચા થઈ શકે.

બક્સરના રાષ્ટ્રીય જનતા દળના સંસદસભ્ય સુધાકર સિંહે એક મુલાકાતમાં આક્ષેપ કર્યો હતો કે ભાજપ તેના ખરડા મંજૂર કરવાનો એજન્ડા સિદ્ધ કરવા વિરોધ પક્ષોને નબળા પાડવાની રણનીતિ અપનાવી રહ્યું છે. ભાજપ વિરોધ પક્ષોને તોડીને બે તૃતીયાંશ બહુમતી મેળવવા માગે છે. ઈન્ડિયા બ્લોક આનો જોરદાર વિરોધ કરશે. અમે સંસદમાં રામ મંદિર દાન-ચોરી નીટ પેપર લીક, ભ્રષ્ટાચાર અને મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા જેવા સળગતા મુદ્દા લાવીશું.

વિરોધ પક્ષના સંસદસભ્યોના પક્ષાંતર અને વિરોધ પક્ષના વધુ સાંસદો આમ કરશે એવી અટકળોના જવાબમાં સિંહે કહ્યું હતું કે આખા ઈન્ડિયા બ્લોકમાં આ અંગે ચિંતા પ્રવર્તે છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે અગાઉ પક્ષપલટા કાયદાના માળખાની અંદર થતા હતા. આજે એ સુરક્ષા પાસાની ઉપેક્ષા કરવામાં આવે છે. શાસક પક્ષ પાસે પોતાના જોરે બહુમતી નથી આવી ત્યારે વિરોધ પક્ષોને તોડીને બહુમતી મેળવવા માગે છે. આ બંધારણને બિનઅસરકારક બનાવવા જેવું છે.

તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણી બંધારણને બચાવવાના મુદ્દે લડાઈ હતી. આજે કાયદાઓ ઘડીને અને કાર્યવાહી કરીને બંધારણને નબળું પડાય છે.

તેમણે ચૂંટણી પંચની સર કવાયતને નાગરિકના મતાધિકાર પરનો હુમલો ગણાવ્યો હતો. મતાધીકાર એ લોકતાંત્રિક હક્ક છ. જો સાચા મતદાતાઓનાં નામો મતદારયાદીમાંથી હટાવવામાં આવશે તો સરકારો મતદાન વડે નહીં પરંતુ મતદારયાદી વડે બદલવામાં આવશે. એક વાર તમે મતદારયાદી પર કબજો જમાવો તો તમે ચૂંટણી પર કબજો જમાવો છો. જો આવી પ્રણાલી ચાલુ રહેશે તો ભારતની ચૂંટણી ચીન, રશિયા અને ઉત્તર કોરિયા જેવી થઈ જશે. બધા જ મત શાસક પક્ષને મળશે અને આનાથી લોકશાહીનો ભ્રમ ઊભો થશે. (એજન્સી)

### હોર્મુઝને લઈને

અને મુખ્ય વાટાઘાટકાર મોહમ્મદ બાકર ગાલિબાફે રવિવારે લખ્યું હતું કે, એકતરફી સોદાઓનો યુગ પૂરો થઈ ગયો છે. અમે તમને કહ્યું હતું કે તમારી વાત રાખો અથવા કિંમત ચુકવો. વાસ્તવિકતા સામે આવી રહી છે.

યુદ્ધ શરૂ થાય તે પહેલાં તમામ વેપાર કરાયેલા તેલ અને કુદરતી ગેસનો લગભગ પાંચમો ભાગ સ્ટ્રેટમાંથી પસાર થયો હતો. યુદ્ધ દરમિયાન ઈરાનની તેના પર પકડને કારણે વૈશ્વિક ઊર્જા કટોકટી સર્જાઈ હતી.

કતારની સેનાએ કહ્યું કે તેણે આવનારા ઈરાની મિસાઈલને અટકાવી હતી. પડોશી સંયુક્ત આરબ અમીરાતમાં વિસ્ફોટો સંભળાયા હતા. કતારના ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાની હુમલાઓમાં એક બાળક સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા, પરંતુ તેમની સ્થિતિ અંગે વધુ વિગતો આપવામાં આવી નથી. ઓમાની રાજ્ય સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વીય ઓમાનમાં હોર્મુઝ સ્ટ્રેટ પર આવેલા વિસ્તારમાં ડ્રોનથી હુમલો થયો છે. ઈરાને અગાઉ ઓમાન પર હુમલાનો દાવો કર્યો હતો. શનિવારે બંને દેશો વચ્ચે વાટાઘાટો થયા પછી આ હુમલો કરવામાં આવ્યો હતો.

### રામ મંદિરની દાન-ચોરી

રાજીનામું આપ્યું. તેમના રાજીનામાં શા માટે સ્વીકારવામાં આવ્યા. શા માટે સરકાર સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની સ્વતંત્ર તપાસનો વિરોધ કરે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આ ફક્ત નાણાકીય કૌભાંડ નથી પરંતુ આ પોતાના સખત પરિશ્રમ કરીને મહેનતની કમાણી દાન કરનારા લાખો શ્રદ્ધાળુના વિશ્વાસ, આસ્થા અને લાગણી સાથે ગંભીર દગો કરાયો છે. ગિરિ નાણાકીય કૌભાંડ માટે જવાબદાર હોવા છતાં તેઓ જાહેરમાં નિવેદન આપી રહ્યા છે.

કૉંગ્રેસનાં નેતાએ સુપ્રીમ કોર્ટની નિગરાની હેઠળ સ્વતંત્ર અદાલતી તપાસની માગણી કરી હતી. તેમણે હાલના ટ્રસ્ટને વિખેરી તેનું પુનર્ગઠન કરો અને એમાં ધાર્મિક નેતા, વહીવટી નિષ્ણાતો અને સ્વતંત્ર સભ્યોનો સમવેશ કરો એવી માગણી કરી હતી.

કૉંગ્રેસના નેતાએ કહ્યું હતું કે રાય અને મિશ્રાના રાજીનામાં બતાડે છેકે આ બાબત ઘણી ગંભીર છે. આ ફક્ત વહીવટી ચુક નથી. ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવગિરિ આ નાણાકીય ગેરરીતિ માટે જવાબદાર છે અને તેઓ વહીવટી ખામીની વાત કરે છે.

તેમણે કહ્યું હતું કે આમંત્રિત ટ્રસ્ટ મેમ્બર ગોપાલ રાવ (ગોપાલ નાગર ખોટે)ની હાલની ભૂમિકા વિશે હજૂ વિરોધાભાસ છે. તેમણે આરએસએસના કાર્યકર્તા કૃષ્ણમોહનના નવા મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે એનો વિરોધ કર્યો હતો. તેમણે સવાલ કર્યો હતો કે કૃષ્ણમોહને કૌભાંડને દબાવી દેવામાં ભૂમિકા ભજવી હોવા છતાં તેમને મહામંત્રી કેમ બનાવવામાં આવ્યા છે. (એજન્સી)

### ટ્વિશા મરણ કેસ

ઉપયોગ કરવામાં આવેલા જિમ્નેસ્ટિક્સ બેલ્ટમાં રહેલા સ્કિન ટિસ્યુ તેને ગળામાં થયેલી ઈજા સાથે મળતા આવે છે.

ભૂતપૂર્વ મોડેલ-એક્ટ્રેસ ટ્વિશાએ ગયા ડિસેમ્બરમાં વકીલ સમર્થ સિંહ સાથે લગ્ન કર્યા હતા. તે ૧૨ મેએ ભોપાલના તેના સસુરાલના ઘરમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી.

સૂત્રોએ કહ્યું હતું કે સીબીઆઈ આ અહેવાલનો અભ્યાસ કરી રહી છે. એઈમ્સ-ભોપાલે કરેલા પોસ્ટમોર્ટમનો પહેલો અહેવાલ અનિર્ણિત હતો કારણ કે આ ટિસ્યુ મેડિકલ બોર્ડ સમક્ષ રજૂ કરાયા નહોતા.

પોલીસે પછીથી પટ્ટાને જપ્ત કરીને એઈમ્સ-દિલ્હીને તપાસ માટે આપ્યો હતો.

પાંચ સભ્યોના બોર્ડે ૧૧ પાનાનો અહેવાલ મધ્ય પ્રદેશ વડી અદાલતના ફરમાન પ્રમાણે બંધ કવરમાં આપ્યો હતો. આના હુકમ બજાવણીનો અહેવાલ વડી અદલાતના રજિસ્ટ્રાર જનરલને દેવામાં આવ્યો છે. એઈમ્સ-દિલ્હીના ફોરેન્સિક મેડિસિનના વડા ડૉક્ટર સુધીર ગુપ્તાએ કહ્યું હતું કે બોર્ડે તેના તારતમ્ય પર આવતા પહેલાં વૈજ્ઞાનિક સમીક્ષા કરી હતી.

ટ્વિશાના કુટુંબીજનોએ આક્ષેપ કર્યો હતો કે ઓછું દહેજ આપવાથી તેની સાસુ અને પતિ તેનું ઉત્પીડન કરતા હતા. તેની સાસુ અને પતિ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. (એજન્સી)

### લોકપ્રિય પાર્શ્વગાયિકા

ગૂંજતા રહેશે. એક શોક સંદેશમાં સતીસને કહ્યું હતું કે જાનકીના અવાજમાં દરેક માનવીય લાગણી જેમ કે ભક્તિ, પ્રેમ, આનંદ અને દુઃખને અજોડ ઊંડાણ અને સુંદરતા સાથે વ્યક્ત કરવાની અદ્‌ભુત ક્ષમતા હતી. તેમણે કહ્યું કે મલયાલમ તેમની માતૃભાષા ન હોવા છતાં તેમણે આ ભાષામાં રજૂ કરેલું દરેક ગીતમાં દોષરહિત ઉચ્ચારણ અને ઊંડી ભાવનાઓ હતી જેણે મલયાલી લોકોની જિંદગીનો ''અવિભાજ્ય હિસ્સો'' બની ગયું છે.

ભારતીય સિનેમામાં તેમના યોગદાનને યાદ કરતા મુખ્ય પ્રધાને કહ્યું કે જાનકીએ છ દાયકાથી વધુ સમયથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા છે અને સંગીત દિગ્દર્શકોને ઘણીવાર એવું પરફોર્મ મળ્યું જે તેમની અપેક્ષાઓ કરતાં વધુ સારું હતું. તેમણે કહ્યું કે ગાયિકા એક પ્લેબેક કલાકાર કરતાં ઘણી વધારે હતા અને તેમના ગીતોમાં પ્રતિબિંબિત થતી હૂંફ અને સ્નેહ દ્વારા દરેક મલયાલી ઘરના સભ્ય બની ગયા હતા. સતીસને તેણીને પોતાની પ્રિય ગાયિકા ગણાવતા તેણીના ઘણા સદાબહાર મલયાલમ ગીતો યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે જાનકીના ગીતો એક અમૂલ્ય ખજાનો છે જે સમયને પાર કરી ગયો છે અને ભાગ્યે જ કોઈ દિવસ એવો હશે જ્યારે મલયાલીઓ તેણીની ઓછામાં ઓછી એક ધૂન યાદ નહીં રાખે.

જાનકીનું શનિવારે મૈસુરની એક ખાનગી હોસ્પિટલમાં વય-સંબંધિત બીમારીઓને કારણે અવસાન થયું. તેણી ૮૮ વર્ષની હતા. પારિવારિક સૂત્રો અનુસાર, તેઓને શુક્રવારે રાત્રે શ્વાસ લેવામાં તકલીફ પડી અને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમનું નિધન થયું હતું. જાનકીએ ૨૦ થી વધુ ભાષાઓમાં ૪૮,૦૦૦થી વધુ ગીતો રેકોર્ડ કર્યા, જેમાં મુખ્યત્વે કન્નડ, તમિલ, તેલુગુ અને મલયાલમનો સમાવેશ થાય છે.

### બાંગ્લાદેશમાં ભયંકર પૂર

સૌથી વધુ અસરગ્રસ્ત સાત જિલ્લાઓમાં સ્થાનિક માનવતાવાદી એજન્સીઓ સાથે મળીને રાહત કામગીરી હાથ ધરવા માટે નૌકાદળ અને વાયુસેનાના જવાનો સાથે સૈન્ય ટુકડીઓ પણ તહેનાત કરી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે ૫ જુલાઇથી શનિવાર સાંજ સુધીમાં પૂર સંબંધિત ૪૪ મોત સત્તાવાર રીતે નોંધાયા છે. તેમજ અત્યાર સુધીમાં લગભગ ૨,૬૭,૦૦૦ પરિવારો પ્રભાવિત થયા હોવાનું અમારું અનુમાન છે. તેમણે કહ્યું કે ઘણા મૃત્યુ ભૂસ્ખલનને કારણે થયા છે. જ્યારે મોટાભાગના લોકો પૂર અને ઉફાણ પર આવેલી નદીઓમાં ડૂબી અથવા વહી જવાથી મૃત્યુ પામ્યાં છે.

પૂરથી વિસ્થાપિત થયેલા લગભગ ૪૪,૪૫૭ લોકોએ ૧,૧૦૦થી વધુ કામચલાઉ પૂર રાહત શિબિરોમાં આશરો લીધો છે. તેમજ પૂરથી પ્રભાવિત વિસ્તારોમાં અંદાજિત ૨,૬૭,૯૧૮ લોકો ફસાયેલા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મીડિયા અહેવાલ અનુસાર બાંગ્લાદેશ હવામાન વિભાગે રવિવારે મધરાતથી સવારે ૬ વાગ્યા સુધીમાં ૭૬ મિમી વરસાદ નોંધ્યો હતો. સતત વરસાદે શહેરની ડ્રેનેજ સિસ્ટમને બેઅસર કરી દીધી છે. જેના કારણે શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઇ છે અને સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઇ ગયું છે.

### નવા મતદાતાને

જાહેરનામામાં આ ઘોષણા કરવામાં આવી હતી. નવા મતદાતાને ફોર્મ નંબર છ સાથે માતાપિતાની 'સર'ની વિગતો આપવી પડશે.


ચૂંટણી પંચના અધિકારીએ કહ્યું હતું કે આ ડિકલરેશન સૂચના પ્રમાણે દાખલ કરાયું છે અને ફોર્મ નંબર છ બદલવામાં આવ્યું નથી. ચૂંટણી પંચના અધિકારીએ દાવો કર્યો હતો કે આ નવા ડિકલરેશનથી મતદાતાને શોધી કાઢવામાં સુગમતા પડશે અને નવા મતદાતાને અરજી જોડે બહુ દસ્તાવેજો જોડવા નહીં પડે. (એજન્સી)

### ઉત્તરાખંડમાં ભારે વરસાદ

ઇમારતની દીવાલ ધરાશાયી થતાં એક મહિલા ઇજાગ્રસ્ત થઇ હતી. એસઇઓસીએ જણાવ્યું કે સાવચેતીના ભાગરૂપે નજીકમાં રહેતા સાત પરિવારોનું સ્થળાંતર કરી સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા.

સ્યાનાચટ્ટીમાં ભૂસ્ખલન બાદ ઋષિકેશ-યમુનોત્રી નેશનલ હાઇવે છેલ્લા ત્રણ દિવસથી બંધ છે. નેશનલ હાઇવે ઓથોરિટીની ટીમો રસ્તાને પૂર્વવત્ કરવા માટે રાત-દિવસ સમારકામ કરવાનું કામ કરી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું કે અસરગ્રસ્ત વિસ્તારમાંથી કાટમાળ અને વિશાળ પથ્થરો દૂર કરવામાં આવી રહ્યા છે. તેમજ જરૂરી વાહનોની અવરજવર માટે વૈકલ્પિક માર્ગ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે.



મુંબઈને પાણી પૂરું પાડતા બંધોમાં પાણીનો સંગ્રહ અપેક્ષા કરતા ઓછો હોવાથી, વડાલા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં મુખ્ય પાણી પુરવઠા સાથે જોડાયેલા અનધિકૃત પીવાના પાણીની પાઈપોનું નેટવર્ક જોવા મળી રહ્યું છે. આવા ગેરકાયદેસર જોડાણો મોટા પાયે પાણીના લીકેજ અને ચોરી તરફ દોરી શકે છે, જે ફક્ત નિયમિત પાણી પુરવઠાને અસર કરતું નથી પરંતુ પાણી વિતરણ વ્યવસ્થા પર વધારાનો તણાવ પણ પેદા કરે છે. પાણી સંરક્ષણની હાકલ સાથે, આવા અનધિકૃત જોડાણો સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. (અમય ખરાડે)

# કોર્ટે સગીર વિદ્યાર્થિની પર બળાત્કારના કેસમાં ટેનિસ કોચને નિર્દોષ જાહેર કર્યો

થાણે: થાણે કોર્ટે ૧૪ વર્ષની વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજારવા અને તેને ગર્ભવતી બનાવવાના કેસમાં ટેનિસ કોચને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે પીડિતાનું ઘટના પછીનું વર્તન અને ફરિયાદ વિના આરોપી પાસે સતત ટ્રેનિંગ ચાલુ રાખવાથી તેના પ્રત્યે નારાજગી કે ગુસ્સો હોય એવું જણાતું નથી.

કથિત ઘટના બાદ પીડિતાના વર્તનથી તેની જુબાનીની વિશ્ર્વસનીયતા પર શંકા ઊભી થાય છે, એમ વિશેષ જજ (પોક્સો એક્ટ કેસ માટેના) પ્રેમલ એસ. વિઠલાણીએ ૧૦ જુલાઇએ આપેલા આદેશમાં જણાવ્યું હતું. જજે નોંધ્યું હતું કે કોઇ પણ ફરિયાદ નોંધાવ્યા વિના કોચ પાસે ટ્રેનિંગ ચાલુ રાખવાના પીડિતાના નિર્ણયથી તેની જુબાનીની વિશ્ર્વસનીયતા ઓછી થઇ ગઇ છે, જેને કારણે ફક્ત તેના નિવેદન પર આરોપીને દોષી ઠેરવવો અયોગ્ય છે.

કોર્ટે નવી મુંબઈના રહેવાસી એવા ૪૦ વર્ષના આરોપીને ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રલ ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળના તમામ આરોપોમાંથી મુક્ત કર્યો હતો. કોર્ટે મોટી વિસંગતિઓ અને પુરાવાના અભાવનો ઉલ્લેખ કર્યો હતો. તપાસકર્તા પક્ષના જણાવ્યા મુજબ નવમા ધોરણની વિદ્યાર્થિનીએ આક્ષેપ કર્યો હતો કે આરોપીએ ઑગસ્ટ અને સપ્ટેમ્બર, ૨૦૨૩માં થાણેની હાઉસિંગ સોસાયટીમાં ટેનિસ કોર્ટ નજીક બે વખત બળજબરીથી તેની જાતીય સતામણી કરી હતી. ઑક્ટોબર, ૨૦૨૩માં આ ઘટના પ્રકાશમાં આવી હતી, જ્યારે પીડિતાએ પેટમાં દુખાવો થઇ રહ્યો હોવાની ફરિયાદ કરી હતી અને તબીબી તપાસમાં તે સાત સપ્તાહની ગર્ભવતી હોવાનું જાણવા મળ્યું હતું.

કોર્ટે નોંધ્યું હતું કે જાતીય સતામણીની જાણ કેવી રીતે કરવી તે અંગે ઇન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષણ પ્રાપ્ત કરવા છતાં પીડિતાએ સામાન્ય રીતે વાતચીત કરવાનું અને કોચ પાસે ટ્રેનિંગ લેવાનું ચાલુ રાખ્યું હતું. (પીટીઆઇ)■

Shri Vile Parle Kelavani Mandal's
**DWARKADAS J. SANGHVI COLLEGE OF ENGINEERING**
Empowered Autonomous College Affiliated to the University of Mumbai
NAAC Accredited with "A" Grade (CGPA : 3.18)
Plot No. U-15, Juhu Scheme, Bhaktivedanta Swami Marg, Vile Parle (West), Mumbai – 400 056. Tel: +91 022 4233 5000 / 5001
• Website : www.djsce.ac.in • Email: info@djsce.ac.in

**COLLEGE CODE: EN3199**

**NOTIFICATION**

**SUB: ADMISSION TO FIRST YEAR ENGINEERING (B.TECH.) COURSES (A.Y. 2026-27) (INSTITUTE LEVEL SEATS)**

Applications are invited from eligible candidates for admission to First Year Engineering (B.Tech.) in the following programs, to be conducted after the CAP Rounds.

| Sr. No. | Programs | Total Intake | Institute Level Seats (20%) |
| --- | --- | --- | --- |
| 1 | Electronics & Telecommunication Engineering | 180 | 36 |
| 2 | Information Technology | 180 | 36 |
| 3 | Computer Engineering | 180 | 36 |
| 4 | Mechanical Engineering | 180 | 36 |
| 5 | Computer Science and Engineering (Data Science) | 180 | 36 |
| 6 | Artificial Intelligence and Machine Learning | 120 | 24 |
| 7 | Artificial Intelligence (AI) and Data Science | 60 | 12 |
| 8 | Computer Science and Engineering (IOT and Cyber Security with Block Chain Technology) | 60 | 12 |

Eligibility criteria is to be finalised by the Competent Authority, Maharashtra State for admissions to First Year Engineering programs for the academic year 2026-27. The same will be followed by the institute. It is mandatory to get registered, documents verified and confirmation of application done by the Competent Authority, Maharashtra State.

**Note:** All the details regarding the admission process and instructions for filling the application form are being displayed on our website www.djsce.ac.in and the college Notice Board, from time to time.

Please visit the link given on the website and follow the instructions for making the application. A processing fee of ₹ 1,500/- per application (non-refundable) is to be paid through the web portal at the time of making the application.

Principal

# થાણે પાલિકામાં નોકરીને બહાને મહિલા સહિત આઠ લોકો સાથે છેતરપિંડી: ત્રિપુટી સામે ગુનો

થાણે: થાણે મહાનગરપાલિકામાં નોકરી મેળવી આપવાને બહાને ૪૯ વર્ષની મહિલા સહિત આઠ લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર છેલ્લા એક વર્ષ દરમિયાન આ છેતરપિંડી આચરાઇ હતી. આરોપીઓએ થાણે પાલિકામાં નોકરી મેળવી આપવાને બહાને આઠ લોકો પાસેથી ૧૫.૯૫ લાખ રૂપિયા લીધા હતા. જોકે તેમને કોઇ નોકરી મેળવી આપવામાં આવી નહોતી અને પૈસા પણ પાછા કરવામાં આવ્યા નહોતા.

છેતરાયેલા લોકોએ આરોપીઓનો સંપર્ક સાધીને પોતાના રૂપિયા પાછા માગ્યા ત્યારે આરોપીઓએ તેમને ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી.

દરમિયાન મહિલાએ આ પ્રકરણે થાણે નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ૧૦ જુલાઇએ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની પણ ધરપકડ કરાઇ ન હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# એકનાથ ખડસેની દિલ્હી મુલાકાતે ફરી અટકળોનું બજાર ગરમ કર્યું

મુંબઈ: એનસીપી (એસપી) નેતા એકનાથ ખડસેની દિલ્હી મુલાકાતે ફરી એકવાર મહારાષ્ટ્રના રાજકારણમાં હલચલ મચાવી છે.

શનિવારે જાહેર કરાયેલા એક વીડિયોમાં એકનાથ ખડસેએ દિલ્હી મુલાકાતનો સ્વીકાર કરતા દાવો કર્યો હતો કે, અમિત શાહે તેમને ભાજપમાં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું. પણ ભાજપના વરિષ્ઠ નેતાઓએ જણાવ્યું હતું કે તેમને પક્ષમાં લેવામાં આવશે તો સ્થાનિક નેતાઓ તેમને સહકાર નહિ આપે અને તેઓ સુનિશ્ચિત કરશે કે પક્ષ લોકસભાની બેઠક હારી જાય.

તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે ભાજપના મહાસચિવ વિનોદ તાવડેએ રાજ્યના ભૂતપૂર્વ મંત્રી ખડસે સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી, જેનાથી આ વરિષ્ઠ નેતાની ભાજપમાં વાપસી અંગેની અટકળોને વેગ મળ્યો હતો. જોકે ખડસેએ તે માત્ર એક સૌજન્ય મુલાકાત હોવાનું જણાવ્યું હતું. રસપ્રદ રીતે, મમરો મૂકતાં તેઓ બોલ્યા હતાં કે, ''મારા કાર્યકરોને કદાચ ભાજપમાં જોડાવામાં રસ હોઈ શકે.''

દરમિયાન, રાજ્યના પ્રધાન ગિરીશ મહાજને એવા અહેવાલોને ફગાવી દીધા હતા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમણે એકનાથ ખડસેની ભાજપમાં વાપસી અટકાવી હતી. ખડસે શુક્રવારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને પણ 'માતોશ્રી' ખાતે મળ્યા હતાં, જેનાથી તેમની રાજકીય યોજનાઓ અંગે અટકળો શરૂ થઈ છે. (પીટીઆઈ)■

# ભાજપના નેતા વિરુદ્ધ મુલુંડમાં ઓન-ડ્યૂટી પોલીસ કોન્સ્ટેબલની મારપીટનો ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડમાં મોડી રાતે ઓન-ડ્યૂટી પોલીસ કોન્સ્ટેબલની મારપીટ કરવા અને ફરજમાં અવરોધ ઊભો કરવા બદલ પોલીસે ભાજપના ઇશાન મુંબઈના ઉપાધ્યક્ષ કૌશિક પાટીલ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. મુલુંડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એફઆઇઆર અનુસાર પોલીસ કોન્સ્ટેબલ ભાઉસાહેબ ઇંગળે શુક્રવારે રાતે તેના સહકર્મી સાથે નાઇટ પેટ્રોલિંગ પર હતો. મોડી રાતે ૧૨.૫૦ વાગ્યે એલબીએસ માર્ગ પર સ્વપ્ન નગરી ખાતે ટાવર નજીક એકઠા થયેલા જૂથ પર તેમની નજર પડી હતી. તેમણે જન્મદિવસની ઉજવણી કરી રહેલા જૂથને ત્યાંથી જતા રહેવાનું કહ્યું હતું.


ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પાટીલે આ માટે ઇનકાર કર્યો હતો અને કોન્સ્ટેબલ સાથે ગેરવર્તન કરીને તેને કથિત ધમકી આપી હતી. પાટીલે દાવો કર્યો હતો કે તે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરાવી શકે છે અને તેણે પોતાને ભાજપના સાંસદ અને ભાજપ જિલ્લા પ્રમુખનો ભાઇ ગણાવ્યો હતો.

પોલીસે જ્યારે પાટીલને તાબામાં લેવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે ઇંગળેને ધક્કો માર્યો હતો, તેને માર માર્યો હતો, યુનિફોર્મનું ખિસ્સું ફાડી નાખ્યું હતું અને નેમપ્લેટને નુકસાન પહોંચાડ્યું હતું, એવો આક્ષેપ કરાયો હતો.■

# નગરપાલિકાના અધિકારીની મારપીટ: ભાજપના નગરસેવક સામે ગુનો

મુંબઈ: રાયગડ જિલ્લાની મહાડ મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીની તેની જ ઑફિસમાં મારપીટ કરવા બદલ ભાજપના નગરસેવક સહિત ત્રણ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીઓમાં નગરસેવક સૂરજ બામને, રાકેશ પાટીલ અને સાગર સુર્વેનો સમાવેશ થાય છે. પોલીસ ફરિયાદ અનુસાર ચીફ ઑફિસર ધનંજય સદાશિવ કોળેકર બુધવારે નગરપાલિકાની ઈમારતમાં આવેલી તેમની ઑફિસમાં કામમાં વ્યસ્ત હતા ત્યારે ત્રણેય આરોપી ત્યાં આવ્યા હતા. વૉર્ડ સંબંધી સમસ્યાઓ અંગે નગરસેવકે પ્રશ્નો કર્યા હતા, જેને પગલે તેમની વચ્ચે દલીલો થઈ હતી. (પીટીઆઈ)■

## દ્વિતીય પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



**સ્વ. મોહનભાઇ રામજીભાઇ પારેખ**
(અમરેલીવાળા)

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી આપની વિદાય વિસરી શકાય તેમ નથી.
જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભુલાય નહી.
વિદાય એવી લીધી કે મૃત્યુ અમર થઇ ગયુ.
આપે આપેલ (સિચેલ) સંસ્કાર એ અમારી પ્રગતીનો અધાર છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ બક્ષે એવી પ્રભુને પ્રાર્થના.

પ્રેમાળ સ્મૃતીમાં
ગો. વા. મંજુલાબેન મોહનભાઇ પારેખ

પુત્ર: વિજયભાઈ પારેખ, પરેશભાઈ પારેખ
પુત્રવધૂ: અ.સૌ. જયોતીબેન પારેખ, અ.સૌ. મનીષાબેન પારેખ
દિકરી: સ્વ. શોભનાબેન મોહનભાઈ પારેખ
અ.સૌ. રક્ષાબેન સુધીરભાઈ વળીયા
પૌત્ર: ગૌરાંગ પારેખ, રાહુલ પારેખ, રોહન પારેખ
પૌત્રવધૂ: અ.સૌ. ચાર્મી પારેખ, અ.સૌ. અનુશ્રી પારેખ
પપૌત્ર: યુવાન, કહાન, સમય

**સ્વ. મોહનભાઇ પારેખ**
જન્મ : તા.૧૫-૦૨-૧૯૩૬
શ્રીજીચરણ : તા. ૧૩-૦૭-૨૦૨૪

પારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ   || જય નાગનાથ ||   || જય વેરાઈ માતાજી ||

# થાણે શહેરની સિવિલ હૉસ્પિટલમાં ૧.૧૯૬ કિલો વજન ધરાવતા શિશુના દાંત કાઢવામાં આવ્યા

થાણે : મહારાષ્ટ્રના થાણે શહેરની સિવિલ સંચાલિત છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં માત્ર ૧.૧૯૬ કિલો વજન ધરાવતા એક મહિનાના સમય પહેલા જન્મેલા બાળકના ''નેટલ દાંત'' કાઢવા માટે સર્જરી કરવામાં આવી છે, એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી) દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે ૧૦ જુલાઈના રોજ આ સર્જરી કરવામાં આવી હતી, જેનાથી શિશુ માટે ગંભીર સ્વાસ્થ્ય જોખમો દૂર થયા હતા.

બાળકનો જન્મ સમય પહેલા થયો હતો અને તેના જન્મ સમયે દાંત હાજર હોવાનું જાણવા મળ્યું હતું, જે ''નેટલ દાંત'' તરીકે ઓળખાતી તબીબી ઘટના છે. તબીબી નિષ્ણાતોના મતે, આ સ્થિતિ દર ૨,૦૦૦ થી ૩,૫૦૦ જન્મતા બાળકોમાંથી માત્ર એકમાં જોવા મળે છે, જેમાં લગભગ ૮૫ ટકા કિસ્સાઓમાં નીચલા કેન્દ્રીય ઇન્સિઝરનો સમાવેશ થાય છે. તેમાં સમજાવવામાં આવ્યું હતું કે દાંત સ્તનપાનમાં અવરોધ ઊભો કરે છે, શ્વસન માર્ગ (એસ્પિરેશન) માં ખસી જવાનું અને ગળી જવાનું ઉચ્ચ જોખમ ધરાવે છે, અને ગંભીર જીભના ચાંદાનું કારણ બની શકે છે, જેને તબીબી રીતે ''રીગા-ફેડે'' અલ્સર તરીકે ઓળખવામાં આવે છે. ■

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવની નિશ્રામાં દશવૈકાલિક સૂત્ર ભાગ-૨ની વિમોચન વિધિ : રવિવારે

શ્રી પી. એમ. ફાઉન્ડેશન ટ્રસ્ટ પ્રકાશિત એવં પૂ. શ્રી ધીરગુરુદેવ સંપાદિત સાધક જીવન અધિકાર દશવૈકાલિક સૂત્ર ભાગ-૨ અર્ધમાગધી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને ઇંગ્લિશમાં પ્રગટ થશે.

જૈનભવન-પૂનાના ઉપક્રમે ૧૯ જુલાઇ રવિવારના સવારે ૯.૩૦થી ૧૨ કલાકે નંદુભવન ખાત પૂ. ધીરગુરુદેવના સાંનિધ્યે કચ્છ મોટી પક્ષના સાધ્વીજી પૂ. ચંદનાજી મ. સ, પૂ. શિવાનીજી મ. સ.નો ચાતુર્માસ પ્રવેશ સમારોહ મધ્યે દશવૈકાલિક સૂત્ર ભાગ-૨ની વિમોચન વિધિ યોજાયેલ છે. ■

## હિન્દુ મરણ

**કપોળ**

મહુવા નિવાસી સ્વ. મંજુલાબેન દૌલતરાય શેઠના સુપુત્ર ધનેશચંન્દ્ર (ઉં. વ. ૯૦) હાલ વિલેપાર્લે તા. ૧૨.૦૭.૨૦૨૬ના શ્રીજી શરણ પામ્યા છે. ક્રિષ્નાબેનના પતિ. નમ્રતાબેન, અ.સૌ. મીરા શીતલભાઈ શેઠ, પ્રિયેશભાઈના પિતાજી. નિલમબેન મોહનલાલ મોદી, શશીકાંતભાઈ અને નલિનીબેનના ભાઇ. શ્વસુરપક્ષે પોપટલાલ હરગોવિંદદાસ મહેતાના જમાઇ. સ્વ. જ્યોતીન્દ્રભાઈ - હંસાબેન, રજનીભાઈ-સ્વ. સુધાબેન, સ્વ શશીકાંતભાઈ - ગીતાબેન, સ્વ. પ્રદીપભાઈ - હર્ષાબેન, શરદભાઈ - સ્વ. મીતાબેન, સ્વ. હર્ષદાબેન રમેશચંદ્ર સંઘવી, ઉર્વશીબેન દિલીપભાઈ વોરા તથા બીના જીતેન્દ્ર સંઘવીના બનેવી. સમસ્ત લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ જામસલાયા હાલ સાયન મુંબઈ સ્વ.દિલીપ કુમાર ગોરધનદાસ મજીઠીયાના ધર્મપત્ની કંચનબેન મજીઠિયા તા.૧૨-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે.તે ચિ.સમીરના માતુશ્રી. રિદ્ધિના સાસુમા, રાસંગપુર વાળા સ્વ..મથુરાદાસ જેઠાભાઈલાલના દીકરી. તે પ્રવીણભાઈ તથા કિશોરભાઈના મોટા બેન.પ્રાર્થના સભા તેમજ લોકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા દિશાવળ વણિક**

હાથલ નિવાસી હાલ ભાયંદર શ્રી રમેશચંદ્ર ગોવિંદલાલ મેહતા (ઉં. વ. ૭૯)તે દમયંતીબેનના પતિ, જ્યોતિબેન, નિવેશભાઈ તથા ઉદેશભાઈના પિતાશ્રી તથા સ્વ.ભારતીબેન, સ્વ.માલતીબેન, સ્વ.નલીનીબેન, સ્વ.ચંદ્રકાન્તભાઈ, અવિનાશભાઈના મોટાભાઈ તથા ભરતભાઈ, મીનાક્ષીબેન, ભાવનાબેન સીમાબેન, જાગૃતિબેનના સસરા તા.૧૧.૦૭.૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૩/૦૭/૨૦૨૬ ને સોમવાર સાંજે ૫ થી ૭ રાખેલ છે. કપોળ વાડી, ગીતા નગર, ભાયંદર-વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મુળગામ દેવરિયા હાલ મુંબઇ ગં. સ્વ. હંસાબેન (ઉં. વ. ૭૦) તે સ્વ. સુરેશભાઇ મથુરાદાસ ગોકાણીના પત્ની તા. ૧૧-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રતનજી વાલજી રાજના દાકરી. સ્વ. ભાવના દિનેશ કોટેચા, દેવીયીના કિરણ નથવાણી, રેખા રાકેશ નથવાણી, ગીતાના મમ્મી. દેવાંશી, પુષ્ટિ, હેત્વી, હાર્દિના નાની. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

દ્વારકા નિવાસી હાલ મુંબઇ ધીરજ પરષોતમ ધોકાઇ (ઉં. વ. ૭૪) તા. ૧૨-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. ધર્મપત્ની રૂપા. તે પુષ્પાબેનના સુપુત્ર. તેમ જ દિલીપભાઇ, પલુભાઇ, નીરૂબેન તેમ જ કોકીબેનના ભાઇ. અમિત, નિમિત્ત, શિલ્પા અને પૂનમના પિતાશ્રી. તેમ જ સ્વ. બાબુલાલ ભગદેવના જમાઇ. હાલ વડાલા-મુંબઇ, લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બારોઇના અ.સૌ. મીના હરીશ કેનીયા (ઉં. વ. ૬૨) તા. ૧૧-૭-૨૬ના અવસાન પામેલ છે. રતનબેન વાલજીના પુત્રવધુ. હરીશના પત્ની. ચિરાગના માતા. બગડાના અમૃતબેન દામજીના પુત્રી. વડાલાના જેવંતી ધીરજ, ડેપાના ચંદ્રીકા ધીરજ, હેમંતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરીશ કેનીયા, ૩૩, કૈલાસ દર્શન, આંબેડકર રોડ, મુલુંડ (વે) ૮૦.

વાંઢના અ. સૌ.ચંદન (ચંદ્રીકા ) નંદુ (ઉં. વ. ૬૪) તા. ૮-૭ ના અવસાન પામેલ છે. કંકુબેન પ્રેમજીના પુત્રવધૂ. રજનીકાંતના પત્ની. ધવલ, દિશાના માતા. સાકરબાઇ ગોવિંદજીના પુત્રી. મહેન્દ્ર, નરેડી દમયંતી ધિરજ, બિદડા મીના પરેશના બહેન. પ્રા. શ્રી .વ . સ્થા. જૈન શ્રા. સં. કરશન લઘુ નિશર હોલ દાદર ( વે) ટા. ૨ થી ૩.૩૦. નિ. રજનીકાંત નંદુ, સી-૧૧ શ્રીપાલ કોમ્પલેક્ષ, તુલીજ રોડ, નાલાસોપારા (ઇ) ૪૦૧૨૦૯.

છસરાના ભોગીલાલ ભાણજી ગંગર (ઉં. વ. ૭૮) તા. ૧૧-૭-૨ના દેહ પરિવર્તન કરેલ છે. કસ્તુરબેન ભાણજીના સુપુત્ર. ભારતી (ભાનુ)ના પતિ. લાખાપરના મણીબાઈ હીરજી લાલજીના જમાઈ. પ્રા. કાંદિવલી (વે.) શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એસ.વી. રોડ. કાંદિવલી (વે.). ટા. ૪ થી ૫.૩૦.

મેરાઉના પ્રકાશ ગાલા (ઉં. વ.૬૦) તા. ૧૦-૭-૨૦૨૬ના અવસાન પામેલ છે. પ્રભાવતી શાંતિલાલ ગાલાના પુત્ર. સાગર, ફોરમના પિતા. સમાઘોઘાના દક્ષા રોહિત વોરા, બિદડાના ચંદન મનોજ શાહ અને રાજેશ શાંતિલાલ ગાલાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : સાગર ગાલા ૩૦૧, ચિત્રકુટ કો. સોસાયટી, રાવલ પાડા, દહિસર (ઈસ્ટ), મું. ૬૮.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ ગોરેગાવ સુધાબેન (ઉં. વ. ૮૦) તે અરવિંદભાઇ કાંતિલાલ ગાંધીના ધર્મપત્ની તા. ૧૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અમિષના માતુશ્રી. પ્રિયંકાના સાસુ. વિનોદભાઇ-જ્યોતિબેન, કીરીટભાઇ-ઉષાબેન, હિતેશભાઇ-નીતાબેન, વીણાબેન શશીકાંતભાઇ શેઠ, સુરેખાબેન વિનોદભાઇ શાહ, મીનાબેન સુરેશકુમાર શેઠના ભાભી. સ્વ. શારદાબેન કનૈયાલાલ મણિયારના સુપુત્રી. અશ્વિનભાઇ અને મુકેશભાઇના બહેન. સાદડી ગુરુવાર તા. ૧૬-૭-૨૬ના સાંજે ૭થી ૮.૩૦. ઠે. કલબ હાઉસ, મહિન્દ્રા એમિનેટ, એસ.વી.રોડ, પાટકર કોલેજની પાસે, ગોરેગાંવ (વેસ્ટ).


## ક્લાસિફાઈડ

**૧૦. મહિલાઓ માટે**

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૮૧૪)

**૧૨. યાત્રા સહેલગાહ**

**શ્રી યમુના**
ઉજ્જૈન - ઈંદોર - હૈદરાબાદ -શ્રીનાથજી - જયપુર - ખાટુશ્યામ - ચંપારણ - પુરી - ગંગાસાગર - પાંચ જ્યોતિર્લિંગ - ચારધામ - 9892377559. (૫૪૮-બી)

**૧૪. નોકરી ખાલી છે**

**પ્યુન**
**ફોર્ટ વિસ્તારમાં એક રેપ્યુટેડ બિલ્ડરની ઓફિસમાં જરૂરત છે. સંપર્ક ૮૮૨૮૮૬૯૯૯૮. (બી-૧૭૮૪૩)**

**૧૭. જગ્યા આપવી છે**

**બોરીવલી વેસ્ટ**
**TPS રોડમાં 1 બેડરૂમના 400' અંડર કન્સ્ટ્રકશન 1.20 કરોડમાં તરત વેચવાના છે. કેતનભાઈ: 91378 69496. (૧૨૧૧-એ)**

**હિરાપન્ના**
હાજીઅલી- 3 BHK- ભાડેથી વરલી, સ્ટર્લીંગ એપાર્ટમેન્ટસ સી/ સીટી વ્યુ, ૧.૫ BHK બ્રીચકેન્ડી હોસ્પિટલ પાસે, 'રૂપાણી એસ્ટેટ' 96197 75855/ 98203 72950. (બી-૧૭૮૨૮)

**૨૦. ધંધાદારી જગ્યા**

**બુમરેંગ ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ)**
**3100, 3856 બિલ્ટઅપ, ફૂલી ફર્નીશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાં: 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૨૧૧-બી)**

**બુમરેંગ ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ)**
**4729 બિલ્ટઅપ, ફૂલી ફર્નીશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાં: 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૨૧૧-સી)**

**માનસ રેસીડેન્સી**
**તીન હાત પેટ્રોલ પંપ થાણે વેસ્ટમાં 2800 કાર્પેટ ઓફિસ (ભાડેઃ 150/-, વેચાણમાં: 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૨૧૧-ડી)**

**૨૩. મનોરંજન**

**નાટક - મ્યુઝિકલ**
પિક્ચર - સોશ્યલ 16 ગ્રુપોઃ મુંબઈ, પાર્લા - મલાડ - બોરીવલીમાં: ફ્રીમાં મેમ્બરશીપ - 9322279451. (૧૨૩૧-એ)

**૩૩. ધંધાદારી**

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**PREMIUM**
૧૯૮૩થી વિશ્વાસુ- વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD- 8169473531/ 9869781781. (બી-૧૭૭૭૯)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૨૨૧-એ)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૨૦૪-સી)

**૫૨. કુરીઅર્સ**

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)


# રામ મંદિર દાન વિવાદઃ ટ્રોલર્સને અનુપમ ખેરે આપ્યો જવાબ, લોકોએ ઝાટકણી કાઢી

મુંબઈઃ અયોધ્યા રામ મંદિરના દાનની ચોરીના મામલા પર આપવામાં આવેલા નિવેદન બાદ બોલિવૂડ અભિનેતા અનુપમ ખેર સોશ્યલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યા છે. તેમના નિવેદન પર કેટલાક લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી, પરંતુ હવે અભિનેતા કોઈનું નામ લીધા વગર એક પછી એક પોસ્ટ શેર કરી ટીકાકારોને જવાબ આપ્યો હતો.

હાલમાં જ એક ઇન્ટરવ્યૂની વાતચીત દરમિયાન અનુપમ ખેરે કહ્યું હતું કે રામ મંદિર દાન ચોરીનો મામલો 'નાની વાત છે'. અનુપમ ખેરના મતે ઇતિહાસમાં મંદિરોને તોડવામાં આવ્યાં હતાં, લૂંટવામાં આવ્યા અને હિંદુઓ પર થયેલા અત્યાચારો આનાથી મોટા મુદ્દા છે. અનુપમ ખેરના જણાવ્યા મુજબ મંદિરોમાં લૂંટ ત્યારે થઈ હતી, જ્યારે મુઘલોએ આપણા મંદિર તોડ્યા હતા, બ્રાહ્મણોની હત્યા કરી, જ્યારે મંદિરોના પૈસા લૂંટી લેવામાં આવ્યા અને મહિલાઓ સાથે અત્યાચારો થયા તે મોટી વાત હતી. જો આપણે એ દુઃખમાંથી પસાર થઈ શકીએ તો આ તો ખૂબ નાની વાત છે. આ નિવેદન પછી સોશ્યલ મીડિયામાં તેમની પ્રતિક્રિયા અંગે લોકોએ તેમની ઝાટકણી કાઢી હતી.

હવે ટ્રોલિંગ વચ્ચે અનુપમ ખેરે પોતાના ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક મેસેજ શેર કર્યો હતો, જેમાં તેણે લખ્યું હતું, ઈમાનદાર માણસની સૌથી મોટી સંપત્તિ તેની નીડરતા હોય છે. જેના મનમાં ચોર નથી, તેની ક્યારેય નજર ઝૂકતી નથી. આ પોસ્ટને લોકો ટ્રોલર્સને આપવામાં આવેલો તેમનો સીધો જવાબ માની રહ્યા છે.

એટલું જ નહીં, ત્યાર બાદ અનુપમ ખેરે અન્ય બીજી એક લાંબી પોસ્ટ શેર કરી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે 'લોકપ્રિય થવું સારું લાગે છે. પરંતુ દરેકની પસંદગીના વ્યક્તિ બની રહેવાનો પ્રયાસ આપણને પોતાનાથી દૂર કરી દે છે. મેં શીખ્યું છે કે સૌથી મહત્ત્વનું છે કે પોતાની નજરોમાં સારું વ્યક્તિ બની રહેવું. બાકી દુનિયાના મતો સમય સાથે બદલતા રહે છે. તમારી દુનિયામાં કેટલા લોકો છે, જેના મતો હકીકતમાં મહત્ત્વના છે. ક્યારેક એ સંદર્ભમાં વિચારજો. દુનિયામાં લોકપ્રિય બનવાની કોશિશ કરશો નહીં, તે જરૂરી પણ નથી અને યોગ્ય પણ નથી, જય હો'.

અનુપમ ખેરે આ પોસ્ટમાં કોઈનું નામ લીધું નહોતું, પણ સોશ્યલ મીડિયા પર તેમના ટીકાકારોને આપેલા જવાબ માનવામાં આવી રહ્યા છે. ચાહકો પણ આ પોસ્ટ પર જુદી જુદી પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે.

અમુક લોકો અભિનેતાને સાથ આપી રહ્યા છે, તો કેટલાક યુઝર્સનું માનવું છે કે આ પોસ્ટ હાલના વિવાદ બાદ થયેલી ટીકાઓનો જવાબ છે. બીજી તરફ કેટલાક આ પોસ્ટ પર નિરાશા વ્યક્ત કરતા કહી રહ્યા છે કે અનુપમ ખેરથી આવા નિવેદનની આશા નહોતી.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો અનુપમ ખેર ટૂંક સમયમાં 'ખોસલા કે ઘોસલા ૨'માં જોવા મળશે. તેઓ અયોધ્યા મંદિર પર બનનારી ફિલ્મમાં પણ કામ કરી રહ્યા છે. જોકે, હાલમાં તેમની ફિલ્મો કરતા વધુ તેમના નિવેદનના કારણે તેઓ સોશ્યલ મીડિયા પોસ્ટની ચર્ચાનો વિષય બન્યા છે. ■

છેલ્લા પાનાનું ચાલુ

## અઠવાડિયા બાદ

મુંબઈમાં અલગ અલગ સ્થળોએ હળવો વરસાદ થવાની શક્યતા છે.ભારે વરસાદ પછી શહેરમાં વાર્ષિક વરસાદના ૬૦ ટકાથી વધુ વરસાદ પડ્યો હતો. મુંબઈમાં સત્તાવાર રીતે ૧૦થી ૧૧ જૂનની આસપાસ ચોમાસાનું આગમન થતું હોય છે પણ આ વર્ષે ચોમાસુ લગભગ બે અઠવાડિયા મોડું પહોંચ્યું હતું. એ બાદ મુંબઈમાં જુલાઈના પહેલા અઠવાડિયામાં ભારે વરસાદ પડ્યો.

શહેરમાં તેના વાર્ષિક સરેરાશ ૨,૨૦૭ મિ.મી. વરસાદના ૬૧.૫ ટકા વરસાદ થઈ ચૂક્યો છે. તો કોલાબા વેધશાળાએ આ ચોમાસામાં અત્યાર સુધીમાં ૧,૩૮૭ મિ.મી. વરસાદ નોંધ્યો છે, જ્યારે સાંતાક્રુઝ વેધશાળાએ ૧,૫૬૪ મિ.મી. વરસાદ નોંધાવ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં આ પ્રદેશમાં વરસાદ લાવે એવી કોઈ સિસ્ટમ સક્રિય નથી અને આગામી અઠવાડિયા દરમ્યાન વરસાદની ગતિવિધિ ઓછી રહેવાની ધારણા છે. આગામી સાત દિવસોમાં મહારાષ્ટ્રમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની શક્યતા છે, વિદર્ભ સિવાય કોઈપણ પ્રદેશ માટે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી નથી. આ દરમ્યાન વરસાદની ગેરહાજરીમાં મુંબઈમાં ગરમી અને ઉકળાટ વધી ગયો છે. રવિવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૨ ડિગ્રી અને લઘુતમ ૨૭.૭ ડિગ્રી તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી અને લઘુતમ ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું. ■

## પાયધુનીમાં

હતી અને તેની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર પાયધુની વિસ્તારમાં આવેલી ઇમારતમાં રહેનારી બાળકી સાથે રેસ્ટરૂમમાં દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ઘટના પ્રકાશમાં આવ્યા બાદ બાળકીના પરિવારે પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની જાણ થયા બાદ લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો અને તેઓ મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન બહાર એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર કર્યો હતો તથા આરોપીને આકરી સજાની માગણી કરી હતી. રોષે ભરાયેલા લોકોએ પોલીસ સ્ટેશનની બહારનો રસ્તો બ્લોક કરી દીધો હતો, જેને કારણે થોડા સમય માટે વાહનવ્યવહારને અસર થઇ હતી. પોલીસે વધારાનો બંદોબસ્ત ગોઠવ્યા બાદ લોકોને સમજાવ્યા હતા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. દરમિયાન ઘટનાની જાણ થતાં રાજ્યના સ્પીકર રાહુલ નાર્વેકર પાયધુની પોલીસ સ્ટેશનમાં આવ્યા ત્યારે લોકોએ તેમનો ઘેરાવ કર્યો હતો અને આરોપી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ■

## જે. જે. મહાનગર

'માયા બ્લડ' બેંકને ૫૦ બિનપરીક્ષણ કરાયેલ બ્લડ બેગ મોકલી હતી. બ્લડ બેંકનો દાવો છે કે તેણે કેમ્પ આયોજકોની સૂચના પર આવું કર્યું હતું. જોકે સરકારી બ્લડ બેંકની કાયદાકીય જવાબદારી ઓછી થતી નથી. લોહીનો સ્ટોક, બેચ-વાઇઝ રેકોર્ડ, ટ્રેસેબિલિટી અને દસ્તાવેજીકરણ સંબંધિત નિયમોનું પાલન કરવું જરૂરી છે. તપાસ બાદ જોવા મળેલી ભૂલો માટે સંતોષકારક સ્પષ્ટીકરણ જણાતું નથી. તેથી એફડીએ સ્પષ્ટતા કરી છે કે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમ ૧૯૪૫ ના નિયમ ૧૨૨ પી (૧)(બ) અને અનુસૂચી એફ ભાગ એક્સાઈઆઈ-બીમાંની સંબંધિત જોગવાઈઓનું ઉલ્લંઘન છે. તેથી તેણે તેમનું લાઈસન્સ રદ કર્યું હતું. ■

## ચર્ની રોડ સ્ટેશન

દ્વારા સમયસર બ્રેક મારવાથી મોટી હોનારત ટાળી દીધી છે જે અંગે લોકોએ મોટરમેનની પણ પ્રશંસા કરી હતી. પ્રાથમિક માહિતી અંગે પશ્ચિમ રેલવેએ નોંધ લઈને તપાસ હાથ ધરવામાં આવી છે, જ્યારે સંબંધિત લોકો સામે એક્શન લેવા અંગે પણ ખાતરી આપવામાં આવી હતી. આમ છતાં હાલના તબક્કે તપાસ હાથ ધરવામાં આવી છે, એમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. અહીં એ જણાવવાનું કે મધ્ય રેલવેમાં પણ સીએસએમટી સ્ટેશન ખાતે પણ એક જ પાટા પર બે લોકલ ટ્રેન આવી ગઈ હતી, જેમાં સિગ્નલ નિર્દેશ આપવામાં ભૂલ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. ■

## તાજ મહેલ હોટેલને

હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ હવે કૉલ કરનારી વ્યક્તિની શોધ ચલાવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલતમાં મુંબઈ પોલીસ કન્ટ્રોલ રૂમને કૉલ આવ્યો હતો, જેમાં દિલ્હીના લાલ કિલ્લાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. મુંબઈ પોલીસને દિલ્હી પોલીસને આની જાણકારી આપી હતી અને દિલ્હી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવ્યા બાદ બોમ્બની ધમકી અફવા નીકળી હતી. ■

## પુત્રવધૂને

સંબંધ જાળવી શકતો ન હોવા છતાં તેનાં લગ્ન ડિસેમ્બર, ૨૦૧૭માં ગિરિજા સાથે કરવામાં આવ્યાં હતાં.

ગિરિજાએ આક્ષેપ કર્યો હતો કે ઓસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેન્ડ, કેનિયા અને થાઇલેન્ડમાં ફરવા માટે ગયા ત્યારે શારીરિક સંબંધ નહીં રાખવા માટે પ્રશ્ન પુછાતાં ગિતેશે ગાળાગાળી અને મારપીટ કરી હતી. તેને એમ કહેવામાં આવ્યું હતું કે બહારી અવરોધો તેમના માર્ગને અવરોધી રહ્યા છે.

તેણે જણાવ્યું હતું કે બે સ્વઘોષિત ગૉડમૅન સહિત અનેક લોકોએ અવરોધ દૂર કરવાને નામે વિવિધ અભદ્ર કૃતિઓ કરી હતી. તેણે દાવો કર્યો હતો કે સાસુએ માસિક અટકાવવા માટે બળજબરીથી ગોળીઓ ખવડાવી હતી, જેનાથી પોતાના સ્વાસ્થ્યને તીવ્ર અસર થઇ છે. નિષ્ણાતોએ ઘરેલું ગર્ભાધાનનું સૂચન કરવાને બદલે યોગ્ય ઉપચાર નકારીને તબીબી બેદરકારીને આધીન કરાવી હતી, એવો આરોપ ફરિયાદમાં કરાયો હતો.

દરમિયાન તમામ આરોપ નકારતાં રાઉતે જણાવ્યું હતું કે ગિતેશ અને ગિરિજા વચ્ચે છૂટાછેડાની કાર્યવાહી ચાલી રહી છે. બે પાર્ટીઓના વકીલો વચ્ચે વાટાઘાટ ચાલી રહી છે. ગિરિજાએ ટેરેસ સાથેનો ત્રણ બીએચકે ફ્લેટ, ઓટોમેટિક કાર તેમ જ માસિક બે લાખ રૂપિયા ભરણપોષણ અને પતાવટની રકમ તરીકે પાંચ કરોડ રૂપિયાની માગણી કરી છે. અમે કોઇ પણ માગણી સ્વીકારી નથી, એમ રાઉતે કહ્યું હતું.

રાઉતે વધુમાં કહ્યું હતું કે ગિરિજાએ સતામણીની નવી નોટિસ મોકલી છે, જેમાં માસિક પાંચ લાખ રૂપિયા ભરણપોષણ, ૧૦ કરોડ રૂપિયા અને ભાવનાત્મક આઘાત માટે બે કરોડ રૂપિયાની માગણી કરી છે. અમે તેના પર કોઇ જાદુટોણા કર્યો નથી. તમામ આરોપ ખોટા છે અન મને અને મારા પરિવાર પર દબાણ લાવવા માટે તે કરાયા છે, એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## મૃત્યુઆંક

બિલ્ડિંગની અંદર ૨૨ અને બહાર કચરાના ઢગલા નીચે કુલ ૨૩ લોકો ફસાયા હતા. દુર્ઘટના બાદ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરીમાં ઇમારતથી પાંચ લોકો પોતાની રીતે સુરક્ષિત બહાર નીકળી ગયા હતા. બીજી તરફ એ જ દિવસે ૯ અન્ય લોકોને રેસ્ક્યુ ટીમ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા.

ત્યાર બાદ બાકી બચેલા લોકોની તપાસ માટે ભારતીય સેનાએ, એનડીઆરએફ, પીમ્પરી-ચિંચવડ મહાનગરપાલિકા, પીએમઆરડીએ અગ્નિશમન દળ અને પોલીસ વિભાગે સંયુક્ત રીતે અભિયાન શરૂ રાખ્યું હતું. નવમી જુલાઈના કચરાના કાટમાળમાંથી ભાવેશ વાણી નામના યુવાનને બહાર કાઢવામાં આવ્યો, પરંતુ હૉસ્પિટલ પહોંચતા જ ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

આ ક્ષતિગ્રસ્ત ઇમારત વધુ નબળી અને અસ્થિર હોવાના કારણે બચાવકાર્યમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. કાટમાળ હટાવવા માટે ૧૨ પોકલે મશીન, જેસીબી અને ડમ્પરોની મદદ લેવામાં આવી હતી. ત્યાર બાદ ઇમારતના જોખમી ભાગને હટાવવા માટે બે અત્યાધુનિક ડિમોલિશન એક્સકેવેટર મશીન ઘટનાસ્થળે લાવવામાં આવી હતી.

એનડીઆરએફના ટેક્નિકલ માર્ગદર્શનમાં ઇમારતના અસ્થિર ભાગને નિયંત્રિત રીતે હટાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ લોકો સુધી પહોંચવામાં સફળતા મળી હતી. મૃતકની ઓળખ કરવામાં આવી છે, જેમાં શનિવારે સર્ચ ઓપરેશનમાં અક્ષય સાવંત (૩૫), સુનિલ કોરકે (૪૦), સન્ની માને (૩૯), મહેશ કુંભાર (૩૩), મંગેશ ગાયકવાડ (૨૬), રણજિત પાટીલ (૨૨) અને રાહુલ ગાયકવાડ (૩૫)ના મૃતદેહો મળ્યા હતા.

આ દરેક વ્યક્તિને પિંપરીની વાઈસીએમ હૉસ્પિટલ લઇ જવામાં આવ્યા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. હાલમાં ઇમારત પાસે કચરાના ઢગલામાં દબાયેલા અન્ય વ્યક્તિની તપાસ ચાલુ છે. પ્રશાસને જણાવ્યું હતું કે જ્યાં સુધી અંતિમ વ્યક્તિને બહાર કાઢવામાં આવશે નહીં ત્યાં સુધી રાહતબચાવ કામગીરી ચાલુ રાખવામાં આવશે.

બિલ્ડિંગના ફક્ત ગ્રાઉન્ડ ફ્લોર પાસે કંપ્લિશન સર્ટિફિકેટ છે, તો પહેલા અને બીજો માળ કેવી રીતે બન્યા? કોઈની પરવાનગીથી તેને ઉપયોગમાં લેવામાં આવ્યા? પર્યાવરણ વિભાગના અધિકારીઓની કે સંબંધિત કોન્ટ્રાકટરની, કોની ભૂલ છે?

એક ઉપર એક કચરાના ઢગલા લાગ્યા હતા, જેણે નગરનિગમના અધિકારીઓને નજરઅંદાજ કર્યા? એવા દરેક લોકો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહીની આશા છે, પરંતુ શું તપાસ કમિટીમાં કોઈને દોષી માનવામાં આવશે? કે પછી તપાસ ફક્ત એક દેખાડો બની રહેશે કે કેમ એના અંગે ગંભીર સવાલો ઊઠાવવામાં આવ્યા છે. ■

## મહારાષ્ટ્રને રેલવે

મંજૂરી આપવામાં આવી છે અને આગામી ત્રણ વર્ષમાં મહારેલ દ્વારા સમગ્ર કાર્ય પૂર્ણ કરવામાં આવશે. રેલવે પ્રોજેક્ટ સંબંધિત બાંધકામ માટે મહારેલ દ્વારા સ્થાપિત મૂળભૂત માળખાકીય સુવિધાઓના વિકાસને મંજૂરી મળી છે.

નાગપુર અને મુંબઈમાં અત્યંત મુશ્કેલ પુલના નિર્માણનું આયોજિત કાર્ય ઝડપી ગતિએ પૂર્ણ થઈ રહ્યું છે. મહારેલે નવીનતમ ટેકનોલોજી અપનાવી છે અને તેના માટે પેટન્ટ પણ મેળવી છે. ફડણવીસે પોતાના ભાષણમાં ખર્ચ ઘટાડવા, દરજજો જાળવવા, સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં અને કામ પૂર્ણ કરવા પર ગર્વ વ્યક્ત કર્યો.

શહેર અને રસ્તાઓના વિકાસ માટે મોટા પાયે માળખાકીય સુવિધાઓ પર કામ શરૂ થવાને કારણે નાગપુરને ઔદ્યોગિક વિકાસને વેગ મળ્યો છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ છે અને મોટા પાયે રોજગારીનું સર્જન થાય છે. તેથી, ફડણવીસે જણાવ્યું હતું કે સામાજિક અને આર્થિક વિકાસ થઈ રહ્યો છે. તેમણે આ સમયે કહ્યું હતું કે ભગવાન સંભાનાથ ચોકને ડેપ્યુટી સિગ્નલ રોડ અથવા રેલવે ઓવર બ્રિજલા માજી દ્વારા બોટ આપવામાં આવી રહી છે.

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જાહેરાત કરી છે કે શહેરમાં માળખાગત સુવિધાઓના વિકાસની સાથે, પારડી ખાતે એક આધુનિક શાકભાજી બજાર અને એક સ્પોર્ટ્સ ક્લબ બનાવવામાં આવશે અને ઉદ્યોગપતિઓ માટે ફ્લાઇંગ બ્રિજ પણ બનાવવામાં આવશે, અથવા રૂ. ૧૫૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ માટે એનએચઆઈ દ્વારા રૂ. ૪૦ કરોડનું ભંડોળ પૂરું પાડવામાં આવશે. પૂર્વ નાગપુર વિસ્તારમાં મોટા પાયે શૈક્ષણિક સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે અને કચરામાંથી ઈંધણ ઉત્પાદનનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. મહારેલ દ્વારા મુખ્ય માળખાગત કાર્યો શરૂ કરવામાં આવ્યા છે અને તે ખૂબ જ ઝડપી ગતિએ પૂર્ણ થઈ રહ્યા છે. નાગપુરને મેટ્રો પ્રોજેક્ટ પર ગર્વ થશે, એમ તેમણે આ સમયે જણાવ્યું હતું.

આ સમયે, ધારાસભ્ય કૃષ્ણ ખોપડેએ વિવિધ વિકાસ કાર્યો વિશે માહિતી આપી હતી. મહારેલના જનરલ એડમિનિસ્ટ્રેટર રાજેશ કુમાર જયસ્વાલે રાજ્યમાં મહારેલ દ્વારા શરૂ કરવામાં આવી રહેલા વિવિધ પ્રોજેક્ટ્સ વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આમાં અમરાવતી, સતારા, નાસિક, સાંગલી, નાગપુર, ચંદ્રપુર જિલ્લામાં ત્રણ રોડ ઓવર બ્રિજ, ચાર સબવે અને એક રોડ અંડરબ્રિજ અથવા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. અથવા પ્રોજેક્ટ પર ખર્ચ કરાયેલ રૂ. ૪૮૪ કરોડ, ઝાલા અને નાગપુર ખાતેના બંને પ્રોજેક્ટ્સ સેન્ટ્રલ રોડ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ હેઠળ પૂર્ણ થયા છે. રેલવે મંત્રાલય અને મહારાષ્ટ્ર સરકાર વચ્ચે ૫૦:૫૦ શેરિંગ ધોરણે સાત પ્રોજેક્ટ્સ પૂર્ણ થઈ રહ્યા છે. ■

## ઘાટકોપરના

સમાવેશ થાય છે.

અધિકારીઓને ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પમ્પિંગ સ્ટેશન પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પાલિકા પ્રશાસને જણાવ્યું હતું કે નવા એસટીપીથી ઘાટકોપર, ગોવંડી, માનખુર્દ અને ચેમ્બુરના રહેવાસીઓને લાભ થશે. સાથે જ દરિયાના પાણીની ગુણવત્તા તો સુધરશે પણ સાથે જ સાગરી જીવનમાં પણ સુધારણા થાય તેવી અપેક્ષા છે. જોકે આ પ્રોજેક્ટ નોંધપાત્ર એન્જિનિયરિંગ પડકારો ઊભા કરે છે કારણ કે નવી સુવિધાના નિર્માણ દરમિયાન હાલનો સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત રહેવો જરૂરી છે. નવો પ્લાન્ટ કાર્યરત થાય તે પહેલાં હાલના શુદ્ધિકરણ તળાવોમાં જમા થયેલા કાદવને દૂર કરવો, શુદ્ધિકરણ કરવું અને વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવો પડશે. પ્રોજેક્ટ સ્થળ ખાડી, જંગલની જમીન અને પર્યાવરણને સંવેદનશીલ થાણે ક્રીક ફ્લેમિંગો અભયારણ્યથી પણ ઘેરાયેલું છે, જેના માટે કાળજીપૂર્વક અમલીકરણની જરૂર છે.

આ પ્રોજેક્ટ માટેનો કોન્ટ્રાક્ટ મે ૨૦૨૨ માં જીવીપીઆર એન્જિનિયર્સ લિમિટેડને આપવામાં આવ્યો હતો, જેનું કામ તે વર્ષે જુલાઈમાં શરૂ થયું હતું. આ પ્રોજેક્ટનો બાંધકામ સમયગાળો ચાર વર્ષનો છે અને ત્યારબાદ ૧૫ વર્ષનો સંચાલન અને જાળવણીનો સમયગાળો છે. હાલનો ઘાટકોપર પ્લાન્ટ ગંદા પાણીને ખાડીમાં છોડતા પહેલા ફક્ત પ્રાથમિક સ્તરની સ્ક્રીનીંગ અને ડિગ્રિટીંગ - પૂરી પાડે છે. નવી સુવિધામાં ૩૩૭ એલએલડી ગંદા પાણી પર દ્વિતીય સ્તરની પ્રક્રિયા કરી શકાશે, જેમાં લગભગ અડધા માટે તૃતીય પ્રક્રિયા કરવામાં આવશે, જે મુંબઈના પર્યાવરણીય રક્ષણ માટે ઉપયોગી સાબિત થશે. ■




BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations: +91 98199 57598 | +91 90049 95154

# કેન્દ્રીય પ્રધાન અમિત શાહની ઉપસ્થિતિમાં એક જ દિવસમાં અંદાજે ૧.૨૫ કરોડ વૃક્ષોનું વાવેતર

## અમદાવાદ મનપાના ₹ ૪૦૫ કરોડનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'મિશન ફાઈવ મિલિયન ટ્રી' અંતર્ગત અંદાજે ૧.૨૫ કરોડ વૃક્ષોનું સામૂહિક વૃક્ષારોપણ તેમજ એએમસી, ઔડા તથા માર્ગ અને મકાન વિભાગના મળીને અંદાજિત રૂ. ૪૦૫ કરોડનાં વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

સાયન્સ સિટી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ ૧૦૧ ઑક્સિજન પાર્ક તથા ૧૫૫ એસી ઈલેક્ટ્રિક બીઆરટીએસ-એએમટીએસ બસનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર અને અમદાવાદ શહેરમાં પર્યાવરણના સંરક્ષણ અને પૃથ્વીના સંવર્ધન માટે એક અભૂતપૂર્વ 'જન અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આજે એક જ દિવસમાં ૧,૨૫,૯૩,૫૧૩ વૃક્ષો રોપવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરીને એક નવો વિક્રમ સ્થાપવાની નેમ વ્યક્ત કરી હતી. આ સાથે જ અમદાવાદના ત્રણેય લોકસભા વિસ્તારોમાં અલગથી ૫૦ લાખ વૃક્ષો વાવવાનું મહત્ત્વાકાંક્ષી અભિયાન પણ તેજ ગતિએ ચાલી રહ્યું છે જેના માટે તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરીની સરાહના કરી, માત્ર ત્રણ મહિનામાં અશક્ય લાગતી આ કામગીરી પૂર્ણ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. શાહે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ગ્રીનરીનું પ્રમાણ ૧૧.૨૩ ટકાથી વધારીને ૨૦ ટકા કરવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. વાયુ પ્રદૂષણ ઘટાડવા અને કાર્બન ઉત્સર્જન રોકવા માટે નવી ૮૦ બીઆરટીએસની અને ૭૫ એએમટીએસની ઇલેક્ટ્રિક બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ■

# સુરતમાં પૂર રાહત સહાય માટે તાત્કાલિક સર્વેની કામગીરી તેજ: વધુ ૬૫ ટીમ મેદાનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરમાં થયેલા ભારે વરસાદ અને ખાડીપૂરના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં માનવ મૃત્યુ, ઇજા તેમજ રહેણાક મકાનો અને ઘરવખરી સહિતની સ્થાવર-જંગમ મિલકતોને થયેલા નુકસાનનો ઝડપથી સર્વે પૂર્ણ કરી પાત્ર લાભાર્થીઓને કેશડોલ્સ, ઘરવખરી સહિતની રાહત સહાય સમયસર મળી રહે તે માટે સર્વેની કામગીરીને વધુ વેગ આપવામાં આવ્યો છે.

આ હેતુસર રાજ્ય વેરા વિભાગના ૧૩ અધિકારીઓ તથા તેમના સ્ટાફને જોડીને કુલ ૬૫ નવી ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમોમાં સમાવિષ્ટ ૩૩૮ અધિકારી-કર્મચારીઓને તાત્કાલિક અસરથી ફીલ્ડમાં જઈ અસરગ્રસ્ત વિસ્તારોનો સર્વે શરૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

આ તમામ ટીમો સૌથી વધુ અસરગ્રસ્ત એવા શહેરના ઉધના અને મજુરા વિસ્તારના સર્વેની કામગીરી સોંપવામાં આવી છે. જરૂરિયાત મુજબ આગામી દિવસોમાં વધુ અધિકારીઓ અને કર્મચારીઓની ફાળવણી પણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે જિલ્લા કલેક્ટરના અગાઉના આદેશ મુજબ ૫૦થી વધુ ટીમોના આશરે ૨૫૦ અધિકારી-કર્મચારીઓ પહેલેથી જ મેદાનમાં રહી પૂરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરી પુરજોશમાં કરી રહ્યા છે. હવે નવી ટીમોના ઉમેરાથી રાહત સહાયની પ્રક્રિયામાં વધુ ઝડપ આવશે અને અસરગ્રસ્ત નાગરિકોને સમયસર સહાય પહોંચાડવાનું કામ વધુ અસરકારક બનશે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# ભાવનગરના બુધેલ ગામમાંથી ₹ ૪.30 કરોડનું એમ્બરગ્રીસ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાતમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી કડક ઝુંબેશ અંતર્ગત સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને એક મોટી સફળતા મળી છે. ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બુધેલ ગામ પાસેના ખાર વિસ્તારમાંથી રૂ. ૪,૩૦,૬૦,૦૦૦ની કિંમતનું ૪ કિલો ૩૦૬ ગ્રામ પ્રતિબંધિત 'એમ્બરગ્રીસ' (સ્પર્મ વ્હેલ માછલીની ઊલટી) ઝડપી પાડવામાં આવ્યું છે. આ મામલે પોલીસે ચાર શખ્સની અટકાયત કરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ ઇન્સ્પેક્ટર આર.કે. કરમટા અને તેમની ટીમે ભાવનગર નજીક ના બુધેલ ગામે આવેલ બ્લ્યુ સ્કાય સોસાયટી પાસે રેઇડ કરી હતી. ત્યાંથી ઇમરાન પરમાર, સાજીદખાન પઠાણ, ફૈજાન મધરા અને સબ્બીર સૈયદ નામના ચાર શખ્સોને અલગ-અલગ સાઇઝના સફેદ-ક્રીમ ગોલ્ડન બ્રાઉન રંગના ઘન પદાર્થના ટુકડાઓ સાથે ઝડપી લેવાયા હતા. ફોરેસ્ટ વિભાગ અને એફએસએલ અધિકારીઓ દ્વારા તપાસ કરાતા આ જથ્થો કિંમતી એમ્બરગ્રીસ હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે એમ્બરગ્રીસ અને અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ. ૪,૩૧,૬૦,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, ભાવનગરના જ અભિષેક રાઠોડ અને ભરત નામના બે શખ્સોએ કમિશનની લાલચ આપીને આ જથ્થો સાચવવા માટે આપ્યો હતો. આ ચારેય શખ્સો જ્યારે ગ્રાહક શોધવાની પેરવીમાં હતા ત્યારે જ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, વાઇલ્ડ લાઇફ પ્રોટેક્શન એક્ટ (વન્યજીવ સંરક્ષણ ધારો) મુજબ સ્પર્મ વ્હેલ શેડ્યુઅલ-૧માં આવતી હોવાથી તેને સર્વોચ્ચ કાયદાકીય રક્ષણ છે. એમ્બરગ્રીસનો ઉપયોગ કિંમતી પરફ્યુમ અને સુગંધિત તેલોમાં થતો હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત કરોડોમાં હોય છે. હાલ વરતેજ પોલીસ સ્ટેશન ખાતે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. ■

# કચ્છમાં પાણીના બદલે 'ધૂળનો વરસાદ': ૪૦ કિમી.ની ઝડપે ફૂંકાઈ રહેલાં મિની વાવાઝોડાથી અનેક સ્થળે વીજ કટોકટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નૈઋર્ત્યના ચોમાસાના પ્રારંભથી જ સાર્વત્રિક મેઘવૃષ્ટિની કાગડોળે રાહ જોઈ રહેલા રણપ્રદેશ કચ્છ જિલ્લામાં લોકોની મેઘતૃષ્ણા હજુ સુધી અધૂરી રહી છે, ત્યાં છેલ્લા ચાર દિવસથી વાતાવરણમાં આવેલા પલટાએ ચિંતા વધારી દીધી છે. જિલ્લામાં કલાકના ૩૫થી ૪૦ કિલોમીટરની ઝડપે ફૂંકાઈ રહેલા વેગીલા વાયરાના કારણે સમગ્ર પંથકમાં જાણે 'ધૂળનો વરસાદ' વરસ્યો હોય તેવો ધૂંધળો માહોલ સર્જાયો છે. ભારે પવનના લીધે ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી, નખત્રાણા અને મુંદરા સહિતના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ઠેકઠેકાણે વીજ પુરવઠો ખોરવાઈ જતાં વીજતંત્રને દોડધામ થઈ પડી હતી.

હવામાં ઊડતી રજકણોને કારણે વાહનચાલકો, રાહદારીઓ તેમજ ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલ સમગ્ર ગુજરાતમાં વરસાદે વિરામ લીધો છે, પરંતુ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાના કારણે ચોમાસુ પવનો તીવ્ર ગતિ પકડી રહ્યા છે. આગામી ત્રણ દિવસ સુધી જિલ્લામાં પવનનું આ આક્રમક જોર યથાવત રહેશે અને પવનની ગતિ ૫૦ કિલોમીટર સુધી પહોંચી શકે છે, જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ઝડપ પ્રતિ કલાક ૬૦ કિલોમીટર થવાની આશંકા સેવાઈ રહી છે. તીવ્ર પવનના કારણે આકાશમાં બંધાતા વરસાદી વાદળો ઘડીભરમાં વિખેરાઈ જતા હોવાથી મેઘરાજાનું આગમન વધુ વિલંબમાં મુકાશે તેવી ચિંતા પશુપાલકો અને પ્રજાજનોમાં વ્યાપી ગઈ છે.

આ તેજ પવનની વ્યાપક અસર જિલ્લાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ખેતી પર જોવા મળી રહી છે. જિલ્લા મથક ભુજના સરપટ નાકા પાસે બપોરના સમયે એક વિશાળ વૃક્ષ મૂળમાંથી રસ્તાની વચ્ચોવચ ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ માર્ગ અવરોધાતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. બીજી તરફ, રાંતડિયા અને રણકાંધીના ગામોમાં ધૂળની ડમરીઓ શાંત થવાનું નામ નથી લઈ રહી.

આ આબોહવાકીય પ્રતિકૂળતાની સૌથી માઠી અસર ખેતી પર પડી રહી છે. માંડવીની કાંઠાળપટ્ટીમાં હજારો હેક્ટરમાં વાવેતર થયેલા કપાસના કુમળા પાકને આ ગરમ દરિયાઈ પવન દઝાડી રહ્યો છે.

જમીનમાં ક્ષાર ભભૂકવાના કારણે માત્ર બે-ત્રણ આંગળ જેટલા કપાસના છોડનો વિકાસ અટકી ગયો છે. વડીલો અને ખેતીવાડીના જાણકારોના મતે, સામાન્ય રીતે ચોમાસાને બોલાવતો કામાય સાઈડનો પવન ફૂંકાવાને બદલે દરિયાઈ પક્ષનો આ પવન વરસાદની આશા ધૂંધળી કરી રહ્યો છે. સમયસર વરસાદ નહીં વરસે, તો વાવણી લાયક તૈયાર પડેલી જમીન અને ઊભો પાક બંને નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. ■

# શહેરના સૌથી જૂના એલિસબ્રિજનું સમારકામ હજુ અધૂરું, હવે નવી ડેડલાઈન મળશે

અમદાવાદ: શહેરના જાણીતા અને લગભગ સૌથી જૂના એલિસબ્રિજના સમારકામ માટે અગાઉ ડેડલાઈન એક્સ્ટેન્ડ કરવામાં આવી હતી, પરંતુ હજુ કામ પૂરું થયું નથી ત્યારે મનપા ફરી કોન્ટ્રાક્ટરને એક્સ્ટેન્શન આપશે, તેમ માનવામાં આવે છે. અગાઉ માર્ચ મહિના સુધીમાં કામ પૂરું કરવાની ડેડલાઈન આપવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

બ્રિટિશકાળમાં વર્ષ ૧૮૯૨માં બનેલા આ બ્રિજને વધુ મજબૂત બનાવવા અને રેસ્ટોરેશન કરવા માટે સૌથી પહેલા સપ્ટેમ્બર, ૨૦૨૪માં રૂ. ૨૬.૮ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો અને ૧૨ મહિનામાં કામ પૂરું કરવાનું હતું. એક વર્ષમાં કામ પૂરું ન થતા ફરી છ મહિનાની ડેડલાઈન લંબાવી અને ૧૮ મહિના આપવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર રૂ. ૧૬ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે, પરંતુ કામ હજુ પૂરું થયું નથી.

ગયા ઓક્ટોબરમાં સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ખર્ચ વધારાને મંજૂરી આપવામાં આવી હતી. પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૨૬.૮ કરોડથી વધારીને રૂ. ૪૨.૯ કરોડ કરવામાં આવ્યો હતો. રસપ્રદ વાત એ છે કે સમિતિએ નવા ખર્ચને મંજૂરી આપી તેના એક મહિના પહેલા જ તેને એક દરખાસ્ત મળી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે પુલનું ૭૮% કામ પૂર્ણ થઈ ગયું છે. આ આધારે, છ મહિનાનો વધારો મંજૂર કરવામાં આવ્યો હતો, તેવી માહિતી અહેવાલ દ્વારા મળી હતી. ■

# શેલ કંપનીઓ દ્વારા ₹૧૧૬ કરોડની છેતરપિંડીના કેસમાં સુરતમાંથી સાત પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા શેલ કંપનીઓ અને બૅંક ખાતાઓ દ્વારા રૂ. ૧૧૬ કરોડથી વધુની છેતરપિંડી કરવાના આરોપ હેઠળ એક સાયબર છેતરપિંડી નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ હેઠળ સુરતના સાત રહેવાસીઓની ધરપકડ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

એજન્સીએ જણાવ્યું હતું કે આરોપીઓએ બોગસ કંપનીઓ બનાવી હતી અને અનેક બૅંકોમાં ૧૮ બૅંક ખાતા ખોલ્યા હતા. આ ખાતાઓનો ઉપયોગ ૨૧ રાજ્યોમાં નોંધાયેલા ઓછામાં ઓછા ૧૪૬ સાયબર છેતરપિંડીના કેસોમાં થયો હોવાનો આરોપ છે. નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ અને અન્ય પ્લેટફોર્મ પરની તપાસમાં આ ખાતાઓને ૧૧૬ કરોડ રૂપિયાથી વધુની ફરિયાદો અને એકનોલેજમેન્ટ સાથે જોડવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આમાંથી ૧૪ એકનોલેજમેન્ટ ગુજરાતમાં હતી.

એજન્સીના જણાવ્યા અનુસાર, આ રેકેટ સુરતના મોટા વરાછા અને જહાંગીરપુરા વિસ્તારની ઓફિસોમાંથી ચાલતું હતું અને તેનું સંચાલન ત્રણ ભાગીદાર દ્વારા કરવામાં આવતું હતું. આ લોકો પર સાયબર ગુનેગારોને ઉપયોગમાં લેવા માટે તૈયાર ખાતાઓ પૂરા પાડતા પહેલા તે ખાતાઓ સાથે જોડાયેલા સિમ કાર્ડ સાથે બૅંક એકાઉન્ટ કીટ મેળવવાનો આરોપ છે. પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે પીડિતો દ્વારા ટ્રાન્સફર કરાયેલા પૈસા ઉપાડતા પહેલા અનેક બૅંક ખાતાઓ દ્વારા મોકલવામાં આવ્યા હતા અને પછી અલગ અલગ ચેનલો દ્વારા પૈસા છુપાવવા માટે મોકલવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર કથિત રીતે પૂરા પાડવામાં આવેલા દરેક એકાઉન્ટ માટે કમિશન મળતું હોય છે.

આ કાર્યવાહી દરમિયાન, સાયબર ટીમે ૧૩ મોબાઇલ ફોન જપ્ત કર્યા હતા. તેઓ હવે અન્ય હેન્ડલર્સ, લાભાર્થીઓ અને નેટવર્ક સાથે જોડાયેલા સંભવિત વિદેશી લિંક્સને શોધવા માટે બૅંક વ્યવહારો અને ડિજિટલ પુરાવાઓનું વિશ્લેષણ કરી રહ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# સુરતમાં પૂરને લીધે સૌથી જૂના ટેક્સટાઈલ્સ પ્રોસેસિંગ ક્લસ્ટરને અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કુદરતી આફતોની અસર લાંબા સમય સુધી રહેતી હોય છે. સુરતમાં વરસેલા અનરાધાર વરસાદ અને ઊભી થયેલી પૂરની સ્થિતિની અસર ઘણા વેપાર-ધંધા પર પડી છે, જેમાં ટેક્સટાઈલ્સ ઉદ્યોગનો પણ સમાવેશ થાય છે.

ગુજરાતના સૌથી જૂના ઔદ્યોગિક વસાહતોમાંના એક અને ભારતમાં ટેક્સટાઈલ્સ પ્રોસેસિંગના શરૂઆતી કેન્દ્રોમાંના એક, પાંડેસરા જીઆઈડીસી એસ્ટેટમાં ૫૧ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર આવું શટડાઉન જોયું છે, તેમ વેપારીસૂત્રોએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું.

પાંડેસરા જીઆઈડીસી ૧૯૭૫માં શરૂ થયું અને હાલમાં ૧૨૯ ટેક્સટાઈલ્સ પ્રોસેસિંગ યુનિટ્સ ધરાવે છે. આ તમામ યુનિટ્સ ૭મી જુલાઈથી વરસાદના પાણી ફેક્ટરીઓના પ્રાંગણમાં ઘૂસી જવાથી બંધ છે. પૂરને કારણે કોમન એફ્લુઅન્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ (સેપ્ટ), જે પ્રોસેસિંગ માટે ખૂબ મહત્ત્વનું છે તેને ભારે નુકસાન થયું છે. ઉદ્યોગના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે સેપ્ટને નુકસાન થયું છે, જેના કારણે માત્ર મુખ્ય કામગીરી જ નહીં પરંતુ આવશ્યક માળખાગત સુવિધાઓને પણ અસર થઈ છે. પૂરમાં ફર્નિચર, કમ્પ્યુટર અને મશીનરીને મોટું નુકસાન થયું છે.

સમારકામ, સફાઈ બાદ સીઈપીટી ફરીથી કાર્યરત થઈ ગયું, પણ પ્રોસેસિંગ યુનિટ હજુ પણ ફરી શરૂ થઈ શકતા નથી કારણ કે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન જરૂરી શુદ્ધ પાણી (ટ્રિટેડ વૉટર)પૂરું પાડવામાં અસમર્થ છે. નિયમિત પાણીપુરવઠો ક્યારે શરૂ થશે તે સ્પષ્ટ નથી, તેમ અમુક વેપારીસૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે સુરત મનપાના સૂત્રોના જણાવ્યા અનુસાર પહેલા લોકોને પીવાનું પાણી પૂરું પાડવાની પ્રાથમિકતા છે. ડિંડોલી ખાતે ટ્રિટમેન્ટ પ્લાન્ટ પૂરને કારણે બંધ કરવામાં આવ્યો છે. તે ચાલુ થશે, ત્યારબાદ ઉદ્યોગોને પાણી પહોંચાડવામાં આવશે. અન્ય જીઆઈડીસીમાં પણ પૂરને કારણે કામને અસર થઈ હોવાના અહેવાલો છે. રાજ્ય સરકારે વહેલીતકે વેપારીઓને મદદરૂપ બને તેવા પેકેજ આપવાની જાહેરાત કરી છે. ■

# યુએન મહેતા હૉસ્પિટલમાં ડ્રેનેજ સાફ કરવા ઉતરેલા વધુ એક શ્રમિકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આ અઠવાડિયાની શરૂઆતમાં અસારવામાં આવેલી યુએન મહેતા હૉસ્પિટલમાં ત્રણ કોન્ટ્રાક્ટ પરના સફાઈ કામદારને સફાઈ માટે ગટરમાં ઉતારવામાં આવ્યાના કેસમાં અન્ય એક કામદારનું મોત નિપજ્યાનું સૂત્રોએ જણાવ્યું હતું. અગાઉ એક કામદાર મૃત્યુ પામ્યો હતો.

પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે ઘટના બાદ સારવાર હેઠળ રહેલા સાહિલ નાડિયાનું શુક્રવારે રાત્રે મૃત્યુ થયું હતું. તેના સાથી કાર્યકર રોકી મેકવાનનું ગટરમાં બેભાન થઈ જવાથી મૃત્યુ થયું હતું.

મેન્ટેનન્સ કંપનીના બે મુખ્ય સુપરવાઇઝર સામે પહેલાથી જ નોંધાયેલો આ કેસ હવે વધુ તપાસ માટે એસસી-એસટી સંબંધિત ગુનાઓ સંભાળતા વરિષ્ઠ અધિકારીઓને મોકલવામાં આવ્યો છે, એમ પોલીસે જણાવ્યું હતું.

કંપની દ્વારા કાર્યરત કોન્ટ્રાક્ટ ક્લિનર પ્રવીણ વાઘેલા (૩૨) દ્વારા આ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. વાઘેલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તે લગભગ એક વર્ષથી હૉસ્પિટલમાં કામ કરી રહ્યો છે અને બેઝમેન્ટ પાર્કિંગ વિસ્તારમાં સફાઈ ફરજ પર તૈનાત હતો.

ફરિયાદ મુજબ, આ ઘટના સોમવારે સાંજે ૭ થી ૭.૩૦ વાગ્યાની વચ્ચે હોસ્પિટલના બેઝમેન્ટ ૧ માં એક બાયોમેડિકલ વિસ્તાર નજીક બની હતી, જ્યાં એક ગટર સાફ કરવાનું કામ ચાલી રહ્યું હતું.

જેમાં એક પછી એક ત્રણ જણ ઉતર્યા હતા. યોગ્ય સુરક્ષાના સાધનો અને તકેદારી વિના આ કામ કરાવવામાં આવ્યું હોવાનં પણ ફરિયાદમાં નોંધવામાં આવ્યું હતું.

પોલીસે બંને સુપરવાઇઝર સામે મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર પ્રતિબંધ અને તેમના પુનર્વસન અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે કામદારોના જીવનું જોખમ હોવા છતાં તેમને યોગ્ય સલામતીની વ્યવસ્થા વિના જોખમી કામ સોંપવામાં આવ્યું હતું. ■

# ચોમાસાનો એક મહિનો વીત્યો છતાં સૌરાષ્ટ્રમાં શેત્રુંજી ડેમ એક જ ભરાયો

## દ્વારકામાં માત્ર દોઢ ટકા જળસંગ્રહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આ વર્ષે મેઘરાજાની એક તરફ મોડી પધરામણી થઈ છે તો બીજી તરફ અષાઢ મહિનો આવી ગયો હોવા છતાં ઘણા ભાગો હજુ પણ પૂરતા વરસાદથી વંચિત છે. ચોમાસાની સીઝનનો એક મહિનો વીતી ચૂક્યો છે, ત્યારે સૌરાષ્ટ્ર રિઝનની સ્થિતિ મિશ્ર જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રના કુલ ૧૪૧ ડેમોમાં હાલમાં સરેરાશ ૩૯.૧૨ ટકા જળસંગ્રહ નોંધાયો છે. કેટલાક વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન રહ્યા છે, પરંતુ કેટલાક વિસ્તારોમાં હજુ પણ વાવણી લાયક કે ડેમમાં નવા નીર લાવે તેવો વરસાદ ન થતાં ચિંતાના વાદળો ઘેરાયા છે.

સૌરાષ્ટ્રમાં કુલ ૧૪૧ જેટલા ડેમ આવેલા છે, જેની કુલ સંગ્રહ ક્ષમતા ૨૫૮૮.૫૩ એમસીએમ નોંધાયેલી છે. તાજેતરના આંકડાઓ અનુસાર, સૌરાષ્ટ્રના ડેમોમાં હાલમાં ૧૦૧૨.૬૪ એમસીએમ જેટલો જળસંગ્રહ થયો છે, જે કુલ ક્ષમતાના ૩૯.૧૨ ટકા જેટલો થવા જાય છે. આ ઉપરાંત, સૌરાષ્ટ્ર માટે સારા સમાચાર એ છે કે ચાર ડેમ સંપૂર્ણપણે ભરાઈ ચૂક્યા છે.

તાજેતરમાં જ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં સારો એવો વરસાદ નોંધાયો હતો. તેથી આ બંને જિલ્લાના ખેડૂતો અને લોકો માટે મોટા રાહતના સમાચાર છે કારણ કે ભાવનગર જિલ્લાના ડેમોમાં સૌથી વધુ ૯૩.૮૩ ટકા જળસંગ્રહ થયો છે, જ્યારે અમરેલી જિલ્લામાં ૬૪.૬૫ ટકા જળસંગ્રહ નોંધાયો છે. તો બીજી તરફ દેવભૂમિ દ્વારકાની સ્થિતિ અત્યંત ગંભીર છે, જ્યાં ડેમોમાં માત્ર ૧.૪૨ ટકા જ પાણી છે. આ ઉપરાંત જામનગરમાં ૧૦.૭૫ ટકા, જૂનાગઢમાં ૨૪ ટકા, મોરબીમાં ૨૪.૮૯ ટકા, સુરેન્દ્રનગરમાં ૨૭.૧૫ ટકા અને રાજકોટમાં ૨૭.૨૪ ટકા જળસંગ્રહ છે. જો આગામી દિવસોમાં આ જિલ્લાઓમાં સારો વરસાદ નહીં પડે, તો પીવાના અને સિંચાઈના પાણીની મોટી કટોકટી સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે.

સૌરાષ્ટ્રના મુખ્ય જળાશયો અને નદીઓ પરના બંધની સ્થિતિ પર દ્રષ્ટિ કરીએ તો, સૌરાષ્ટ્રનો મહત્ત્વનો ડેમ પાલિતાણાનો શેત્રુંજી ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યો છે અને હાલમાં તેને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યો છે. જ્યારે જેતપુર, ગોંડલ અને રાજકોટ શહેર સહિત ખૂબ મોટા વિસ્તારો જેના પર આધાર રાખે છે તેવો ગોંડલ નજીકનો ભાદર-૧ માં માત્ર ૧૪.૫૨ ટકા જ પાણી નોંધાયું છે, જે એક મોટી ચિંતાનો વિષય છે.

રાજકોટ શહેરની જીવાદોરી ગણાતા આજી-૧ ડેમમાં ૫૧.૨૩ ટકા જેટલું સંતોષકારક પાણી છે. જ્યારે ન્યારી-૧ માં ૩૫.૬૧ ટકા અને ન્યારી-૨ માં ૨૫.૮૮ ટકા જળસંગ્રહ થયો છે. મચ્છુ-૧ ડેમમાં ૨૧.૪૪ ટકા અને મચ્છુ-૨ માં ૩૨.૫૭ ટકા જ પાણી સંગ્રહિત છે. લીંબડી ભોગાવો ૧ માં ૧૧.૬ ટકા જ્યારે લીંબડી ભોગાવો-૨ માં ૪૨.૦૬ ટકા જળસંગ્રહ થયો છે.

બીજી તરફ, કચ્છ રિજિયનની પરિસ્થિતિ સૌરાષ્ટ્રની સરખામણીએ જળસંગ્રહની બાબતમાં પાછળ જણાઈ રહી છે. કચ્છ વિસ્તારમાં કુલ ૨૦ ડેમ આવેલા છે, જેમની કુલ જળસંગ્રહ ક્ષમતા ૩૨૫.૨૬ એમસીએમ જેટલી છે. હાલની સ્થિતિએ કચ્છના આ ડેમોમાં માત્ર ૮૦.૧૨ એમસીએમ જ પાણીનો સંગ્રહ થયો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો કચ્છના ડેમો અત્યાર સુધીમાં માત્ર ૨૪.૬૩ ટકા જ ભરાયા છે અને તેમાંથી એક પણ ડેમ હજુ સુધી સંપૂર્ણ ભરાયો નથી.

એકંદરે, ગુજરાતના કુલ ૨૦૬ ડેમોમાં સરેરાશ ૪૧.૧૭ ટકા જળસંગ્રહ નોંધાયો છે અને કુલ ૫ ડેમ સંપૂર્ણ ભરાયા છે. સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણીની આવક પ્રમાણમાં થોડી સારી રહી છે, પરંતુ કચ્છમાં પાણીનો સંગ્રહ હજુ પણ ૨૫ ટકાની અંદર હોવાથી ત્યાંના ખેડૂતો અને સ્થાનિકો આગામી દિવસોમાં વધુ સારા વરસાદની આશા સેવી રહ્યા છે. ■

# વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક માટે કૉંગ્રેસે ભીખાભાઈ રબારીને ટિકિટ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના ધારાસભ્ય યોગેશ પટેલના નિધન બાદ ખાલી પડેલી માંજલપુર વિધાનસભા બેઠક પર પેટાચૂંટણીની જાહેરાત બાદ કૉંગ્રેસ પક્ષે તેના ઉમેદવાર તરીકે ભીખાભાઇ રબારીના નામ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. આ બેઠક પર ભારતીય જનતા પાર્ટીએ વડોદરા મહાનગરપાલિકાના કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહી ચૂકેલા સતીષ પટેલને ટિકિટ આપી મેદાનમાં ઉતાર્યા છે.

કૉંગ્રેસે જેમના પર પસંદગીનો કળશ ઢોળ્યો છે તે ભીખાભાઈ રબારીએ પાર્ટીના અગ્રણી નેતા રહ્યા છે. આ ઉપરાંત તેમણે વડોદરા શહેર કોંગ્રેસ સમિતિમાં કાર્યકારી પ્રમુખની પણ સેવા આપી છે. તેમણે પક્ષમાં પ્રદેશ કક્ષાએ ઘણી જવાબદારીઓ નિભાવી છે અને મહામંત્રી પણ રહી ચૂક્યા છે. તે ઉપરાંત માલધારી સમાજ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી) સમુદાયમાં રહેલી તેમની મજબૂત પકડને લીધે પણ પાર્ટીએ તેમને ઉમેદવાર માટે પસંદ કર્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. સાથે જ સરકારની નીતિઓ અને પ્રજાના પ્રશ્નોના વિરોધમાં પણ તેઓ સક્રિય રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે માંજલપુર વિધાનસભા બેઠકની છેલ્લા ઘણા સમયથી ભાજપના ગઢની છાપ રહી છે. આ બેઠક પર આગામી ૩૦મી જુલાઇના રોજ મતદાન થવાનું છે અને ૩જી ઓગષ્ટના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. ■

# પિતાના ત્રાસથી ૧૨માં ધોરણમાં ભણતી દીકરીએ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મેઘાણીનગર વિસ્તારમાં એક કરુણ ઘટના બની હતી, જેમાં સંતાનના મોતનું કારણ સગ્ગા પિતા બન્યા હતા. અહીં રહેતી એક સગીરાએ પિતાના કથિત ત્રાસથી કંટાળી જીવન ટૂંકાવી નાખ્યું હતું.

ઘટનાની મળતી વિગતો અનુસાર મેઘાણીનગરમાં વ્યવસાયે રિક્ષા ચલાવતા હર્ષદ પરમારને દારૂ પીવાની લત્ત હતી અને તે અવારનવાર ઘરમાં માથાકૂટ કરતો હતો. તેના ત્રાસથી કંટાળી સગીરાની માતા એકાદ મહિના પહેલા ઘર છોડી પિયર જતી રહી હતી. જ્યારે સગીરા પિતા અને દાદી સાથે રહેતી હતી. સગીરા ઘરનું કામ પણ કરતી હતી અને ભણતી હતી. જોકે પિતા તેને વારંવાર ધમકાવતા અને તું અહીં શું કામ રહે છે, નીકળી જા જેવું કહેતા હતા, તેમ સગીરાની દાદીએ જણાવ્યું હતું. આ વાતનું માઠું લાગતા તેણે ઘરમાં કોઈ ન હતું ત્યારે ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો આવ્યો હતો.

સગીરાની દાદીએ દીકરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદને ધ્યાનમાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# દીકરો ઓનલાઈન ગેમના રવાડે ચડતા માતા-બહેને અભયમની મદદ માગી


અમદાવાદ: દેશભરમાં ઓનલાઈન ગેમ્સની લતના કિસ્સા બહાર આવતા રહે છે. આવા જ એક કિસ્સામાં વડોદરામાં ૧૭ વર્ષના દીકરાથી કંટાળી માતા અને બહેને અભયમ હેલ્પલાઈનનો સહારો લેવો પડ્યો હતો. શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા એક ૧૭ વર્ષીય સગીરે મોંઘો મોબાઈલ લેવાની જીદ પકડી હતી અને મોબાઈલનો અતિશય ઉપયોગ કરતો હતો. તેને રોકે અથવા સમજાવે તો માતા અને બહેન સાથે ગેરવર્તન કરતો હતો.

છોકરાની વિધવા માતા ઘરકામ કરી ગુજરાન ચલાવતી હતી. તેની મોટી બહેને ભાઈને ભણતરને લીધે ભણવાનું છોડી નોકરી જોઈન કરી લીધી હતી. જોકે દીકરો આખો દિવસ મોબાઈલ પર ગેમ રમતો અને અલગ અલગ આઈડી બનાવી છોકરીઓ જોડે ચેટિંગ કરતો રહેતો હતો. જો ગેમમાં હારી જાય તો ઘરમાં તોડફોડ કરતો અને માતા-બહેનો સાથે પણ ઝઘડો કરતો. આખરે પરિવારે કંટાળી અભયમ-૧૮૧ની ટીમનો સંપર્ક સાધ્યો હતો. અભયમની ટીમે છોકરાનું કાઉન્સેલિંગ કર્યું હતું અને તેને ભણવા માટે સમજાવ્યો હતો. ■

મુંબઈ સમાચાર 7
MUMBAI SAMACHAR
સોમવાર ■ તા. ૧૩-૭-૨૦૨૬

# ધર્મ તેજ

# જેનો કોઈ આદિ કે અંત નથી એ છે ભગવાન જગન્નાથ





માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombay samachar.com

**आदि अंत कोउ जासु ना पावा।**
**मति अनुमानि निगम अस गावा ।।**

ભગવાન જગન્નાથની આ પાવન ભૂમિમાં આપ સૌને મારા પ્રણામ. ભગવાન જગન્નાથની મહત કૃપાથી આજે આપણે અહીં રામકથા માટે એકત્રિત થયાં છીએ. એમની કૃપા ન હોય તો અહીં આવવું શક્ય ન બને. પૂરા જગતની તે રક્ષા કરે છે. ભારતની પૂર્વ દિશાના આ ધામમાંથી સત્સંગ દ્વારા ફરી કોઈ કિરણ ફૂટે, કોઈ નવો સૂરજ નીકળે જે વ્યક્તિના ચિદાકાશમાં, વ્યક્તિના અંતઃકરણમાં જનમ જનમથી જે અંધકાર છે તેમાંથી આપણને મુક્ત કરે.

આ પંક્તિઓ ‘રામચરિતમાનસ’માં ભગવાન શિવ પાર્વતીજી સમક્ષ બોલે છે. જેમાં મારી સમજ અનુસાર ભગવાન જગન્નાાથજીનું સ્વરૂપ, સ્વભાવ, એમની ગતિ વગેરેનું એક ગુપ્ત વર્ણન પડ્યું છે. જગન્નાાથ કેવા હોવા જોઈએ? માણસ પોતાના ઘરનો નાથ પણ નથી બની શકતો. પોતાના સમાજનો નાથ બનવું પણ મુશ્કેલ છે. તો આ તો પૂરા વિશ્વનો નાથ છે ! શિવજી ભવાનીને કહે છે કે ભવાની, જેને તમે દંડકવનમાં મનુષ્ય રૂપમાં જોયા હતા એ જ ભગવાને રામ અવતાર લીધો છે. મનુષ્ય રૂપમાં આવેલા એ ભગવાનનો આદિ અને અંત આજ સુધી કોઈ પામી નથી શક્યું અને અનંત કાળ સુધી કોઈ નહીં પામી શકે. વેદોએ પણ પોતાની બુદ્ધિના અનુમાનથી થોડું કહ્યું કે ભગવાન આવા છે,આવા છે પણ અંતમાં તો નેતિ કહીને તે પણ રોકાઈ જાય છે.

કોનો આદિ અને અંત ન પામી શકાય? એવી કઈ ચીજ છે? જેનો કોઈ આદિ કે અંત નથી,આ તો બિલકુલ ગણિત જેવી વાત થઈ. જેનો કોઈ આદિ નહીં તેનો કોઈ અંત નહીં. અને જેનો કોઈ આરંભ નથી તેનું કોઈ વિસર્જન નથી. સીધું ગણિત છે. કોઈનો જન્મ થાય તો તેનું મૃત્યુ થાય છે. અહીંથી આપણે પણ નવ દિવસ પછી ચાલ્યા જશું. તો શાસ્ત્રીય બોલીમાં કહું તો એવો કયો પદાર્થ છે જેનો કોઈ આદિ-અંત નથી? એક ગામડાનો માણસ પણ કહી દેશે કે તે તો ફક્ત ભગવાન જ હોય ! એવું તત્ત્વ તો પરમાત્મા હોય,એ તો બ્રહ્મ હોય. ત્રણ પદાર્થ છે જેનો કોઈ આદિ નથી,અંત નથી.

હું તમારું ધ્યાન ચાહું છું મારાં ભાઈ-બહેનો. વિષય જરા કઠિન છે, ક્લિષ્ટ છે. સમજાવવા માટે અલગ છે, વસ્તુતઃતો એક જ તત્ત્વ છે. એક જ મીણમાંથી બનેલી ત્રણ મીણબત્તીઓ જેવી વાત છે. એક છે ઈશ્વર, બ્રહ્મ. હવે ઈશ્વર અને બ્રહ્મમાં પણ અર્થ કરવામાં ભેદ છે. પરંતુ ઈશ્વર, બ્રહ્મ, પરમાત્મા, ભગવાન આ બધાં તત્વતઃએક જ છે. આ બ્રહ્મ તત્ત્વ એવું છે જેનો કોઈ આદિ કે અંત નથી. શ્વેતકેતુને ઉદ્દાલકે કહ્યું કે આ વૃક્ષનું ફળ છે તેને તોડ. તોડે છે. બોલે શું દેખાય છે? કહે તેમાં એક બીજ છે. ઉદ્દાલકે કહ્યું તે બીને તોડ. શું દેખાય છે? કહે કંઈ નથી દેખાતું. બીજનો આદિ અને અંત છે. ફળનો આદિ અને અંત છે. શાખાઓનો આદિ-અંત છે પરંતુ બીજને તોડતાં તોડતાં જે છેલ્લે નથી દેખાતું તે તત્ત્વ છે. માનો યા ન માનો, વૈજ્ઞાનિકોએ અણુ-પરમાણુની શોધ માટે છાંદોગ્ય ઉપનિષદની મદદ લીધી હશે. તોડતાં તોડતાં એક ક્ષણ એવી આવી કે શ્વેતકેતુએ કહ્યું કે હવે આમાં કંઈ નથી દેખાતું. ત્યારે કહ્યું કે જે કંઈ નથી દેખાતું તે તું છે. હું નહીં, તું તત્ત્વ. તું અને હુંનો ભેદ જ્યાં મટી જાય છે ત્યાં આ શ્રુતિ આવે છે. તોડતાં તોડતાં મતિ અનુમાન કરે છે. આંખો રોકાઈ જાય છે. ચિત્તનું ચિંતન પણ રોકાઈ જાય છે. કંઈ સમજમાં નથી આવતું અને પછી કહેવું પડે છે કે ‘કોઈ અદૃશ્ય’ છે ! જેમાંથી પૂરું વટવૃક્ષ થયું હતું તેનો આદિ-અંત છે પણ જે નથી દેખાતું તેને ઉપનિષદ બ્રહ્મ-પદાર્થ કહે છે. આપ તો સમજો છો, પરંતુ હું કેવળ મને સમજાવવા માટે બોલી રહ્યો છું. તો,એક છે બ્રહ્મ તત્ત્વ. જેને તમે પરમાત્મા કહો, ઈશ્વર કહો, ભગવાન કહો, ચાહે જે કહો તે. તેનો કોઈ આદિ કે અંત નથી.

બીજું જે તત્ત્વ છે જેનો કોઈ આદિ કે અંત નથી તે છે-સત્ય. સત્યનો કોઈ આદિ કે અંત નથી. સત્ય ક્યારે પેદા થયું? છે કોઈની પાસે તારીખ ? આઇન્સ્ટાઇન ક્યારે જન્મ્યા તેની તારીખ મળે પણ એમણે જે સત્ય શોધ્યું તે સત્ય ક્યારે પેદા થયું તેની કોઈ તારીખ મળે ખરી? પતંજલિની જન્મ તારીખ મળે. કેટલાં વર્ષો પહેલાં એમણે કહ્યું હતું કે, લટ્ટૂ પ્રુટશ્વ ભૂળપ રુઇંૃળ થબળહૂ। એમણે જે સત્યની ઘોષણા કરી તેની કોઈ તારીખ ન મળે ! સત્ય એક એવો પદાર્થ છે જેનો કોઈ આદિ કે અંત નથી. બ્રહ્મ જરા કઠિન પડે છે પણ આપણને સત્યનો તો અનુભવ છે જ. ભલે આપણે અસત્ય બોલીએ પણ અનુભવ તો છે જ. સત્ય કશુંક છે તેવું તો જાણીએ છીએ. દીપ્તિ મિશ્રનો એક શેર છે-

*કિસી કો ભી સચ કિ જરૂરત નહીં,*
*હમ હીં સીરફિરે હૈ કિ સચ બોલતે હૈ.*

કોને પડી છે સત્યની? તો,સત્યને કોઈ પ્રગટ કરે તેની તારીખ કદાચ મળે પણ સત્યનો કોઈ આદિ-અંત નથી. ગુરુત્વાકર્ષણનો નિયમ તો બહુ પહેલાથી હતો. બ્રહ્મ અને સત્ય આ બે નથી એક જ છે. ચાહે સત્યને પકડો કે બ્રહ્મને પકડો.

મારાં ભાઈ-બહેનો, પ્રેમનો પણ કોઈ આદિ કે અંત નથી. અમે ફલાણી તારીખે પ્રેમ કર્યો હતો એ તો બોલચાલની ભાષા છે. કોઈ તારીખ નિમિત્ત બની પરંતુ પ્રેમની ધારા તો જનમ જનમથી વહે છે. પ્રેમ અનંત છે. નામ અનંત છે. મારી સમજ મુજબ પ્રેમ સત્યનો પર્યાય છે. ગાંધીજીએ કહ્યું સત્ય પરમાત્મા છે. જિસસે કહ્યું,પ્રેમ પરમાત્મા છે. પ્રેમનો કોઈ આદિ કે અંત નથી.

**સંકલનઃ જયદેવ માંકડ**

(માનસ-જગન્નાથ,પૂરી,ઓરિસ્સા,૨૦૦૨)■

# ભક્તમાં નિર્મળ ભક્તિ હોવી જોઈએ નહીં કે કોઈ સોદાબાજી

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombay samachar.com




ભગવાન શિવ સાથે ચર્ચા બાદ કુમાર કાર્તિકેય યમરાજને ઉગારવા યમલોક પહોંચે છે. કુમાર કાર્તિકેય અરુણાસુરને વિનંતી કરે છે કે યમદેવ પર સંસારચક્ર ચલાવવાની જવાબદારી છે, તેમને છોડી દો. કુમાર કાર્તિકેયની વિનંતીનો અરુણાસુર અસ્વીકાર કરતાં જ કુમાર કાર્તિકેય અને અરુણાસુર વચ્ચે યુદ્ધ થાય છે. કુમાર કાર્તિકેય અરુણાસુર પર વાર કરે છે, અરુણાસુર તેનો જવાબ ન આપતાં પાછળ ને પાછળ જતો જાય છે અને અંતે એ પોતાના માતાનું સબ જ્યાં હોય છે ત્યાં સુધી જતો રહે છે. એ દરમિયાન અરુણાસુરના સૈનિકો અરુણાસુરની માતાના શબને કુમાર કાર્તિકેયની સમક્ષ મૂકી દે છે. કુમાર કાર્તિકેય અરુણાસુરની માતાના સડી ગયેલા શબને જોઈ ડઘાઇ જાય છે. અરુણાસુર કહે છે કે, ‘કરો પ્રહાર કરો. આ મારી માતા છે જેને યમદેવે મૃત બનાવી છે. હું ફક્ત મારી માતાને જીવંત કરવા માગું છું શું એ મારો અપરાધ છે?’ કુમાર કાર્તિકેય તેને સમજાવે છે કે તમે જે કહો છો એ અસંભવ છે, મૃત્યુ બાદ કોઈ પુનઃજીવિત થઈ શકતું નથી. આ પ્રકૃતિની વિરુદ્ધ છે.’ બુદ્ધિશાળી અરુણાસુર પૂછે છે ‘શું મારી માતા માટે હું યમદેવને પરાજિત ન કરી શકું? યમદેવ પરાજિત થઈ જ ગયા હતા પણ તમે આવીને યમદેવને છોડાવી લીધા. હું તમને વચન આપું છું કે જો ભગવાન શિવ મારી માતાને પુનઃજીવિત કરશે તો હું આજીવન ભગવાન શિવનો સેવક બનીને રહીશ.’ મૂંઝાયેલા કુમાર કાર્તિકેય કૈલાસ પહોંચે છે. ભગવાન શિવ કહે છે, ‘કુમાર મેં તમને યુદ્ધભૂમિમાં જતા પહેલાં જ કહ્યું હતું કે, તમે યુદ્ધભૂમિમાં ફક્ત દેવતાઓના સેનાપતિ છો, નહીં કોઈના પુત્ર, કે નહીં કોઈના પતિ. એક યોદ્ધા યુદ્ધભૂમિમાં લાગણીશીલ થઈ જાય એ યોગ્ય નથી. અરુણાસુરની માતાને પુનઃજીવિત નહીં કરી શકાય.’ સામો સવાલ કરતાં કુમાર કાર્તિકેય કહે છે, ‘પિતાશ્રી શું તમે સૂર્યદેવ અને ઋષિ માર્કંડેયને પુનઃજીવિત નહોતા કર્યા.’ ચર્ચા વધુ ઉગ્ર થતાં નંદી કુમાર કાર્તિકેયને સમજાવવા જતાં કુમાર કાર્તિકેય નંદીને કહે છે, ‘નંદી મહારાજ આ એક પિતા અને પુત્ર વચ્ચે ચાલી રહેલી ચર્ચા છે, તમે દરમિયાનગીરી ન કરો તો ઉત્તમ રહેશે.’ દૂરથી આ સાંભળી રહેલા માતા પાર્વતી ક્રોધિત થઇ ત્યાં પધારે છે અને કહે છે, ‘કુમાર, મર્યાદાનું ધ્યાન રાખો, તેનું ઉલ્લંઘન કરી મને લજ્જિત ન કરો. નંદી અને તમારા પિતાની માફી માગો.’ કુમાર કાર્તિકેય દ્વારા નંદીની માફી ન મગાતા માતા પાર્વતી ક્રોધિત થાય છે અને કહે છે, ‘કુમાર જાવ અહીંથી, આ મારો આદેશ છે.’ માતા પાર્વતીનો આદેશ સાંભળી કુમાર કાર્તિકેય ત્યાંથી ચાલ્યા જાય છે. માતા પાર્વતી ભગવાન શિવને કહે છે, ‘સ્વામિ! તમે કુમાર માટે ચિંતિત ન થાઓ, હું એને સમજાવીશ.’ દુઃખી માતા પાર્વતી કુમાર કાર્તિકેયને સમજાવવા તેની પાસે જાય છે.

* * *

ભગવાન શિવઃ ‘નંદી મારે તમને એટલું જ કહેવું છે કે તમે કુમારની વર્તણૂકનું માઠું લગાવશો નહીં, તેમના વતી હું તમારી....’

નંદીઃ ‘નહીં પ્રભુ નહીં! તમે આવું નહીં બોલો. કુમાર મને અત્યંત પ્રિય છે તેમની વાતથી મને માઠું લાગવાનો સવાલ જ નથી. પણ હું એવું વિચારી રહ્યો છું કે, કુમાર શું વિચારી રહ્યા હશે? એમને એવું તો નહીં લાગે ને કે દરેક વખતે તેમની ઉપેક્ષા જ થાય છે, તેમના શબ્દની કોઈ કિંમત નથી અહીં. પ્રભુ કુમારની મનોદશા અસ્વસ્થ થઈ જશે તમે એમને સાચવી લો.’

ભગવાન શિવઃ ‘ચિંતા ન કરો નંદી, કુમારને વસ્તુસ્થિતિની સમજ હોવી જોઈએ, તેમણે યુદ્ધભૂમિમાં ફક્ત દેવતાઓના સેનાપતિ તરીકે યુદ્ધ લડવું જોઈએ, એક યોદ્ધા યુદ્ધભૂમિમાં લાગણીશીલ થઈ જાય એ યોગ્ય નથી. અરુણાસુરની માતાને પુનઃજીવિત નહીં કરી શકાય એ જ સત્ય છે. નંદી તમે કુમારને માફ કરી તમારા કામમાં વ્યસ્ત થઈ જાઓ.’

નંદી ભગવાન શિવના આશિર્વાદ લઈ પોતાના કામમાં વ્યસ્ત થઈ જાય છે.

* * *

બીજી તરફ માતા પાર્વતી કુમાર કાર્તિકેયને સમજાવવા જાય છે. કુમાર કાર્તિકેય એકાંતમાં બેઠા હોય છે.

માતા પાર્વતીઃ ‘કુમાર શું વિચારી રહ્યા છો. અરુણાસુર જે ઇચ્છે છે એ સંભવ નથી. એ વાત સાચી છે કે સૂર્યદેવ, વિનાયક અને ઋષિ માર્કંડેયને પુનઃજીવિત કરાયા હતા પણ એમની ઉપસ્થિતિ સંસારના કલ્યાણ માટે જરૂરી હતી. સૂર્યદેવ સૃષ્ટિના દિવસ-રાતના ચક્ર માટે ખૂબ જરૂરી છે, વિનાયક સંસારના કલ્યાણ માટે અને ઋષિ માર્કંડેય દ્વારા માર્કંડેય પુરાણની રચના આવશ્યક હતી. અરુણાસુરની માતાને પુનઃજીવિત કરવાથી સંસારને કોઈ ફાયદો નથી. એક સાધારણ માનવી માટે જીવન-મરણનું સંસારચક્ર તોડવું યોગ્ય નથી.’

કુમાર કાર્તિકેયઃ ‘માતા મેં અરુણાસુરની માતાને પુનઃજીવિત કરી દિર્ઘાયુ કે અમરત્વ માટે તો નથી કહ્યું, ફક્ત થોડા સમય માટે અરુણાસુર પોતાની માતાનો પ્રેમ પામી શકે, બસ એટલું હું માગું છું. મેં અરુણાસુરને વચન આપ્યું છે, શું પિતાજી અને તમારા માટે મારા વચનનું કોઈ મૂલ્ય નથી.’

માતા પાર્વતીઃ ‘પુત્ર તમારે વચન આપવા પહેલા વિચારવું જોઈતું હતું, કે આવું વચન આપી શકાય. કાલે તમારી પાસે અસંખ્ય લોકો પોતાની માતાના મૃતદેહને લઈને આવશે ત્યારે તમે શું કરશો? આનું પરિણામ શું આવશે એવું તમે ન વિચાર્યું, જે વચન તમારા પિતા કે હું ન આપી શકું એ વચન તમે કઈ રીતે આપી શકો? તમને તમારા પિતાએ પહેલા જ ચેતવ્યા હતા કે યુદ્ધભૂમિમાં લાગણીશીલ ન થતાં તમે એક યોદ્ધા તરીકે યુદ્ધભૂમિમાં ઊતરજો, તમે એક સેનાપતિ તરીકે તમારી જવાબદારી નિભાવવામાં અસફળ રહ્યા છો. યુદ્ધમાં તમે ભાવુક થઈ ગયા અને વચન આપી બેઠાં. તમે કરેલી ભૂલને સંતાડવા અમે સૃષ્ટિના નિયમોનો ભંગ નહીં કરી શકીએ.’

કુમાર કાર્તિકેયઃ ‘હા માતા મારી ભૂલ થઈ છે, પણ મારે હવે એ વિચારવું રહ્યું કે મારાથી કઈ મોટી ભૂલ થઇ છે, વચન આપવાની કે કોઈપણ સંજોગોમાં મારા માતા-પિતા મારી સાથે છે એવું સમજવાની.’

માતા પાર્વતીઃ ‘કુમાર તમે ભાવુકતામાંથી બહાર આવો, સંસારના કલ્યાણનું વિચારો.’

કુમાર કાર્તિકેયઃ ‘અહીં વાત અરુણાસુરનો તેની માતા પ્રત્યેનો પ્રેમ અને એને એ સંભાવનાની કે એક અસુરને આસુરીશક્તિથી દૂર કરવાની, એને સારા માનવ તરીકે પરિવર્તિત કરવાની. જો એની મા જીવિત થઈ જાય તો એ આજીવન પિતાશ્રીની ભક્તિ કરવા તત્પર છે.’

માતા પાર્વતીઃ ‘કુમાર ભક્તિ ભક્તિ હોય છે, ભક્તિમાં ‘જો અને તો’નું કોઈ મૂલ્ય નથી હોતું. ભક્તિમાં કોઈ સોદાબાજી કે વ્યવસાય નથી હોતો. સાચો ભક્ત કોઈ દિવસ પોતાના આરાધ્ય સાથે સોદાબાજી કરતો નથી, તે પોતાનું ભવિષ્ય આરાધ્ય પર છોડી નિર્મળ ભક્તિ તરફ વળે છે અને નિર્મળ ભક્તિ કરનાર ભક્તને આરાધ્ય ક્યારેય છોડતા નથી. આરાધ્ય હંમેશાં તેમની સાથે હોય છે તેમની રક્ષા કરે છે અને મનવાંછિત ફળ આપતા રહે છે. છેલ્લે તમને એટલું કહીશ કે ભક્તમાં નિર્મળ ભક્તિ હોવી જોઈએ નહીં કે કોઈ સોદાબાજી.’


માતા પાર્વતી તરફથી કોઈ સાંત્વન કે સહકાર ન મળતાં કુમાર કાર્તિકેય ત્યાંથી ચાલ્યા જાય છે. પુત્રને આમ રિસાઈને જતાં રહેતાં માતા પાર્વતીના નેત્રમાંથી આંસુ સરી આવે છે. (ક્રમશઃ) ■

## નવી કૉલમ

# ધર્મસ્થાનકોની તારીખ-તવારીખ

ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# તિરુપતિ બાલાજીનો સૌથી શ્રીમંત મંદિરમાં સમાવેશ




આંધ્ર પ્રદેશમાં આવેલું તિરુપતિ બાલાજી મંદિરની ગણના દુનિયાના સૌથી શ્રીમંત મંદિરોમાં થાય છે. આ મંદિરમાં દર મહિને ૬૦ હજારથી વધારે લોકો દર્શન કરતા આવે છે. અહીં ભગવાન વેંકટેશ્વરની પૂજા થાય છે. જે વિષ્ણુના જ અવતાર ગણાય છે. આ મંદિરના અનેક નામ છે. તેમાં વેંકટેશ્વર સ્વામી મંદિર, તિરુમાલા મંદિર, તિરુપતિ મંદિર અને તિરુપતિ બાલાજી મંદિર જેવાં નામોનો સમાવેશ થાય છે. આ મંદિરનો કારભાર તિરુમાલા તિરુપતિ દેવ સ્થાનમાં (ટીટીડી) દ્વારા સંભાળવામાં આવે છે, જે આંધ્ર પ્રદેશ સરકારની સ્વાગત સંસ્થા છે અને ટીટીડીમાં અધ્યક્ષની નિમણૂક આંધ્ર પ્રદેશ સરકાર દ્વારા કરવામાં આવે છે.

તિરુમાલાની ટેકરી પર આ મંદિર આવેલું છે, જે દરિયાથી લગભગ ૯૦૦ મીટરની ઊંચાઇએ છે. તિરુમાલાની સાત ટેકરીઓ છે. જે આદિશેષ એટલે કે શેષનાગના સાત માથા છે એવી લોકવાયકા છે. આ સાત ટેકરીમાંથી એક પર આ મંદિર બાંધવામાં આવ્યું છે. જે દ્રાવિડિયન સ્થાપત્યનું અનોખું ઉદાહરણ છે. તિરુપતિ બાલાજી મંદિરને સાત ટેકરીવાળા મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે.

ત્રીજી સદી એટલે કે લગભગ ૧,૮૦૦ વર્ષ પહેલાં આ મંદિરની સ્થાપના કરવામાં આવી છે એમ મનાય છે. સૌ પ્રથમ અહીં ટોન્ડાઇમન શાસકોનું રાજ હતું, પછી ચોલા, પાંડયા અને વિજયનગરના શાસકોએ આ મંદિરની દેખભાળ કરી હતી. આ મંદિરમાં ભગવાન વેંક્ટેશ્વરની જે મૂર્તિ છે તેનું મુખ પૂર્વ દિશા તરફ છે. ભગવાન વિષ્ણુના આઠ સ્વયંભૂ મંદિર છે, તેમાં આ મંદિરનો સમાવેશ થાય છે.

આ મંદિર સાથે અનેક લોકવાયકાઓ જોડાયેલી છે. કળિયુગની શરૂઆત પહેલાં વિષ્ણુ ભગવાને નારદમુનિને માનવોના રક્ષણ માટે કોઇ સારું સ્થળ શોધવાનું જણાવ્યું હતું. ભગવાન વિષ્ણુ તેમના ભક્તોના રક્ષણ માટે પૃથ્વી પર કોઇ સારાં સ્થળની શોધમાં હતા. ત્યારે નારદમુનિએ તેમને દક્ષિણ ભારતમાંની સ્વર્ણમુખી નદી નજીકની જગ્યાનું સૂચન કર્યું હતું. તે સમયે શેષનાગે સાત માથા સાથે અહીં વસવાટ કર્યો અને અહીં સાત ટેકરીઓ ઉત્પન્ન થઇ. તેથી આ વિસ્તારને શેષચલની તરીકે પણ ઓળખવામાં આવે છે. વિષ્ણુએ ત્યારે ભગવાન વેંકટેશ્વરનું રૂપ ધારણ કર્યું અને આ સાત ટેકરીમાંથી એક પર વસવાટ કરવાનો નિર્ણય કર્યો.

બીજી લોકવાયકા ભૃગુ ઋષિની છે. એકવાર ભૃગુ ઋષિ ભગવાન શિવ અને બ્રહ્માને મળવા ગયા, પણ બંને ભગવાન ‘બિઝી’ હતા એટલે તેઓ વૈકુંઠમાં વિષ્ણુ ભગવાનને મળવા પહોંચ્યા. વિષ્ણુ ત્યારે આરામ ફરમાવી રહ્યા હતા. ભગવાન વિષ્ણુને ઉઠાડવા માટે ભૃગુ ઋષીએ તેમને લાત મારી. માતા લક્ષ્મીને આ અપમાન જેવું લાગ્યું. એટલે તેઓ ગુસ્સામાં વૈકુંઠ છોડી ચાલી ગયાં. ભગવાન વિષ્ણુને આ વાતની જાણ થઇ તો તેઓ લક્ષ્મીની શોધમાં હિમાલયથી લઇને ગંગા સુધી ફરી વળ્યા. ત્યારે તેઓ આ શેષાચલમ વિસ્તારમાં આવ્યા જે તેમને વૈકુંઠ જેવું જ લાગ્યું. તે સમયે તેમને માતા લક્ષ્મી પણ મળ્યા અને પછી બંનેએ અહીં જ રહેવાનું નક્કી કર્યું.

માતા લક્ષ્મીએ કલિયુગમાં પદમાવતીનું રૂપ ધારણ કર્યું અને વિષ્ણુ ભગવાને વેંકટેશ્વરનું રૂપ ધારણ કર્યું. આ મંદિરના ઇતિહાસમાં જોડાયેલી લોકવાયકા ઉપરાંત સૌ પ્રથમ ઉલ્લેખ ૧૦મી સદીનો છે. જેમાં પલ્લવ વંશની રાણી સમાવલે આ મંદિર માટે પોતાના અનેક દાગીના અને ૧૦ એકર તેમ જ ૧૩ એકરની બે જમીન દાનમાં આપી. આ જમીન પર મંદિરમાં યોજાતા મહોત્સવનું આયોજન કરવામાં આવે એમ તેમણે કહ્યું હતું. આ પછી ચોલા વંશ, રેડી, સામ્રાજય, વિજયનગર પ્રધાન વગેરેએ આ મંદિરની દેખભાળ કરી હતી. દેશભરના શાસકોથી માંડીને આજની કર્ણાટક સરકાર આ મંદિરની દેખરેખ કરે છે.

વિજયનગરનું પતન થયા પછી મૈસુરના રાજા, ગઢવાલ સંસ્થાનમના શાસકોએ અહીંની દેખભાળ કરી. ૧૮૦૦ની સાલમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ આ મંદિરના વહીવટીતંત્ર પર કબજો જમાવ્યો હતો. ૧૯૪૩માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ હાથી રામજી મઠના મહંતોને આ મંદિરનો કારભાર સોંપી દીધો. લગભગ છ પેઢી સુધી તેમણે આ કારભાર સંભાળ્યો અને ૧૯૩૩માં તિરુમાલા તિરુપતિ દેવસ્થાનના (ટીટીડી)ની સ્થાપના કરવામાં આવી. ૧૯૫૧માં મદ્રાસ હિન્દુ રિલિજિયન એન્ડ ચેરિટેબલ એન્ડોવમેન્ટ એક્ટ હેઠળ તેનો સમાવેશ કરવામાં આવશે અને ૧૯૬૬માં આ મંદિરનો કારભાર, આંધ્ર પ્રદેશ સરકારે સંભાળી લીધો.

આ મંદિરના ગર્ભગ્રહમાં ભગવાન વેંકટેશ્વરની આઠ ફૂટની મૂર્તિ છે, જે કાળા પથ્થરની છે, પણ તે સ્વયંભૂ છે એમ માનવામાં આવે છે. આ મંદિરની આ પ્રતિમા કોણે બનાવી અને કોણે સ્થાપી એનો ક્યાંય ઉલ્લેખ જોવા મળતો નથી.

આ મંદિરમાં ભગવાન વેંકટેશ્વર સાથે રામ લક્ષ્મણ, સીતા, રુક્મિણી, કૃષ્ણ, ગરૂડ, નરસિંહ, વરદરાજ, કુબેર, હનુમાનની મૂર્તિ પણ છે. સાથે જ શેષનાગ, વિશ્વાકસેના, સુગ્રીવ અને રામાનુજાચાર્યની મૂર્તિઓ પણ જોઇ શકાય છે. આ મંદિરમાં ૩૬૫ દિવસમાં કુલ ૪૩૩ ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે. જેમાં મુખ્ય શ્રી વેંકટેશ્વર બ્રહ્મોત્સવમ, વૈકુંઠ એકાદશી અને રથસપ્તમીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રામનવમી, જન્માષ્ટમી, ઉગાડી શ્રી પદ્માવતી પરિણયોત્સવ, પુષ્પ યજ્ઞમ, વસંતોત્સવનો સમાવેશ થાય છે.

(આવતા અંકમાં તિરુપતિ બાલાજીમાં વાળ ચઢાવવાનું મહત્ત્વ અને તિરુપતિને પ્રસાદમાં લાડુ શા માટે ચઢાવાય છે અને તેનાં વિશે વિગતવાર જાણીશું). ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com

# ચાર મહાવાક્ય



વેદાંત-દર્શનના ચાર ખૂબ પ્રસિદ્ધ મહાવાક્ય. એમ કહી શકાય કે આ વાક્ય વેદ અને ઉપનિષદોનો સાર છે, જે આત્મા અને બ્રહ્મની એકતા સમજાવે છે. અદ્વૈત સિદ્ધાંતનો આ આધાર છે. આ ચારેય વાક્ય અલગ અલગ વેદ અને ઉપનિષદમાંથી લેવામાં આવ્યા છે. આ ચાર વાક્ય છે; પ્રજ્ઞાનં બ્રહ્મ, અહં બ્રહ્માસ્મિ, તત્ત્વમસિ અને અયમાત્મા બ્રહ્મ. ચારેય મહાવાક્યો ઉપનિષદોમાંથી લેવાયા છે જેને જે વેદોના અંતિમ ભાગ, અંતિમ તબક્કા, અંતિમ સાર - વેદાંત તરીકે લેવાય છે.

'પ્રજ્ઞાનં બ્રહ્મ' એ ઋગ્વેદના ઐતરેય ઉપનિષદનું મહા વાક્ય છે જેનો અર્થ થાય છે કે 'ચેતના જ બ્રહ્મ છે'. જે ચેતના સમગ્ર સૃષ્ટિમાં પ્રસરે છે, વિચરે છે, જાણે છે, અનુભવ કરે છે તે જ પરમ સત્ય છે - ચેતના જ ઈશ્વરનું સ્વરૂપ છે. 'અહં બ્રહ્માસ્મિ' યજુર્વેદના બૃહદારણ્યક ઉપનિષદમાંથી લેવાયેલ વાક્ય છે જેનો અર્થ થાય છે કે 'હું બ્રહ્મ છું'. આ કંઈક અહંકારને આધારે કહેવાયેલું વિધાન નથી, આ તો વ્યક્તિનું પોતાનું સાચું આત્મસ્વરૂપ - બ્રહ્મસ્વરૂપ સમજવાની વાત છે. 'તત્ત્વમસિ' સામવેદના છાંદોગ્ય ઉપનિષદમાંથી લેવાયેલું વાક્ય છે જેનો અર્થ થાય છે કે 'તું એ જ છે'. ઋષિ ઉદ્દાલક આરુણીએ પોતાના પુત્ર શ્વેતકેતુને સમજાવવા જણાવ્યું હતું કે તું અને બ્રહ્મ અલગ નથી. જ્યારે 'અયમાત્મા બ્રહ્મ' એ અથર્વવેદના માંડૂક્ય ઉપનિષદનું વાક્ય છે જેનો અર્થ થાય છે કે 'આ આત્મા જ બ્રહ્મ છે', અર્થાત પોતાનો આત્મા અને પરમાત્મા એક જ છે. આ ચાર મહાવાક્ય માત્ર વાક્ય નથી, તે વેદાંત-દર્શનના તત્ત્વજ્ઞાનનો સાર છે. આ ચારેય મહાવાક્યોનો સંક્ષિપ્ત સાર સ્થૂળ સૂક્ષ્મ અને કારણ અસ્તિત્વ વચ્ચે રહેલી એકતા સમજાવવાનો છે.

અદ્વૈત સિદ્ધાંતની આ વિચારધારાના, આ દર્શનના પ્રખર પ્રચારક આદિ શંકરાચાર્ય હતાં. તેમણે એ સમજાવવા પ્રયત્ન કર્યો છે કે જીવ-આત્મા અને બ્રહ્મ અલગ નથી. જે અલગતા અનુભવાય છે તે અવિદ્યા અને અજ્ઞાનનું પરિણામ છે. માયાના પ્રપંચને કારણે દ્વૈત-ભેદ પ્રતીત થાય છે. અવિદ્યા અને અજ્ઞાન દૂર થતાં તે એકત્વની અનુભૂતિ શક્ય બને છે. જીવ અને શિવ વચ્ચેની એકતા સમજવાની છે. બ્રહ્મસ્વરૂપ - પોતાનાં સ્વરૂપને ઓળખવાનું છે. પોતે બ્રહ્મથી ભિન્ન નથી, તેની પ્રતીતિ કરવાની છે.

જેમ હું બ્રહ્મ છું તેમ તમે પણ બ્રહ્મ છો. આ ચેતના જેમ બ્રહ્મ છે તેમ આત્મા પણ તે જ બ્રહ્મ છે. આ સમીકરણ અદભુત છે. આ ચારેયને એક સાથે જોવામાં આવે તો એમ જાણી શકાય કે; 'જે હું છું તે જ તમે છો, જેમ હું આત્મસ્વરૂપ છું તેમ તમે પણ આત્મસ્વરૂપ છું. આ આત્મા જ પરમ તત્વ છે, જે મારામાં અને તમારામાં સમાન છે. આ આત્મા જ ચેતના છે અને તે પણ મારામાં અને તમારામાં સમાન છે. હું જેમ ચેતના છું તેમ તમે પણ ચેતના છો'. અહીં દરેક ભેદ જાણે લુપ્ત થઈ જાય છે. હું, તમે, આત્મા અને ચેતના; જાણે પરસ્પરનાં પર્યાય બની જાય છે. વિશ્વમાં પ્રવર્તમાન ઐક્ય સમજવા માટે આ અદ્‌ભુત, વાસ્તવિક તેમજ શાશ્વત જ્ઞાન છે. અહીં એ પ્રતિત થાય છે કે જેમ વ્યક્તિ અને પરમ સત્ય વચ્ચે કોઈ ભેદ નથી તેમ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પણ ભેદ નથી તથા ચૈતન્ય અને આત્મા વચ્ચે પણ ભેદ નથી. દ્વૈતભાવનું અહીં સંપૂર્ણતામાં ખંડન થઈ જાય છે.

અદ્વૈત મુજબ દુઃખનું મૂળ કારણ છે અવિદ્યા અને અજ્ઞાન છે જેને કારણે અહંકાર સ્થાપિત થાય છે અને એમ માની લેવાય છે કે વ્યક્તિ શરીર અને મન છે. તેની અપેક્ષાએ વાસ્તવિકતા એ છે કે વ્યક્તિ શરીર તથા મન નથી; પરંતુ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. જ્યારે આ વાત સમજમાં આવે ત્યારે મોહ, ભય, ચિંતા, અહંકાર, મમત્વ, વિવિધ પ્રકારનાં ભાવ તથા અસ્તિત્વ સાથે જોડાયેલાં ભ્રામક સમીકરણો નષ્ટ થાય છે. આ સમજથી સમત્વનો ભાવ પણ જાગ્રત થાય અને એકત્વની અનુભૂતિ પણ થાય.

એમ કહેવાય છે કે આત્મ સાક્ષાત્કારનો આ સીધો, સરળ અને સ્પષ્ટ માર્ગ છે. જો આ મહાવાક્યને શ્રવણ-મનન-નિદિધ્યાસન દ્વારા સમજવામાં આવે તો મુક્તિનો માર્ગ સહજ બની રહે. અદ્વૈત સિદ્ધાંત અનુસાર મુક્તિ કંઈ પ્રાપ્ત કરવાની સ્થિતિ નથી, તે તો પોતાની સાચી ઓળખ મેળવવાથી અનુભવમાં આવતી થતી સ્થિતિ છે. વ્યક્તિ પોતે બ્રહ્મ નથી તે પ્રકારનું અજ્ઞાન દૂર કરવાથી બ્રહ્મપણું અનુભવમાં આવે. આ પ્રકારનો પ્રયાસ જ મુક્તિનું દ્વાર છે. ક્યારેક આ આત્માને સમજવા માટે 'નેતિ નેતિ' માર્ગ પણ લેવાય છે, જેનો અર્થ થાય છે 'ન ઇતિ, ન ઇતિ' અર્થાત 'આ નથી, આ પણ નથી'. આ વિધાન બ્રહ્મ માટે છે. આ ચાર મહાવાક્યમાં બ્રહ્મ શું છે તેમ દર્શાવવામાં આવ્યું છે અને ત્યાં સુધી પહોંચવા માટે જે જે બાબત બ્રહ્મ નથી તેની બાદબાકી કરવાની આ પ્રક્રિયા છે. બ્રહ્મને સમજાવવા માટે જે બ્રહ્મ નથી તેની ખાતરી હોય તેને દૂર કરતાં જવું. બ્રહ્મ ઇન્દ્રિયોના વિષયનું ક્ષેત્ર નથી, તે મનની પહોંચની બહાર છે, બુદ્ધિની ક્ષમતા પણ ત્યાં સુધી વિચારી શકતી નથી, ચિત્તમાં એકત્રિત સંસ્કાર તેમજ ડહાપણ થકી પણ ત્યાં પહોંચી શકાતું નથી અને સાત્વિક અહંકાર પણ ક્યારેક બાધા બની જાય. આવા સંજોગોમાં ઇન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સાથે સંકળાયેલી દરેક બાબત, એ કે જેની સાથે આકાર અને ગુણધર્મો સંકળાયેલા હોય, તેની બાદબાકી કરવાથી અંતે જે વધે તે આત્મા; કારણ કે તો આત્મા નિરાકાર અને નિર્ગુણ છે. પથ્થરમાંથી મૂર્તિ બનાવતી વખતે પથ્થરનો જે ભાગ મૂર્તિનો હિસ્સો ન હોય તેને દૂર કરવાથી મૂર્તિ આપમેળે પ્રગટ થાય; આ કંઈક આવી ઘટના છે. આ સમગ્ર પ્રક્રિયામાં દર્પણ જોવાનું છે, દર્પણમાં દેખાતું પ્રતિબિંબ નહીં. સાર એટલો જ કે 'તું જે શોધી રહ્યો છે, તે તું પોતે જ છે'. ■




મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

નવી કૉલમ

# લોકશાહી ભારોભાર



ગયા પ્રકરણમાં આપણે જોયું કે સનાતન ધર્મમાં અનેક પ્રકારનું જ્ઞાન પીરસાયું છે, પરંતુ દરેક વ્યક્તિ એને હૂબહૂ અનુસરે તેવો આગ્રહ નથી રખાયો.

દરેકને પોતાની રીતે વિચારવાની, બોલવાની અને વર્તન કરવાની છૂટ અપાઈ છે. લોકશાહીની જેમ વાણી સ્વાતંત્ર્યતા એ સનાતન ધર્મનો પણ પાયાનો ગુણ છે. સનાતન ધર્મના અનેક વાહકોએ આ સ્વતંત્રતાનો ઉપયોગ કરીને તેને જરૂર પડ્યે મઠારી સુધારીને દરેક કાળમાં જીવંત રાખ્યો છે.

બીજું, લોકશાહી દેશમાં જેમ એક સામાન્ય નાગરિક વડા પ્રધાન પદ પર પહોંચી શકે છે તેમ સનાતન ધર્મમાં કોઈ સામાન્ય જીવ પણ શિવ થઈ શકે છે. પરમ પદ પામી શકે છે. નરસિંહ મહેતા જેવા બ્રાહ્મણ હોય કે ગોરા કુંભાર, મીરાંબાઈ જેવા રાજપૂત હોય કે નામદેવ દરજી, સંત એકનાથ હોય કે રોહીદાસ ચમાર દરેક જણે ભક્તિ માર્ગે આગળ વધીને પરમ પદ પ્રાપ્ત કર્યું છે.

વળી પરમ સ્થાને પહોંચવા માત્ર આ એક જ માર્ગ નથી. જ્ઞાન માર્ગ અને કર્મ માર્ગ દ્વારા પણ સર્વોચ્ચ પદ પ્રાપ્ત કરી શકાય છે. સ્વામી વિવેકાનંદ અને યોગી અરવિંદ જેવા સંત જ્ઞાન માર્ગે આગળ વધ્યા હતાં તો શ્રીરામ, કૃષ્ણ, અર્જુન વગેરે કર્મ માર્ગે ઉચ્ચ પદ પામ્યા. આમ આ લોકશાહીયુક્ત ધર્મમાં લોકો પોત પોતાની પસંદગી અનુસાર, પોતાને અનુકૂળ હોય એ પ્રમાણેની ઉપાસના પદ્ધતિ અપનાવીને પોતાના જીવનો અને જીવનનો વિકાસ સાધી શકે છે.

આ ધર્મમાં મનુષ્ય અને ઈશ્વર અલગ અલગ નથી. મનુષ્ય ક્યારેય ઈશ્વર ન બની શકે. તેણે તો ફક્ત ઈશ્વરીય આદેશનું પાલન જ કરવાનું એવું કોઈ ફરમાન સનાતન ધર્મમાં નથી.

મનુષ્ય ચાહે તો પોતાની મહેનત, લગન અને બુદ્ધિથી ઈશ્વર બની શકે છે.

ત્રીજું, તંદુરસ્ત લોકશાહીમાં જેમ વિપક્ષનું અર્થાત વિરોધ પક્ષોનું સ્થાન હોય છે તેમ સનાતન ધર્મ વિરોધીઓને પણ આવકારે છે. સનાતન ધર્મ એટલે કે હિન્દુ ધર્મને ન અનુસરનારા પણ હિન્દુ જ રહે છે. આ ધર્મ માત્ર વિરોધીઓનો જ નહીં પણ ધર્મમાં ન માનનારા નાસ્તિકોનો પણ સ્વીકાર કરે છે.

કોઈ વ્યક્તિ નાસ્તિક હોય પરંતુ મન, વચન અને કર્મથી સદગુણી હોય, કોઈનું પણ વિચાર, વાણી અને વર્તન દ્વારા અહિત ન કરતો હોય તો એ સદાય આવકાર્ય જ હોય છે. હિન્દુ ધર્મમાં તમને ક્યારેક વિરોધાભાસ કે મત મતાંતરો જોવા મળે તો એ પણ તંદુરસ્ત લોકશાહીની નિશાની છે. સ્વામી વિવેકાનંદે કહ્યું જ છે કે વિવિધતામાં એકતા એ જ સનાતન ધર્મની ખૂબી છે. પાંચેય આંગળીઓ સરખી નથી હોતી પરંતુ એક જ હાથ સાથે જોડાયેલી રહે છે તેમ વિચારો કે આચરણમાં ભિન્નતા હોય કે વિવિધતા હોય છતાંય બધા જ લોકો સનાતન ધર્મ સાથે જોડાયેલા રહે છે.

બીજી એક અગત્યની વાત.

લોકશાહી દેશમાં કોઈ પણ વ્યક્તિને અભિવ્યક્તિની સ્વતંત્રતા હોય છે તેનો અર્થ એ નથી કે તે સ્વચ્છંદ બની જાય.

જે કોઈ પણ વ્યક્તિ પછી એ આમ હોય કે ખાસ હોય પોતાની મર્યાદા ઓળંગે, ફરજ ભૂલે અને કોઈનું પણ અહિત થાય એવું વિચારે, બોલે કે કાર્ય કરે તો સજા રૂપી ફળ પણ ભોગવે છે. ભલભલા સત્તાધારીઓ પણ પોતાની ફરજ કે કર્તવ્ય ચૂકી જાય તો પ્રજા તેમને પાઠ ભણાવી શકે છે.

આ જ વાત સનાતન ધર્મમાં પણ સમજાવવામાં આવી છે.

દરેક મનુષ્યને પોતાની રૂચિ અને વિવેકબુદ્ધિ પ્રમાણે કર્મ કરવાની છૂટ છે, અધિકાર છે પરંતુ હા!

તેને તે કર્મના ફળ કેવા મળવા જોઈએ તે નિયતી પર છોડાયું છે. માણસને કર્મ કરવાનો જ અધિકાર મળ્યો છે ફળ પર નહીં. આ ફળ ભોગવવામાંથી માત્ર સામાન્ય માણસ જ નહીં પરંતુ સાધુ સંતો કે રામ કૃષ્ણ જેવી વિભૂતીઓ પણ બાકાત નથી રહી. રાજા હોય કે પ્રજા, રાય હોય કે રંક દરેકે કોઈ પણ ભેદભાવ વગર પોતાના કર્મોના ફળ ભોગવવા જ પડે છે. સારા કર્મોના સારા ફળ અને ખરાબ કર્મોના ખરાબ ફળ વહેલા કે મોડા મળીને જ રહે છે. વેદ હોય કે ઉપનિષદ, પુરાણ હોય કે ભગવદ ગીતા કર્મનો આ સિદ્ધાંત દરેક જગ્યાએ અલગ અલગ પ્રકારે ચર્ચાયો જ છે. કર્મનો સિદ્ધાંત એ સતાતન ધર્મની ખૂબસુરતી છે. આ સિદ્ધાંતને કારણે જ માણસને પોત પોતાની રીતે કર્મ કરવાની સ્વતંત્રતા મળી છે તો તેના ફળ પર પોતાનો અધિકાર ન હોવાથી એ સ્વતંત્ર હોવા છતાં શિસ્તમાં રહે છે. સત્કર્મ કરવા પ્રયત્ન શીલ રહે છે જ.

આવું સ્વયંસંચાલિત શિસ્તબદ્ધ લોકતંત્ર એ સનાતન ધર્મની દેણ છે પણ અફસોસની વાત એ છે કે આ બધુ જ્ઞાન આજે શાળા કોલેજોમાં શીખવા નથી મળતું અને નવી પેઢી સનાતન ધર્મથી વિમુખ થતી જાય છે.

આ કોલમ શરૂ કરવાનો આશય જ એ છે કે સનાતન ધર્મ અંગે લોકોમાં પ્રસરેલી ભ્રમણાઓ, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાઓ દૂર થાય અને વૈજ્ઞાનિક ઢબે શ્રદ્ધા દ્રઢ થાય.

(ક્રમશઃ)■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay
samachar.com

# કાર્ય પાછળનો હેતુ મોહ તો નથી ને ?

ગત અંકમાં શાંતિનો ઉપાય બતાવીને હવે ભગવાન કૃષ્ણ કાર્યનું પ્રેરક બળ શુદ્ધ રાખવાની પ્રેરણા આપે છે.

ઘણીવાર આપણે માનીએ છીએ કે સારા કાર્યની પાછળ સદાય સારો ભાવ હોય છે. પણ જીવન એટલું સરળ નથી. માણસનું મન એક જંગલ છે, અહીં સદગુણોનાં વૃક્ષો પણ ઊગે છે અને દુર્ગુણોની કાંટાવાળી વનસ્પતિ પણ પાંગરે છે.

મોહ એક એવું પ્રેરક બળ છે, જે બધાંજ પ્રેરક બળોને ચાવી જાય છે. આપણી ક્રિયાઓને ધ્યાનથી જોઈશું તો પકડાશે કે મોહ જ આપણને દોરી રહ્યો છે.

એક ગામમાં બે ભાઈ રહેતા. મોટા ભાઈએ ગામમાં એક શાળા ખોલી. સૌએ વખાણીઃ કેટલું સારું કામ! નાના ભાઈએ પૂછ્યું, ભાઈ, તને શાળાનો વિચાર કેમ આવ્યો? મોટાએ હસીને કહ્યું, મારું નામ જીવતું રહે.

કાર્ય પાછળ પ્રસિદ્ધિનો મોહ !

આપણે ઘણીવાર દાન કરીએ છીએ. પણ ફોટોગ્રાફર વગર દાન અધૂરું લાગે, તો સમજવું જોઈએ કે અહીં દાનનો નહીં, પ્રતિષ્ઠાનો મોહ છે. આપણે સેવા કરીએ છીએ, પણ પ્રશંસા ના મળે તો મન કચવાય, તો સમજવું જોઈએ કે અહીં કરુણાનો નહીં, વખાણનો મોહ છે.

ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું કે કર્મ કર, ફળની આશા છોડ. પણ આ વાક્યનો અર્થ એ નથી કે મનુષ્ય પાસે કોઈ હેતુ ન હોય. હેતુ હોવો જ જોઈએ. પણ હેતુ એવો હોવો જોઈએ જે પોતાને પાર કરે. જે માત્ર 'મારું' સુધી સીમિત ન રહે, 'અમારું' સુધી વિસ્તરે. એક દીવો છે, જો એ પોતાને જ પ્રકાશિત કરે, તો રૂમ અંધારામાં જ રહે. એ બીજાને પ્રકાશ આપે તો પોતે પણ ઝળહળે. પણ એ વિચારવું ઘટે કે આ સર્વનો વિચાર પણ સાત્ત્વિક મોહ તો નથી ને? ઘણીવાર બીજાનું હિતકાર્ય પણ મોહમાંથી જન્મેલું હોય છે.

સંતોનું જીવન બધા મોહથી રહિત હોય છે. મોહ એટલે આસક્તિ. આસક્તિ એટલે કશાકને પકડીને રાખવાની ચાહ. સામાન્ય મનુષ્ય માટે મોહ જીવનનું કેન્દ્ર છે. મારું શબ્દમાં જ તેની ઓળખ બંધાયેલી છે. મારું



ઘર, મારું કુટુંબ, મારું માન, મારું સ્થાન. પરંતુ સંતનો પ્રવાસ મારુંથી સર્વનું તરફ હોય છે. આ સર્વની ભાવના પણ પ્રભુ-પ્રેરિત હોય છે.

સાચા સંત નિર્મોહી છે એટલે તેઓ ભાવશૂન્ય નથી. તેઓ તો અત્યંત દયાળુ હોય છે. ફરક એટલો છે કે તેમની ભાવુકતા વ્યક્તિગત સીમામાં બંધાતી નથી. તેઓ એક બાળક માટે જેટલા દ્રવિત થાય છે, એટલાં જ અજાણ્યા માટે પણ થાય છે. તેમનો પ્રેમ કબજો કરતો નથી; મુક્ત કરે છે.

નિર્મોહી કાર્ય એ છે જેમાં કાર્ય મોટું હોય, કર્તા નાનો. જ્યાં મેં કર્યું કરતાં ભગવાને કર્યું વધારે સાચું લાગે. હા, સંતોના કાર્ય પાછળનો હેતુ તો ભગવાનને પ્રસન્ન કરવાનો હોય છે. તેથી તેમનું દરેક કાર્ય દીપી ઊઠે છે.

વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદનું ભાષણ ગુંજ્યું. તેઓ ઇચ્છે તો પ્રસિદ્ધિના શિખરે રહી શકતા. પરંતુ તેઓ પાછા ફર્યા. ગામડાં, ગરીબો, અજ્ઞાન અને અંધકાર વચ્ચે. તેમને નામનો મોહ હોત તો તેઓ પ્રકાશમાં રહેતા. તેઓએ અંધકાર પસંદ કર્યો, કારણ કે ત્યાં સેવા હતી. જે સત્ય માટે બોલે, તે નિર્મોહી હોય છે. મોહ હંમેશાં ભય પેદા કરે છે, લોકો શું કહેશે?, પરંતુ નિર્મોહી મનુષ્યને આ ભય નથી.

નિર્મોહી જીવનના ત્રણ ચિહ્ન સ્પષ્ટ છે. પ્રથમકર્તાપણાનો અભાવ. સંત કહે છે, હું કરતો નથી, કરાવનાર કોઈ બીજું છે. આ વાક્યમાં અહંકાર ઓગળી જાય છે. બીજું પરિણામથી અલિપ્તતા. કાર્ય સફળ થાય કે નિષ્ફળ, તેમની શાંતિ અડગ રહે છે. ત્રીજું સર્વવ્યાપી પ્રેમ. તેઓ પોતાના અને પરના ભેદમાં બંધાતા નથી.

સંતનું જીવન કમળ જેવું છે. કમળ પાણીમાં રહે છે, પરંતુ પાણી તેની પાંખડીને ભીંજવી શકતું નથી. તેઓ સમાજમાં રહે છે, સમાજની વચ્ચે કાર્ય કરે છે, પણ સમાજની પ્રશંસા કે નિંદા તેમને બંધક બનાવી શકતી નથી. એક શિષ્યે પોતાના ગુરુને પૂછ્યુંઃ ગુરુજી, તમે એટલું બધું કરો છો. તમને શું મળે છે? ગુરુએ નદી તરફ જોઈને કહ્યુંઃ નદી શું લે છે? એ તો વહે છે. જે પીવે તે તૃપ્ત થાય. નદીનો હિસ્સો તો વહેતા રહેવાનો છે.

મહંત સ્વામી મહારાજ કહે છે, સંતો નદી જેવા છે. તેઓ અટકતા નથી, ગણતરી કરતા નથી, અપેક્ષા રાખતા નથી. તેમનું જીવન ઉપદેશ નહીં, પ્રભુની ઉપસ્થિતિ છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# સત્સંગનો સંગ પારસમણિનું કામ કરે...

સત્સંગ એટલે જીવન જીવવા માટેના નીતિ-નિયમો, સત્યો, ઈશ્વરની ઈચ્છાઓ તથા લક્ષ્મણ રેખાઓ જાણતા હોવાનો દાવો કરનારાઓ સાથેનો સંગ!

* સત્સંગથી 'અંતરાત્માનો અવાજ' સાંભળવાની, સમજવાની અને એ પ્રમાણે વર્તવાની દૃઢતા કેળવાય.

* ઈશ્વરના નિયમો અને કુદરતના કાનૂનો સમજાય.


* સત્સંગથી સદ્‌બુદ્ધિ, વિવેકબુદ્ધિ અને પ્રેમબુદ્ધિ વધે.

* સત્સંગના પવિત્ર તાપથી મન-હૃદય, બુદ્ધિનો કચરો બાળવામાં મદદ થાય.

* સત્સંગથી પ્રસન્નતા અને સંતોષ મળે.

* પ્રશ્નોના ઉકેલ અંતર મનમાં જ પ્રગટે, આપણી ભૂલો, દોષો પણ દેખાય.

- સત્સંગ
* ગુરુઓ
* અંતરાત્મા
* ઈશ્વર અને
* ગ્રંથ સાથે પણ થઈ શકે
- સત્ય તથા



- ઈશ્વરીય નિયમો જાણનાર તથા
* ધીરજ
* મીઠાશ અને રૂપકો સાથે સમજાવી શકનારના એકાદ - બે વાક્યો પણ જીવન બદલી શકે.
- વાલિયામાંથી વાલ્મીકિ પણ બનાવી શકે.
* ઉદારતા
* પ્રેમ
* નમ્રતા
* દયા
* કરુણા
* સંવેદનશીલતા વધે.

* પોતાના માટે પોતાના સમાજ તથા જગત માટે પોતે વધુ ઉપયોગી સેવા આપી શકે તે માટેની લાયકાતો (કેલીબર સ્કીલ) વધારવા પર ધ્યાન જાય છે, માંગણવૃત્તિ ઘટવા પામે છે.

- સત્સંગથી
* નિર્ણયો લેવામાં.
* ચુકાદાઓ આપવા માટે બુદ્ધિ અને હૃદયનું ત્રાજવું તથા દૃષ્ટિ વધુ ચોક્કસ થતાં જાય.
- સત્સંગથી
* ધ્યેય, મિશન સ્પષ્ટ થાય તથા દિશા અને દૃષ્ટિ મળે.
- સત્સંગ એટલેઢ્ઢ
* ઊર્ધ્વગતિ તરફ લઈ જાય, પ્રેરે તેવાઓ સાથેનો સંગ.


- સત્સંગ માટે 'સાંભળવાની કળા' લાયકાત કેળવવી જરૂરી. અમેરિકાના વિવિધ રાજ્યોમાં વસતા ગુજરાતી ભાષી યુવક - યુવતીઓના આવા કાર્યક્રમોમાં થતી હાજરીથી સ્પષ્ટ થવા પામે છે. સત્સંગનો મહિમા અપાર છે.

- સત્સંગ કરવાથી
* રિક્તતા
* ગ્લાનિ
* લોભ, કંજૂસાઈ
* આળસ, દ્વેષ, રાગ, મોહ ઘટે છે અને ઘટે તો જ પાસ લાગ્યો કહેવાય, કચરો બળ્યો કહેવાય.
- સત્સંગ
* મેગ્નિફાઇંગ કાચ
* દૂરબીન
* માઈક્રોસ્કોપ અને
* ઍક્સ-રે તથા
* દર્પણનું કામ કરે છે
* સૂક્ષ્મ ભૂલો
* અવગુણોનો કચરો પણ બતાવે તથા ફિલ્ટરનું કાર્ય પણ કરે.

- એવું નથી કે સત્સંગ સમૂહમાં, સાધુ, સંત કે શાહ- મહાત્માઓના યોજાતા કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને જ માણી શકાય! રોજ એકાદ કલાકનો સત્સંગ વાંચન, પ્રવચન, ચિંતન દ્વારા મેળવી શકીએ તો ઉત્તમ પછી ભલે તે મોબાઈલ, ટેલિવિઝન કેસેટ કે કોઈપણ માધ્યમ દ્વારા હોઈ શકે.

## બોધઃ

- આર્થિક
- રાજકીય
- કાયદાકીય
- શારીરિક વગેરે માટે કે
- લૌકિક પ્રશ્નો માટેની મીટિંગોને સત્સંગ ન કહેવાય, પણ એ બધા પ્રશ્નોમાં રહેલી.
* ઈશ્વરની સલાહો
* ઈચ્છાઓ
* લક્ષ્મણરેખાઓ બાબતની જાણકારી અને જાગૃતતા સાથે વિવેકયુક્ત નિર્ણય અને વર્તન માટેની ચર્ચા-મીટિંગ તે સત્સંગ.
- સત્સંગ ખરેખર પારસમણિનું કાર્ય કરી શકે છે. ■




**સનત મારી કથામાં કોઈ જ સુંવાળો મોડ નથી. મારી આસપાસ કુદરતે એવા માણસો ગોઠવી દીધા છે જેમણે મારા પ્રત્યેક શ્વાસ ગણ્યા છે. એ બીજા કોઈ નહીં, મારા જ પરિવારજનો છે**

'લાગે છે તમે મારા પ્રેમમાં પડી ગયા છો.'

'તમને જોયા પછી કોઈ તમારા પ્રેમમાં ન પડે તો જ નવાઈ.'

તમે પુરુષ લોકો હવાઈ કિલ્લા તરત બાંધી લેતા હો છો. બાંધો ત્યાં સુધી ઠીક છે, પણ એંમા રહેવા જવાની તમારી ઉતાવળ સમજાતી નથી. હું અત્યારે તમારા ભરોસે છું એ વાત સાચી. એનો અર્થ એ નથી કે, મારે એનો બદલો તમને પ્રેમ કરીને જ વાળવો.'

'આપણે અત્યારે સમાજશાસ્ત્રની ચર્ચા બંધ કરીએ તો સારું. તમને શું લાગે છે?'

'ના, મારે સ્પષ્ટતા કરી દેવી જોઈએ. આપણે મળ્યા એ જસ્ટ એન એક્સીડેન્ટ. કાલે છૂટા પડી જવાનું છે. પોતપોતાની લાઈફમાં ખોવાઈ જવાનું છે. ખાસ કારણ વગર એક બીજાને યાદ પણ નહીં કરી શકીએ એ જાણો છો?'

'તમે એવું કરી શકશો?' સનત સોનલના હોઠ સામે તાકી રહ્યો.

'અફકોર્સ.'

'હું કદાચ ન પણ કરી શકું.'

'ઈટ્સ યોર પ્રોબલેમ. આઈ કાન્ટ ડુ એનીથીંગ. તમે ઈચ્છો તો તમે કરેલી મદદનું વળતર માગી શકો, પણ લેધર કરન્સીમાં હરગીજ નહી.'

અદબવાળીને હોઠ ભીડી દીવાલ સામે જોઈ રહેલી સોનલને જોઈ સનતે વિચાર્યુ, 'આ છોકરી કઈ માટીની બનેલી છે. મારા જ રૂમમાં, મારા જ બેડ પર બેસી મને ભાષણ આપી રહી છે. મારી મદદનો એહસાન તો ઠીક, યાદ રાખવા સુધ્ધાં સ્વીકારતી નથી. એ ચહેરા પરથી તો સેલ્ફીશ લાગતી નથી. તો પછી શા માટે આટલી હદે શા માટે પ્રોફેશનલ થઈ રહી છે. શું આ તેનો સ્વભાવ છે કે, પછી રાતનો અંધકાર એને ડરાવી રહ્યો છે. તેને સોનલનું છેલ્લું વાક્ય જરા ડંખ્યું. તેના ચહેરા પર રુક્ષતા આવી ગઈ. તેણે સિગારેટનું કેશ હાથમાં લીધું. 'કેમ ન ગમ્યું ને? સ્ત્રી જ્યારે પણ પોતાની ઇચ્છાની વાત કરે ત્યારે પુરુષ યા તો મોં ફેરવી લે છે યા ઝગડો કરે છે.'

હું બેમાંથી એકેય નહીં કરું. પણ તારી એક વાત બિલકુલ નથી ગમી.'

'બોલો મારી કઈ વાત ન ગમી? હું દિલથી તમારી માફી માગી લઈશ.'

સનત ચૂપ થઈ ગયો. બેશક સોનલે કરેલી વળતરવાળી વાત તેને જરાય ગમી ન હતી. પણ તેણે એ વાત કહેવાને બદલે જરા નિરાશ સ્વરે કહ્યું, 'જવા દો. આપણે રોંગ સાઈડમાં જઈ રહ્યા છીએ. મારે તો સોનલ ઝવેરીની કથા જાણવામાં રસ છે. પ્લીઝ ડોન્ટ માઈન્ડ.'

'તમે સ્મોકર નથી. તો દસ મિનિટમાં જ બીજી સિગારેટ સળગાવી એ શું બતાવે છે? પ્લીઝ તમે કહો તમને મારી કઈ વાત નથી ગમી.'

સનતે સોનલ સામે ધારીને જોયું. પછી જરા હસ્યો. તેણે ધીમેથી કહ્યું 'તમને એમ લાગે છે કે મેં કોઈ વળતર માટે તમને મદદ કરી હશે? અને લેધર કરન્સીની વાત કહીને તમે મારું સ્તર નીચું ન ઉતારો.'

'ઓહ માય ગોડ, તમે વાતને સિરીયસલી લેશો એવી ખબર નથી. જુઓ મારો એવો કોઈ ઈરાદો નથી. અને હું એવું વિચારું પણ નહીં. જે છોકરી કોઈ અજાણ્યા યુવાન સાથે એક રૂમમાં રાત રોકાવા તૈયાર થઈ જતી હોય તો એ સામાન્ય ન હોય. રહી વળતરની વાત. તો કોને ખબર કે જિંદગીના સ્ટેજ પર આપણે ફરી ભેગા થઈ જઈએ. તમે ભલે મીકેનીકેલ ઈજનેર હો, છતાં સાવ મશીનના માણસ તો નથી. તમારા જેવો પુરુષમિત્ર મને મળવાનો નથી.'

'વાહ, તમે ભાષણ સારું કરી શકો છો. બાય ધ વે મને નવાઈ એ વાતનીય લાગે છે કે, તમે કરોડપતિ બાપની દીકરી છો, તમારે તો કેટલાય સંબંધો હશે. પણ અત્યાર સુધી તમને કોઈનો ફોન કેમ આવ્યો નથી.'

'આજે તો સરકારી અધિકારીઓ પણ છટકી જવા માટે પોતાનો ફોન સ્વીચ્ડ ઓફ કરી દેતા હોય છે. હું તો આફટર ઓલ ઘેરથી ભાગી ચૂકેલી છું. મારો નંબર સર્ચમાં મુકાઈ ગયો હશે. આજે બપોરે જ મેં નવો સીમ કાર્ડ નાખ્યો છે. એ નંબર મેં અત્યાર સુધી કોઈને આપ્યો જ નથી તો ફોન કોનો આવે? એમ તો તમને પણ કોઈનો કોલ આવ્યો નથી.'

સનત હસી પડ્યો. એના હાસ્યમાં છુપાયેલી પીડા સોનલથી અછાની ન રહી. 'મને ફોન કોણ કરે? મારા મમ્મી પપ્પાને હું સામેથી ફોન કરું છું. એવો કોઈ મિત્ર પણ નથી.'

'કોઈ ગર્લ ફ્રેન્ડ? આઈ મીન કોઈ છોકરી સાથે સંબંધ નથી?' એક પર્સનલ વાત પૂછું?'

'આમ તો તમારે કશું પૂછવાનું નથી. કહેવાનું છે.'

'તમને કોઈ એવી છોકરી ન મળી કે જે તમને ગમી ગઈ હોય. અથવા તમે કોઈને પ્રેમ કર્યો હોય.'

સનત સોનલ સામે જોઈ રહ્યો. તેને ખબર હતી કાલે આમેય છૂટા પડી જવાનું છે. સોનલ નામની એક છોકરી એક રાત પોતાની સાથે રહી હતી. આ વાત ગમે તેટલી રોમાંચક હોય, છતાં પોતાના માટે એક સપનું બનીને રહી જવાની છે. તો શા માટે સોનલને કહેવું કે, તું મને ગમી ગઈ છો. સનતે જરા ગળું ખોંખાર્યું. 'ગમી હતી. પણ આજે મને સમજાય છે કે શા માટે મને એમાંથી કોઈને મેળવી લેવાની ઈચ્છા જાગી નહીં.'

'શું સમજાય છે આજે?'

સનતના ગળામાં શબ્દો આવીને અટકી ગયા. તેણે જવાબ દેવાના બદલે છતને જોયા કર્યુ. સોનલે સનતની ટચલી આંગળી પકડતાં કહ્યું. 'હલ્લો સર, ક્યાં ખોવાઈ ગયા?'

તેણે આંગળી હજુ પકડી રાખેલી. સનતને થયું કે, સોનલ હાથ પકડી લે. તેણે હસી પડતાં કહ્યું, 'અત્યારે બાજુની રૂમવાળા શું વિચારતા હશે? એમને તો એમ જ હશે ને કે આપણે બેય જલસા કરતા હોઈશું. એમને ખબર નહીં હોય કે, મારી હાલત શું છે.'

સનતની આંખોમાં ઉદાસી હતી. સોનલે સનતની આંગળી જરા દબાવી અને છોડી દીધી. તે શૂન્યમાં જોતી હોય તેમ થોડીવાર જોઈ રહી. પછી એકદમ શાંત સ્વરે બોલી, 'સનત પ્લીઝ. કન્ટ્રોલ યોર સેલ્ફ. મને ખબર છે તમે મારી તરફ ખેંચાયા છો. પણ તમે હજુ જાણતા નથી હું કોણ છું કાલે જીવતી હોઈશ કે નહીં એની પણ મને ખબર નથી. હું એક બદનસીબ છોકરી છું. હું કોઈ સમાન્ય છોકરી હોત તો મેં અત્યાર સુધીમાં હથિયાર હેઠા મૂકી દીધા હોત. કુદરતે મને તિક્ષ્ણ બુદ્ધિ આપી છે અને બુદ્ધિ મને બચાવી લે છે. અત્યાર સુધી મેં માણસ પારખવામાં ભૂલ નથી કરી. સનત પ્લીઝ સપનાં ન જુઓ. તમારે મને સેલ્ફીશ કહેવી હોય તો છૂટ છે પણ હું મારા સિવાય કોઈને ચાહતી નથી. હું તમને કોઈ વચન આપતી નથી કે તમને બીજીવાર મળીશ. તમારી મદદ કદી નહીં ભૂલુ. આઈ પ્રોમીસ યુ.'

સનત જોઈ જ રહ્યો. મસ્તીખોર અને બોલ્ડ દેખાતી સોનલની અંદરના જખમ કેવા છે તે જાણ્યા વગર હવે ચેન નહીં પડે. જોઉં તો ખરો કે મારી એક રાતની રૂમ પાર્ટનરના દિલમાં શેની આગ છે? સનત જરા ટટ્ટાર થયો. તેણે સોનલની આંખોમાં આંખો પરોવીને કહ્યું. 'હા, એ વાત સાચી છે કે, તું મને ગમી ગઈ છે. વાસ્તવમાં હું હિમતવાન નથી. ભલે મારાથી છૂટી પડી ગયા પછી તું મને ભૂલી જાય. ભલે આપણે આખી જિંદગી ન મળી શકીએ. પણ હું તારી હકીકત જાણ્યા વગર તારાથી છૂટો પડવા માગતો નથી. જિંદગીએ તને જે ઘાવ આપ્યા છે, એ ઘાવ હું કદાચ ભરી ન શકું. પણ તારી લાઈફ વિશે જાણવાની તાલાવેલી જાગી ચૂકી છે. કાલે આપણે છૂટા પડી જવાનું છે તો એક દોસ્તને નાતે તારું હૈયું ખાલી કરી નાખ. આપણી પાસે આખી રાત છે. હું ઉજાગરો ખેંચી શકું એવો આદમી નથી. તેમ છતાં એવી કઈ બાબત છે જે મને જગાડી રહી છે. આમ તો મને કદી જાણવા ન મળ્યું હોત કે સોનલ ઝવેરી નામની કોઈ છોકરી આ દુનિયામાં છે. કુદરતે કોઈ અકળ ચોઘડિયે આપણને ભેગા કરી દીધા છે. ભલે ખોટું તો ખોટું, આજે અહીં આપણે પતિ પત્ની છીએ. એ બધાને વાસ્તે પણ પ્લીઝ સોનલ મને કહે. શા માટે તારે ઘર છોડવું પડ્યું છે?'

'મારી કથા ઘણી લાંબી છે. મારી ઉંમરના પચીસ વર્ષમાં મે જે કંઈ વેઠ્યું છે તે મારા જીવતા હોવા અને સ્વસ્થ હોવા વિશેનું આશ્ચર્ય છે. હું મુંઝવણમાં છું કે શરૂઆત કરું તો ક્યાંથી કરું?

'જન્મથી શરૂ કરીને ગઈકાલ સુધીનું મારે બધું જાણવું છે.'

'સનત મારી કથામાં કોઈ જ સુંવાળો મોડ નથી. મારી આસપાસ કુદરતે એવા માણસો ગોઠવી દીધા છે જેમણે મારા પ્રત્યેક શ્વાસ ગણ્યા છે. એ બીજા કોઈ નહીં, મારા જ પરિવારજનો છે. મારા નામ પાછળ ભલે ને ઝવેરી અટક લાગતી હોય. મને મારા બાપ અને દાદા સિવાય એમના પરિવારે કદી સ્વીકારી નથી.'

અચાનક દરવાજે ટકોરા પડ્યા. બેય જણાએ ચમકીને એક બીજા સામે જોયું. સનતે બારણા પાસે જઈને કહ્યું, 'કૌન હૈ?'

'સોરી સર, આપકો ડીસ્ટર્બ કિયા. આપકે રૂમકા ઈન્ટરકોમ બીઝી આ રહા હૈ. આપકે લિયે વિશેષ સુવિધા કે લિયે કહા ગયા હૈ. હમકો ડબલ બેડમેં ચેન્જ કરને કી સૂચના થી.'

સનતે કહ્યું, 'હમે યહ રૂમ ચલેગા. થેન્ક યુ.'

કહીને તે સનતે રિસિવર સરખું ગોઠવ્યું અને પીઠ ટેકવી પગ લાંબા કરતા બોલ્યો, 'સાચું કહું તો મને જરા બીક લાગી કે તારી પાછળ પાછળ કોઈ અહીં આવી ગયું નથી ને.'

'મને ખબર છે સનત મારી શોધાશોધ થતી હશે.'

'પણ શા માટે? તેં એવું શું કરી નાખ્યું છે? અથવા તો એવું શું છે કે, તારે સંતાઈ રહેવાની જરૂર પડે.'

સનત તમે પહેલા એવા વ્યક્તિ છો જેને મારી અંગત વાતો કહેવાનું મન થયું છે. કદાચ એ જાણવાનો તમારો હક પણ બને છે. સોનલે પોતાની દર્દનાક કહાની શરૂ કરી'

(ક્રમશઃ) ■

અલખનો ઓટલો

# ભારતીય સંસ્કૃતિમાં સપ્તમ અંક...

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombay samachar.com



અંગ્રેજી સાતમો મહિનો જુલાઈ ચાલી રહ્યો છે એ બહાને આજે મારે આપણી ભારતીય સંસ્કૃતિમાં સાતના અંકનું શું મહત્ત્વ છે એની થોડીક વાતો કરવી છે. શાસ્ત્રગ્રંથોમાં સાત સમુદ્રના ઉલ્લેખો આવે છે. ક્ષીરોદ, ઈક્ષુરસોદ, સુધોદ, ઘૃતોદ, ધિરોદ, ક્ષુમોદ અને દધિમરોદ. તો સાત દ્વીપ એટલે કે બેટનાં નામ પણ મળે છે. જંબુ દ્વીપ, પ્લક્ષ દ્વીપ, શાલ્મલી દ્વીપ, કુસ દ્વીપ, ક્રૌંચ, શાક દ્વીપ અને પુષ્કર દ્વીપ. સાત પાતાળ - અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ.

સપ્તર્ષિના સાત ઋષિઓ- કશ્યપઋષિ, ભારાજ ઋષિ, વશિષ્ઠઋષિ, વિશ્વામિત્રઋષિ, જમદગ્નિઋષિ , ગૌતમઋષિ અને અત્રિઋષિ.

સાત લોક છે - ભૂર્લોક, ભૂવઃર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક્.

અગ્નિદેવની સપ્ત જીહ્વા કે જીભ - કરાલી જીહ્વા, ભૂમિની જીહ્વા, શ્વેતા જીહ્વા, લોહીતા જીહ્વા, નિલલોહીતા જીહ્વા, સુવર્ણા જીહ્વા અને પદ્મરાગા જીહ્વા અથવા તો- કાલી-કરાલી-મનોજવા- સુલોહિતા- ધુમ્રવર્ણા-સ્ફુર્લિંગીની-વિશ્વરૂપી - ઉગ્રા -પ્રદિપ્તા.

સંત સાધકોની નૂરત સુરતની સાધના પણ મેઘધનુષ્યના સાત રંગ કે સપ્તરંગી ધ્વજા - જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી અને રાતો-લાલ રંગ દ્વારા આંખની સાધના તથા સંગીતના સાત સૂર સા,રે,ગ,મ,પ,ધ,નિ વડે કાનની સાધનાના સંકેતો આપે છે.

આ શરીરને સંતો સપ્ત ધાતુકા પિંજરા તરીકે ઓળખાવે છે. યોગની પણ સાત ભૂમિકા હોય છે - શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્ત્વાપત્તિ,અસંસક્તિ,પદાર્થભાવિની અને તુર્યગા.

શરીરના છ ચક્રોની સાધના મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત,વિશુદ્ધ, આજ્ઞા ઉપર સાતમું સહસ્રાર ચક્ર આવે છે. તો ષડ દર્શન ઉપરનું સાતમું દર્શન તે અધ્યાત્મ કે આત્મદર્શન તરીકે ઓળખાય છે.

તો વ્યવહાર જીવનમાં સપ્તાહના સાત દિવસ, સાતવાર - શનિ,રવિ,સોમ,મંગળ,બુધ,ગુરુ અને શુક્ર અને આ દિવસોમાં આહારમાં આવે સાત ધાન્યનો ખીચડો - ઘઉં, ચોખા કે જવ,, જુવાર, અડદ, મગ, તલ અને કાંગની સાથોસાથ ષડ રસ ભોજનના ખાટો,ખારો,તીખો,કડવો,તૂરો ,મિષ્ટ કે મીઠો, ઉપરાંતનો સપ્તમ રસ અમીરસ.

નવલાં નોરતાંનું સાતમું શક્તિ સ્વરૂપ એટલે 'કાલરાત્રિ'. નવદુર્ગાની સાતમી શક્તિ કાલરાત્રિ એના નામ પ્રમાણે જ ઉગ્રરૂપ ધારણ કરીને ભયાનક સ્વરૂપે પોતાના ભક્તની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે. સંપૂર્ણ શ્યામ વર્ણ ધરાવતાં આ દૈવી સ્વરૂપને ચાર હસ્ત છે. જેમાં બે હાથોમાં ખડ્ગ અને અંકુશ તથા બે હાથોમાં વરમુદ્રા અને અભયમુદ્રા પ્રદાન કરે છે. ગધેડા ઉપર સવાર થયેલાં આ દૈવી સ્વરૂપને ત્રણ નેત્રો છે, વાળ વિખરાયેલા છે, ગળામાં વીજળી જેવી ચમકતી મોતીની માળા ધારણ કરી છે, એના શ્વાસ ઉચ્છવાસમાંથી અગ્નિની જ્વાળાઓ પ્રગટે છે. દેખાવમાં અત્યંત ભયંકર હોવા છતાં એનું એક નામ 'શુભંકરી' પણ છે. સાતમા દિવસે જ્યારે સાધક ભક્તનું ચિત્ત સહસ્રાર ચક્રમાં સ્થિર થાય ત્યારે દેવીના આ સ્વરૂપની કૃપા તેના ઉપર ઉતરે છે અને બ્રહ્માંડની સમસ્ત સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આવાહન - આસન - પાદ્ય - અર્ઘ્ય -આચમન - સ્નાન- વસ્ત્ર- ઉપવિત - ગંધ - પુષ્પ - ધૂપ - દીપ - નૈવેદ્ય - પ્રદક્ષિણા - નમસ્કાર અને પુષ્પાંજલિ એમ સોળ ઉપચારથી કોઈપણ દેવી-દેવતાની પૂજા અને ઉપાસના કરવામાં આવે છે.

પૂજાના પણ ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. સાત્ત્વિક પૂજા - નિષ્કામભાવે આડંબર વિના શુદ્ધભક્તિથી કરવામાં આવતી પૂજા. રાજસિક પૂજા - સકામભાવે આડંબર સહિત કરવામાં આવતી પૂજા અને તામસિક પૂજા -તામસ પદાર્થોને લઈને કોઈપણ જાતની ભૌતિક સિદ્દિઓની અપેક્ષાઓ સાથે થતી પૂજા.

ગરૂડ પુરાણમાં શ્લોક છે.

સત્યેન રક્ષ્યતે ધર્મો, વિદ્યા યોગેન રક્ષ્યતે,
મૃજયા રક્ષ્યતે પાત્રં, કુલં શીલેન રક્ષ્યતે.

સત્યના પાલનથી ધર્મની રક્ષા થાય છે. સદા અભ્યાસ કરવાથી વિદ્યાની રક્ષા થાય છે. પાત્રની રક્ષા કાયમ માંજવાથી થાય છે અને કુળની રક્ષા અણીશુદ્ધ શીલ-ચારિત્રથી જ થાય છે.

**અસ્થિરં જીવિતં લોકે અસ્થિરં ધન યૌવનમ્**
**અસ્થિરં પુત્ર દારાદ્યં ધર્મઃ કીર્તિ યશઃ સ્થિરમ્.**

સંસારમાં પ્રાણીનું જીવન અસ્થિર છે કોઈ અમર નથી. એનું ધન, યૌવન, નારી, સંતાનો અને સંસાર નાશવંત છે પરંતુ એમનો ધર્મ, એમણે મેળવેલ યશ કે કીર્તિ અજર અમર રહેવાના છે. પણ બીજાને ઉપદેશ દેવામાં માણસો બહુ ચાતુરી દાખવે છે, પણ પોતાના જીવનમાં સ્વયં એ જ વાતનું આચરણ કરનારા દુર્લભ હોય છે. એટલે જ કબીર સાહેબ કહે છે -


***કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ્બ,***
***પલમેં પરલૈ હોયગી, બહુરિ કરેગા કબ્બ.***
***અવસર બિતી જાયગા, ફિર કરેગા કબ્બ ?*** ■

આતમના અજવાળે

નવી કૉલમ

# લાઓ ત્ઝુઃ શૂન્યતાનો શણગાર ને મૌનનું સામર્થ્ય

ભાર્ગવ ઠાકર
feedback@bombay samachar.com



ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીનો એ સમય હતો, જ્યારે ચીન 'વસંત અને શરદ' (Spring and Autumn period)ના નામે ઓળખાતા અરાજકતા અને આંતરિક યુદ્ધોના યુગમાંથી પસાર થઈ રહ્યું હતું. સત્તા માટેના સંઘર્ષ વચ્ચે માનવીય મૂલ્યો કરમાઈ રહ્યાં હતાં. આ અશાંત વાતાવરણમાં, આજના હેનાન પ્રદેશમાં એક એવા મનીષીનો ઉદય થયો જેમણે તલવારના જોર સામે વિનમ્રતાની અને અહંકારના કોલાહલ સામે મૌનની શક્તિ પ્રસ્થાપિત કરી. સિકંદર જેવા યોદ્ધાઓએ દુનિયા જરૂર જીતી હશે, પણ જેણે શૂન્યતાને શણગાર બનાવીને પહેરી લીધી, એવા પોતાની જાતને જીતનારા વિરલ પુરુષ એટલે લાઓ ત્ઝુ ('વૃદ્ધ જ્ઞાની' અથવા 'વૃદ્ધ બાળક').

ચોઉ (Zhou) વંશના શાહી પુસ્તકાલયના રખેવાળ તરીકે વર્ષો સુધી હસ્તપ્રતો વચ્ચે બેસીને તેમણે જાણ્યું કે જ્ઞાન એ માહિતીનો સંગ્રહ નથી, પણ અહંકારનું વિસર્જન છે. શબ્દો માત્ર ઈશારા છે, સત્ય તો શબ્દોની વચ્ચે રહેલા મૌનમાં છુપાયેલું છે. ચીનના અન્ય એક પ્રખર વિદ્વાન કન્ફ્યુશિયસ જ્યારે લાઓ ત્ઝુને પહેલીવાર મળ્યા અને જીવનના આચરણ માટેના નિયમો વિશે પૂછ્યું, ત્યારે લાઓ ત્ઝુએ સમજાવ્યું કે પ્રકૃતિને તેની સહજતામાં સ્વીકારી લેવી એ જ પરમ જ્ઞાન છે. સદગુણ એ કોઈ ઓઢવાનું વસ્ત્ર નથી. આ મુલાકાત પછી કન્ફ્યુશિયસે પોતાના શિષ્યોને કહ્યું હતુંઃ 'પક્ષીને હું જાળથી અને માછલીને કાંટાથી પકડી શકું, પણ જે 'શૂન્યતા'ના આકાશમાં વિહાર કરે છે એવા ડ્રેગનને સમજવા મારી પાસે કોઈ સાધન નથી.'

લાઓ ત્ઝુએ સમજાવ્યું કે ગતિ અને સર્જન હંમેશાં 'ખાલી અવકાશ' (Emptiness)માંથી જ જન્મે છેઃ

'આપણે માટીને ઘડીને ઘડો બનાવીએ છીએ, પણ આપણું કામ તો તેની અંદર રહેલી 'શૂન્યતા' જ કરે છે. આપણે લાકડા અને માટીનું ઘર બનાવીએ છીએ, પણ તેની ભીતરનો 'ખાલી અવકાશ' જ તેને રહેવા લાયક બનાવે છે.

જીવવાની શ્રેષ્ઠ રીત કઈ? એના જવાબમાં તેમણે માત્ર નદી તરફ આંગળી ચીંધીને પાણીને પરમાત્માનો પર્યાય ગણાવ્યો. કઠોરતા એ મૃત્યુનું લક્ષણ છે અને લવચીકતા એ જીવનનુંઃ

દુનિયાની કોમળમાં કોમળ વસ્તુ, કઠોરમાં કઠોરને પરાસ્ત કરે છે. જગતભરમાં પાણી જેવું મૃદુ અને નિર્બળ કંઈ નથી, છતાં મજબૂત અવરોધો તોડવા માટે તેની તોલે કોઈ આવી શકતું નથી.

સર્વોચ્ચ ગુણ પાણી જેવો છે, જે કોઈ પણ યત્ન વગર સૌનું પોષણ કરે છે. તે એવા નીચા સ્થાનોમાં પણ સંતુષ્ટ રહે છે, જેને લોકો તુચ્છ ગણે છે.

લાઓ ત્ઝુના જીવનનો એક અત્યંત પ્રેરક પ્રસંગ છે. જ્યારે લાઓ ત્ઝુ યુવાન હતા, ત્યારે તેમના ગુરુ શાંગ રોંગ (Shang Rong) મૃત્યુશૈયા પર હતા. ગુરુએ પોતાનું મોઢું ખોલીને લાઓ ત્ઝુને પૂછ્યું, 'જો, મારા મોઢામાં જીભ છે?' લાઓ ત્ઝુએ કહ્યું, 'હા છે.' પછી ગુરુએ પૂછ્યું, 'મારા દાંત બચ્યા છે?' લાઓ ત્ઝુએ જવાબ આપ્યો, 'ના, એક પણ દાંત નથી.' ત્યારે ગુરુએ અંતિમ બોધ આપતા કહ્યુંઃ 'જે કઠોર છે (દાંત), તે વહેલું નાશ પામે છે; જે કોમળ અને લવચીક છે (જીભ), તે અંત સુધી ટકી રહે છે.' આ જ દર્શન લાઓ ત્ઝુની કવિતાઓમાં પડઘાય છે. માણસ જ્યારે જન્મે છે ત્યારે કોમળ અને નમ્ર હોય છે; મૃત્યુ સમયે તે કઠોર અને જડ બની જાય છે. લીલી વનસ્પતિ ખીલે છે ત્યારે લવચીક હોય છે; મૃત્યુ પામે ત્યારે સુકાઈને લાકડા જેવી થઈ જાય છે. તેથી, જે જડ છે અને ઝૂકવા તૈયાર નથી, તે મૃત્યુનો શિષ્ય છે; પણ જે નમ્ર અને કોમળ છે, તે જ જીવનનો સાચો સાધક છે.

વૃદ્ધાવસ્થામાં જ્યારે સામ્રાજ્યમાં અરાજકતા વ્યાપી ગઈ, ત્યારે આ મહાપુષલષે બધું જ છોડી દેવાનો નિર્ણય લીધો. તેઓ એક ભેંસ પર સવાર થઈ પશ્ચિમની સરહદ (હાનકુગુઆન પાસ) તરફ નીકળી પડ્યા. સરહદ પર યિન-સી (Yinxi) નામના રક્ષકે તેમને રોક્યા અને આવનારી પેઢીઓ માટે જ્ઞાનનો વારસો મૂકતા જવાની વિનંતી કરી. ત્યાં બેસીને લાઓ ત્ઝુએ લગભગ ૫,૦૦૦ શબ્દો અને ૮૧ કાવ્યોનો ગ્રંથ 'તાઓ તે ચિંગ' (Tao Te Ching) રચ્યો.

આ ગ્રંથમાં તેમણે શાસકોને પણ અદ્ભુત શિખામણ આપી હતીઃ

'શ્રેષ્ઠ નાયક એ છે જેના અસ્તિત્વની લોકોને ભાગ્યે જ જાણ હોય. જ્યારે તેનું કાર્ય પૂર્ણ થાય અને લક્ષ્ય સિદ્ધ થાય, ત્યારે લોકો ગર્વથી એમ કહે કેઃ 'આ તો અમે પોતે જ કર્યું છે!' તેઓ માનતા કે 'પોતાને ખાલી કરવા'થી જ ભીતર પરમાત્માનો વાસ થાય છે. અહંકાર અને બળપ્રદર્શન એ અજ્ઞાનતાની નિશાની છેઃ

'જે પોતાનો જ દેખાડો કરે છે, તે ક્યારેય પ્રકાશિત થતો નથી... બીજાને જાણવા એ બુદ્ધિશાળી હોવાની નિશાની છે; પણ સ્વયંને જાણવો એ જ સાચું જ્ઞાન છે. બીજાને જીતવા એ શારીરિક બળ છે; પણ પોતાની જાત પર વિજય મેળવવો એ જ સાચું સામર્થ્ય છે.

લાઓ ત્ઝુ એટલે 'કશું જ ન કરવાની' (Wu Wei / Non-doing) કળા. તેઓ આપણને 'મથામણ'માંથી મુક્ત કરી 'સ્વીકાર' તરફ લઈ જાય છે.

લાઓ ત્ઝુ એ દિવસે સરહદ ઓળંગીને ક્યાં ગયા, તે હજુ પણ ઇતિહાસનું એક વણઉકેલ્યું રહસ્ય છે. પરંતુ ૮૧ કાવ્યોનો આ નાનકડો ગ્રંથ આજે પણ મનુષ્યના અશાંત મનને શીતળતા આપે છે. ભેંસ પર સવાર એ વૃદ્ધ મુસાફર જાણે આજે પણ આપણને પૂછી રહ્યો છેઃ શું આપણે જીવન સામે લડવાને બદલે, પથ્થરો સાથે અથડાવાને બદલે તેને સ્પર્શીને નદીની માફક વહેવા માટે તૈયાર છીએ? જો હા, તો જ આપણે તે પરમ શક્તિને પામી શકીએ. ■




# ઇંગ્લૅન્ડ અને આર્જેન્ટિના પણ ફિફાની સેમિમાં પહોંચ્યાઃ લાઈન-અપ નક્કી થઈ ગઈ

માયામી/કૅન્સસઃ ૨૩મા ફિફા વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડે નોર્વેને અને આર્જેન્ટિનાએ સ્વિટ્ઝરલૅન્ડને ક્વૉર્ટર ફાઇનલમાં હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે.

શનિવારે મધરાત બાદ ઇંગ્લૅન્ડે રોમાંચક મુકાબલામાં નોર્વેને ૨-૧થી હરાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. રવિવારે સવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિનાએ અત્યંત રોચક જંગમાં સ્વિત્ઝરલૅન્ડને છેલ્લી મિનિટોના ઉપરાઉપરી બે ગોલની મદદથી છેવટે ૩-૧થી પરાજિત કરીને સેમિમાં પ્રવેશ મેળવી લીધો હતો.

ઇંગ્લૅન્ડે જ્યૂડ બેલિંગમના ૪૭મી અને ૯૩મી મિનિટના બે ગોલની મદદથી નોર્વેને ક્વૉર્ટર ફાઇનલમાં હરાવ્યું હતું જેમાં નોર્વેના સુપરસ્ટાર અર્લિંગ હાલૅન્ડને ઇંગ્લૅન્ડના ડિફેન્ડરોએ સતત કાબૂમાં રાખ્યો હતો અને તેને એક પણ ગોલ નહોતો કરવા દીધો અને સાવ નિષ્ફળ બનાવી દીધો હતો.

છેલ્લી ક્વૉર્ટર ફાઇનલમાં આર્જેન્ટિના અને સ્વિટ્ઝરલૅન્ડ ૧૧૨મી મિનિટ સુધી ૧-૧ની બરાબરીમાં હતા અને મૅચ પેનલ્ટી શૂટઆઉટમાં જવાની સંભાવના હતી. જોકે ૧૧૨મી મિનિટમાં અલ્વારૅઝે અને ૧૨૧મી મિનિટમાં લૉટારો માર્ટિનેઝે ગોલ કરીને આર્જેન્ટિનાને ૩-૧થી યાદગાર વિજય અપાવ્યો હતો.

હવે સેમિ ફાઇનલમાં ફ્રાન્સ-સ્પેન વચ્ચે મંગળવારે (મધરાતે ૧૨.૩૦ વાગ્યે) અને આર્જેન્ટિના-ઇંગ્લૅન્ડ વચ્ચે બુધવારે (મધરાતે ૧૨.૩૦ વાગ્યે) ટક્કર થશે. ■

# વડોદરાની યસ્તિકા ભાટિયાની લૉર્ડ્સના મેદાન પર વિરલ સિદ્ધિ

લંડનઃ ભારતની વિકેટકીપર-બૅટર યસ્તિકા ભાટિયા (૧૧૩ રન, ૧૫૮ બૉલ, ૧૪ ફોર) ઇંગ્લૅન્ડમાં લૉર્ડ્સના ઐતિહાસિક મેદાન પર નવો ઇતિહાસ રચ્યો છે. તે આ ગ્રાઉન્ડ પર સેન્ચુરી ફટકારનાર વિશ્વની પ્રથમ મહિલા ટેસ્ટ ખેલાડી બની છે. તેનું નામ લૉર્ડ્સ ઑનર્સ બોર્ડ પર ખ્યાતનામ પુરુષ ટેસ્ટ ક્રિકેટરો સાથે લખાઈ જશે.



લૉર્ડ્સમાં પહેલી જ વખત મહિલા ટેસ્ટ રમાઈ રહી છે અને યસ્તિકાએ ઇંગ્લૅન્ડ સામેની એકમાત્ર ટેસ્ટના બીજા દાવમાં આ વિરલ સિદ્ધિ મેળવી છે. તે પોતાના ૧૧૩ રનના સ્કોર પર કૅચઆઉટ થઈ હતી. તેની આ સેન્ચુરીને લીધે જ ભારતનો સ્કોર બીજા દાવમાં (૧૧૫ રનની લીડ સહિત) ૪૦૦ રનને પાર થયો હતો.

### કરાટેની નિષણાત અને સ્વિમર

યસ્તિકા ભાટિયા વડોદરાની છે. તેનો જન્મ અને ઉછેર આ જ શહેરમાં થયો હતો અને તે ડોમેસ્ટિક ક્રિકેટમાં વડોદરા વતી તેમ જ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલમાં) ગુજરાત જાયન્ટ્સ વતી રમી ચૂકી છે. તે મલ્ટિ-ટૅલન્ટેડ છે. કરાટેનો બ્લૅક બેલ્ટ ધરાવે છે. તે બહુ સારી સ્વિમર છે અને બૅડમિન્ટન પણ ખૂબ સારું રમે છે. તે વર્લ્ડ કપમાં રમી ચૂકી છે તેમ જ ભારતે કૉમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો એ વખતે પણ તે ટીમમાં હતી. ૨૦૨૦માં લૉકડાઉન દરમ્યાન તેના પિતા હરીશ ભાટિયાએ સોસાયટીના પાર્કિંગ સ્લૉટનો એક ભાગ નેટ ફૅસિલિટીમાં ફેરવ્યો હતો અને ત્યાં તેમણે પુત્રી યસ્તિકાને બૅટિંગની પ્રૅક્ટિસ કરાવી હતી. ■

# મેસીએ રેફરીને સંભળાવી દીધું, 'મેં તમારું માન રાખ્યું છે, મારી સાથે સીધી રીતે વાત કરો'

કૅન્સસ (અમેરિકા)ઃ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપનો ઇતિહાસ ૯૬ વર્ષ જૂનો છે અને એમાં આ વખતે તો રેફરી-વિવાદના ૧૦૦ કિસ્સા બન્યા હશે એમ કહીએ તો ખોટું નથી, કારણકે મેદાન પર હરીફ ખેલાડીઓ એકમેકને ધક્કો મારીને, પગમાં પગ ભરાવીને કે જર્સી ખેંચીને નીચે પાડવાના પ્રયાસમાં હોય એવું તો ઘણી વખત બની ગયું, પરંતુ રેફરીના ઘણા નિર્ણયો પણ ચર્ચાસ્પદ બન્યા છે. મૅચ દરમ્યાન ખેલાડીઓ રેફરી સાથે તકરાર કરી રહ્યા હોય કે મૅચ પછી કોઈ ખેલાડીએ કે તેની ટીમના કોચે રેફરી સાથે દલીલ કરી હોય એવી ઘટના પણ બની ગઈ છે.

રવિવારે સવારે ક્વૉર્ટર ફાઇનલમાં એવું જ બન્યું. આર્જેન્ટિનાના સ્વિટ્ઝરલૅન્ડ પરના ૩-૧ના વિજય સાથે મૅચ તો પૂરી થઈ ગઈ, પણ મૅચ દરમ્યાન એક તબક્કે (સ્વિટ્ઝરલૅન્ડને અપાયેલી ફ્રી કિક વખતે) આર્જેન્ટિનાના કૅપ્ટન લિયોનેલ મેસીની પોર્ટુગલના રેફરી જોઆઓ પિન્હેરો સાથે ખૂબ દલીલ થઈ હતી જે વીડિયોમાં જોવા મળ્યું છે. બન્ને વચ્ચે ઘણી વાર સુધી દલીલબાજી થઈ હતી.



દલીલ દરમ્યાન મેસીએ રેફરીને કહ્યું, 'અપમાનજનક રીતે મારી સાથે વાત ન કરો...મારી સાથે સીધી રીતે વાત કરો...મેં તમારી સાથે સારી રીતે બોલ્યો છું.' મેસી આ રેફરીના કેટલાક નિર્ણયોથી નારાજ હતો. આર્જેન્ટિનાના ખેલાડીઓએ પણ મૅચ દરમ્યાન રેફરીના કેટલાક નિર્ણયો પર નારાજગી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. જોકે તેમની દલીલ બહુ લાંબો સમય નહોતી ચાલી. ખેલાડીઓ અને અધિકારીઓએ આવીને તેમને શાંત પાડ્યા હતા. સામાન્ય રીતે મેસી ગુસ્સે થતો જોવા નથી મળતો, પણ આ કિસ્સામાં તે રેફરી પર ખૂબ ક્રોધિત હતો એટલે એવું કહી શકાય કે રેફરીના ઘણા 'ફાઉલ' સામે મેસીએ આંગળી ચીંધી હતી. આ જીત સાથે આર્જેન્ટિનાએ સતત બીજા વર્લ્ડ કપમાં સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં બુધવારે (મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યે) એનો મુકાબલો ઇંગ્લૅન્ડ સામે થશે. ■

# ભારતની બોલર ક્રાંતિ ગૌડનું લૉર્ડ્સના પ્રતિષ્ઠિત બોર્ડ પર લખાયું નામ

લંડનઃ ઇંગ્લૅન્ડનું લૉર્ડ્સનું સ્ટેડિયમ ક્રિકેટના મક્કા તરીકે ઓળખાય છે અને આ ઐતિહાસિક સ્ટેડિયમના મેદાન પર પહેલી જ વખત મહિલાઓની ટેસ્ટ મૅચ રમાઈ રહી છે જેમાં ભારતની રાઇટ-આર્મ મિડિયમ પેસ બોલર ક્રાંતિ ગૌડે શનિવારે ઇંગ્લૅન્ડ સામેની એકમાત્ર ટેસ્ટમાં પાંચ વિકેટની જે સિદ્ધિ મેળવી એ બદલ તેનું નામ લૉર્ડ્સ ઑનર્સ બોર્ડ પર ચમકી ગયું છે. આ બોર્ડ પર પોતાનું નામ અંકિત કરાવનાર તે પ્રથમ મહિલા બોલર છે. બાવીસ વર્ષની ક્રાંતિ ગૌડ મધ્ય પ્રદેશના ઘુવારા ગામની છે અને આવા અજાણ્યા ગામની છોકરીનું નામ લૉર્ડ્સના ટેસ્ટ ક્રિકેટ માટેના પ્રતિષ્ઠિત બોર્ડ પર આવી જાય એ ભારત માટે બહુ મોટું ગૌરવ કહેવાય.

### ખ્યાતનામ બોલર્સ સાથે જોડાયું નામ

લૉર્ડ્સમાં મહિલા ટેસ્ટમાં એક દાવમાં પાંચ વિકેટની ઉપલબ્ધિ મેળવનાર ક્રાંતિ ગૌડ પ્રથમ મહિલા બોલર છે. તેનું નામ વિશ્વભરના પ્રતિષ્ઠિત બોલર્સમાં અને ખાસ કરીને ભારતના ૧૪ જાણીતા બોલર્સ સાથે જોડાઈ ગયું છે. આ બોર્ડ પર (ભૂતકાળમાં ટેસ્ટના દાવમાં પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ મેળવી ચૂકેલા) કપિલ દેવ, બિશનસિંહ બેદી, ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બુમરાહ, ઇશાન્ત શર્મા વગેરે બોલર્સની નીચે લખાયું છે.




ક્રાંતિ ગૌડને લૉર્ડ્સના સત્તાધીશો તરફથી લૉર્ડ્સ ઑનર્સ બોર્ડ પર નામ લખવા આમંત્રિત કરાઈ હતી. ક્રાંતિએ પહેલાં તો પરિવારનો વીડિયો-કૉલિંગથી સંપર્ક કર્યો હતો અને પછી માર્કર પેનથી બોર્ડ પર પોતાના હાથે '૨૦૨૬...ક્રાંતિ ગૌડ...ઇન્ડિયા' એવું લખ્યું હતું. આ પ્રસંગે ભારતની સમગ્ર મહિલા ટીમની ખેલાડીઓ તેમ જ કોચિંગ સ્ટાફના મેમ્બર્સ હાજર હતા અને તેમણે તાળી પાડીને ક્રાંતિની આ સિદ્ધિને વધુ યાદગાર બનાવી હતી. પછીથી સત્તાધીશોએ એ હાથે લખેલી વિગતમાં ૫-૩૭ (૩૭ રનમાં પાંચ વિકેટ) એવું ઉમેરીને બોર્ડ પર તેનું નામ અન્ય બોલર્સની જેમ વ્યવસ્થિત રીતે લખવાનું નક્કી કર્યું હતું. ■

# ફિફા વર્લ્ડ કપમાં બ્રિટિશ ઍરવેઝ જીત્યું, નોર્વેની ઍરલાઇનનો પરાજય! જાણો, કેવી રીતે...

માયામીઃ શનિવારે રાત્રે ફિફા વર્લ્ડ કપની ક્વૉર્ટર ફાઇનલમાં ભૂતપૂર્વ વિશ્વવિજેતા ઇંગ્લૅન્ડ સામે નોર્વે હારી ગયું, પણ નોર્વેની 'નોર્વેઇયન ઍર' નામની ઍરલાઇન ઇન્ટરનેટ પર છવાઈ ગઈ છે.

શનિવારે ઇંગ્લૅન્ડ-નોર્વેની રોમાંચક ક્વૉર્ટર ફાઇનલ રમાઈ એના થોડા દિવસ પહેલાં નોર્વેની ઍરલાઇને ઇન્સ્ટાગ્રામ પર બ્રિટિશ ઍરવેઝને ટૅગ કરીને એક પડકાર ફેંક્યો હતો. નોર્વેની ઍરલાઇને બ્રિટિશ ઍરવેઝને ચૅલેન્જ આપી હતી કે 'જો ક્વૉર્ટર ફાઇનલમાં નોર્વેની ટીમ હારી જશે તો એ પોતાના પ્રોફાઇલ પિક્ચરમાં એક દિવસ માટે બ્રિટિશ ઍરવેઝનો લોગો રાખશે. જો ઇંગ્લૅન્ડની ટીમ આ મૅચ હારી જાય તો બ્રિટિશ ઍરવેઝે પોતાના પ્રોફાઇલમાં નોર્વેઇયન ઍરનો લોગો રાખવો પડશે.'


નોર્વેઇયન ઍરલાઇનની સોશ્યલ મીડિયા ટીમે આ બેટ (ચૅલેન્જ)ની આખી યોજના તૈયાર કરી હતી. આ ચૅલેન્જને લગતી ખબર ઇન્ટરનેટ પર વાઇરલ થતાં જ અન્ય દેશોની ઍરલાઇનોએ ટિપ્પણી લખી હતી અને અનેક લોકો પણ એમાં જોડાયા હતા. શનિવારે મોડી રાત્રે માયામીમાં નોર્વેનો ક્વૉર્ટરના એક્સ્ટ્રા ટાઇમમાં ૧-૨થી પરાજય થયો ત્યાર બાદ તરત જ નોર્વેઇયન ઍરની સોશ્યલ મીડિયા ટીમે વચન મુજબ ઇન્સ્ટાગ્રામ પર પોતાના પ્રોફાઇલ પિક્ચરમાં ફેરફાર કરીને બ્રિટિશ ઍરવેઝનો લોગો મૂકી દીધો હતો તેમ જ એમાં મૅસેજમાં 'ઇટ્સ કમિંગ હોમ...વેલ પ્લેઇડ, ઇંગ્લૅન્ડ ઍન્ડ બ્રિટિશ ઍરવેઝ' એવું લખ્યું હતું. પ્રતિક્રિયામાં બ્રિટિશ ઍરવેઝે પોસ્ટમાં લખ્યું, 'એકમેકના હરીફ ૯૦ મિનિટ સુધી, પણ મિત્રતા કાયમની'. આવું લખીને બ્રિટિશ ઍરવેઝે નોર્વેની ઍરલાઇનનો આ ચૅલેન્જ બદલ આભાર માન્યો હતો અને સેમિ ફાઇનલમાં પહોંચવા બદલ ઇંગ્લૅન્ડની ટીમને અભિનંદન આપ્યા હતા. એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર નોર્વેની ઍરલાઇન માટેના કટાક્ષમાં એવી કમેન્ટ લખવામાં આવી હતી કે 'તમે જીતી જ ન શકો એવી બેટ લગાવવી જ ન જોઈએ.' ■

# હરમનપ્રીત લૉર્ડસમાં ત્રણેય ફૉર્મેટમાં હાફ સેન્ચુરી ફટકારનાર પ્રથમ મહિલા ખેલાડી

લંડનઃ ભારતની મહિલા ક્રિકેટ કૅપ્ટન હરમનપ્રીત કૌરે લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામે ચાલી રહેલી ઐતિહાસિક ટેસ્ટ દરમ્યાન બે મોટી સિદ્ધિ મેળવી. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૯,૦૦૦ રન પૂરા કર્યા છે અને લૉર્ડ્સમાં ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં હાફ સેન્ચુરી પૂરી કરનાર (પુરુષ તથા મહિલા ક્રિકેટ, બન્નેમાં) ભારતની પ્રથમ મહિલા ખેલાડી બની છે. પુરુષોમાં આ સિદ્ધિ ફક્ત ત્રણ ખેલાડી (પાકિસ્તાનના યુનીસ ખાન તેમ જ શ્રીલંકાના માહેલા જયવર્દને અને કુમાર સંગકારા)એ મેળવી છે.

ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં હરમનપ્રીતના નામે કુલ ૯,૦૦૦ રન (ટેસ્ટમાં ૩૦૪ રન, વન-ડેમાં ૪,૫૪૧ રન અને ટી-૨૦માં ૪,૨૧૬ રન છે). ■

# નૉસ્કોવાએ વિમ્બલ્ડનનું ટાઇટલ સદ્‌ગત મમ્મીને અર્પણ કર્યું



લંડનઃ ચેક રિપબ્લિકની ટેનિસ ખેલાડી લિન્ડા નૉસ્કોવાએ શનિવારે અહીં વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપનો સિંગલ્સનો ખિતાબ જીત્યા બાદ આકાશ તરફ જોઈને સદ્‌ગત મમ્મીને એ ટાઇટલ અર્પણ કર્યું હતું. તેની આંખોમાં આંસુ હતા, તેણે પોતાનો જમણો હાથ ચૂમ્યો અને આકાશની દિશામાં રાખ્યો હતો અને સદ્‌ગત મમ્મીને ફ્લાઇંગ કિસ આપીને યાદ કર્યા હતા. પ્રેક્ષકોએ નૉસ્કોવાને સ્ટૅન્ડિંગ ઑવેશન આપ્યું હતું. ૨૧ વર્ષની નૉસ્કોવાએ ફાઇનલમાં તેના જ દેશની ખેલાડી અને મિત્ર કૅરોલિના મુહોવાને ૬-૨, ૫-૭, ૬-૩થી હરાવી દીધી હતી. ■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તાકાતવાન | વાસી |
| તાકીદ | કમજોર |
| તાજગી | અગાઉ |
| તાજું | અનુકૂળતા |
| તાજેતરમાં | સુસ્તી |

## માતૃભાષાની મહેક

સમજણા થયા પછી જો બાળપણનો અમુક સમય ગામડામાં વિતાવ્યો હશે તો પથ્થર અને ઢેફાં ફેંકવાના સાધનથી જરૂર રમ્યા હશો. આ સાધન ગોફણ તરીકે ઓળખાય છે. ગોફણનો ઉપયોગ પ્રાચીન કાળથી લડાઈ વખતે કરવામાં આવતો. સિકંદર લડાઈ પ્રસંગે ગોફણ વડે લશ્કરને લડાવતો હતો એવું માનવામાં આવે છે

## ગુજરાત મોરી મોરી રે

જરા નામના પારધીના તીરથી ભગવાન શ્રીકૃષ્ણ ઘવાયા હતા એ ભાલકા તીર્થ ગુજરાતના કયા શહેરમાં સ્થિત છે?

અ) પાટણ બ) કરમસદ
ક) પાટણ ડ) વેરાવળ

## ઈર્શાદ

હુકમના એક્કાની જેમ મૂવો ત્રાટકીને
બાજી હરેક જીતી લે
વરસાદ સાલો ગંજીપત્તાં જેવો છે.
---- રમેશ પારેખ

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | ૧૨ | ■ | | ■ | ૧૩ | | ■ | |
| | ■ | ૧૪ | | | ■ | | ■ | ૧૫ | |
| ■ | ૧૬ | | ■ | ■ | ૧૭ | | ■ | | ■ |
| ■ | | ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ | | ■ |
| ૨૦ | | ■ | | ■ | ૨૧ | | | ■ | ૨૨ |
| | ■ | ૨૩ | | ■ | | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | | ૨૯ | ■ | ૩૦ | |
| ૩૧ | | | | ■ | ■ | ૩૨ | | | |

### આડી ચાવી

૧. ભાઈબંધ, સાથી (૪)
૪. ભૂલચૂક વિનાનું, અખંડ, અડગ (૪)
૭. હિંમત (૨)
૮. રીતભાત, છટા (૪)
૧૦. મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ (૨) (જો.છૂ.)
૧૧. જે માળાનો હોય અને કમરનો પણ હોય (૩)
૧૩. લાગણી, બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનું (૨)
૧૪. શેતરંજનું સોગટું (૩)
૧૫. રુચિ, પસંદ (૨)
૧૬. ક્ષણ (૨)
૧૭. ભ્રમ (૨)
૧૮. સાર, રહસ્ય (૨)
૧૯. ફાંસો, ગાળો (૨)
૨૦. રમવાનો પાસો (૨)
૨૧. રાજાનો મોટો જાગીરદાર કે સરદાર (૩)
૨૩. ફરિયાદ (૨)
૨૪. ભોઈ, પાલખી ઊંચકનાર (૩)
૨૬. પૃથ્વી (૨)
૨૮. રામની જન્મતિથિ (૪)
૩૦. વેલ (૨)
૩૧. છળ, પ્રપંચ (૪)
૩૨. જાગ્રત, સાવધાન (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભૂ | ૨ મં | ડ | ૩ લ | ■ | ■ | ૪ વા | ફ | ૫ પ | ૬ ડુ |
| ૭ ર | ગ | ■ | ૮ વ | ર | ણા | ગી | ■ | ૯ ત | ક |
| ૧૦ કી | લ | ૧૧ કા | રી | ■ | ■ | ૧૨ શ | ૧૩ નિ | ■ | ડી |
| ■ | ■ | ય | ■ | ૧૪ સે | ૧૫ જ | ■ | ૧૬ જ | રા | ■ |
| ૧૭ સં | ય | મ | ■ | ■ | ૧૮ શ | મા | ■ | ■ | ૧૯ દ |
| પ | ■ | ■ | ૨૦ ખી | ૨૧ જ | ■ | ■ | ૨૨ બે | દ | દીં |
| ■ | ૨૩ સ | ૨૪ જા | ■ | ૨૫ ટા | ણું | ■ | કા | ■ | ■ |
| ૨૬ ત | ■ | ૨૭ ગ | ૨૮ મ | ■ | ■ | ૨૯ શો | ર | ૩૦ ગુ | ૩૧ લ |
| ૩૨ બા | ૩૩ જ | ■ | ૩૪ મ | ધ | મા | ખી | ■ | ૩૫ વા | ડ |
| ૩૬ હિ | મા | ય | ત | ■ | ■ | ૩૭ ન | ફ | ર | ત |

### ઊભી ચાવી

૧. ભયંકર (૪)
૨. પીડા, આપદા (૩)
૩. લગની, હઠ (૨)
૪. સો કરોડ રૂપિયાનો માલિક (૫)
૫. ભાષાનાં વર્ણો લખવાની રીત (૨)
૬. ભાષાંતર, અનુવાદ (૪)
૯. બધિર (૩)
૧૨. નાજુક, સુકુમાર (૩)
૧૫. રિદ્ધિ - સિદ્ધિના દાતા (૩)
૧૬. અપ્રત્યક્ષ, ગેરહાજર (૩)
૧૮. અધીરાઈ, ચંચળતા (૫)
૧૯. પાપ (૩)
૨૦. જેની ઈચ્છા કે આકાંક્ષા હોય તેવું (૪)
૨૧. --- કરવો=સામે થવું, વિરોધ કરવો (૩)
૨૨. ઝાંઝ, કાંસીજોડા (૪)
૨૫. સ્થિતિ (૩)
૨૭. કાંઠો, કિનારો (૨)
૨૯. આનંદ, લહેર (૨)

## ઓળખાણ પડી?



દુનિયાભરના શીખ લોકો પાણી ભરીને લઈ જાય છે એ ગુરુદ્વારા બંગલા સાહિબ કયા શહેરમાં સ્થિત છે એની ઓળખાણ પડે છે?

અ) લુધિયાણા બ) જમ્મુ ક) નવી દિલ્હી ડ) ઈમ્ફાલ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'સુખ આપશો જો નિત્ય સાથ આપશો' પંક્તિમાં નિત્યનો અર્થ શું થાય એ જણાવો.

અ) કડક બ) હંમેશાં ક) માનભેર ડ) મજબૂત

## માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. 'ડેલ્ટા એરલાઈન્સ' તરીકે ઓળખાતી એરલાઈન્સ ક્યા દેશમાં છે?

અ) બેલ્જિયમ બ) યુએસ ક) ડેનમાર્ક ડ) મલેશિયા

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૪ | | ૬ | | ૫ | |
| | ૮ | ૩ | ૭ | | ૫ | ૧ | ૨ | |
| | | | | | | | | |
| ૮ | ૧ | ૯ | | | | ૨ | ૩ | ૫ |
| | | | | | | | | |
| ૪ | ૩ | ૫ | | | | ૯ | ૭ | ૬ |
| | | | | | | | | |
| | ૪ | ૧ | ૮ | | ૨ | ૬ | ૯ | |
| | ૨ | | ૯ | | ૩ | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૧ | ૩ | ૭ | ૪ | ૨ | ૯ | ૬ |
| ૯ | ૩ | ૬ | ૮ | ૧ | ૨ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૫ | ૧ | ૮ | ૩ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૨ | ૬ | ૮ | ૭ | ૯ |
| ૬ | ૭ | ૯ | ૫ | ૮ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૮ | ૪ | ૨ | ૭ | ૩ | ૯ | ૫ | ૬ | ૧ |
| ૧ | ૯ | ૭ | ૨ | ૫ | ૮ | ૬ | ૩ | ૪ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૬ | ૭ | ૯ | ૨ | ૮ |
| ૨ | ૬ | ૮ | ૯ | ૪ | ૩ | ૭ | ૧ | ૫ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તળિયું | ઊંડું |
| તલપ | સંતોષ |
| તલ્લીન | સાવધ |
| તલસ્પર્શી | ઉપરછલ્લું |
| તવંગર | નિર્ધન |

**ગુજરાત મોરી મોરી રેઃ**
વડનગર

**ઓળખાણ પડી?**
ચીન

**માઈન્ડ ગેમ :**
યુકે

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ**
ઢબ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ધીરેન્દ્ર ઉદ્દેશી (૬) ભરત કજરીયા (૭) નૂતન વિપીન શાહ (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મીનળ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) હર્ષા મહેતા (૧૩) નિખીલ બંગાળી (૧૪) લજીતા ખોના (૧૫) અમીશી બંગાળી (૧૬) મુલરાજ કપૂર (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) મહેશ સંઘવી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) પ્રવીણ વોરા (૨૪) નંદુભાઈ એ. ગોઠી (૨૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલીયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) અરવિંદ કામદાર (૩૨) નિતીન જંયતીલાલ બજરીયા (૩૩) હેમાંગી કે. મારુ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) રમેશભાઈ દલાલ (૩૬)હીનાબેન દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) જયવંત પદમશી ચિખલ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) પુષ્પા પટેલ (૪૫) મહેશ દોશી

# શૅરબજારનું દૂરબિન ફરી ઈરાની બંદરે મંડાયું, હવે સ્થિરતા કે અફડાતફડીનો આધાર ક્રૂડ ઓઈલના હિલોળા નક્કી કરશે

શૅરબજાર
નિલેશ વાઘેલા

મુંબઈઃ અમેરિકા અને ઇરાન વચ્ચે ભયંકર મિસાઇલ અને ડ્રોન હુમલા શરૂ થઇ ગયા હોવા સાથે શાંતિ મંત્રણા સામે જોખમ ઊભું થઇ ગયું હોવાના અહેવાલ વચ્ચે સહેજ શાંતિની આશા જાગે ત્યાં ફરી અમેરિકા તરફથી નવા હુમલાના સમાચાર શેરબજારને ડહોળી નાંખે છે. બજારનું દૂર્બિન ફરી હોર્મુઝના ખાડી પર મંડાયેલું છે, પરંતુ હવે ત્યાંના જળમાં શાંતિ જેવું દ્રવ્ય જાણે દૂર્લભ બની ગયું છે.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ, કોર્પોરેટ સેકટરના ઇન્ડેક્સ હેવીવેઇટ કંપનીઓના નાણાકીય પરિણામ, ક્રૂડ ઓઇલના ભાવ, ફુગાવાના ડેટા અને એફઆઇઆઇની પ્રવૃત્તિ બજારને અસરકર્તા મુખ્ય પરિબળોમાં સામેલ રહેશે. વિશ્લેષકોના મતે, યુએસ-ઈરાન ભૂરાજકીય સંઘર્ષ, ત્રિમાસિક કમાણીની જાહેરાતો અને ક્રૂડ ઓઇલના ભાવમાં ફેરફાર સ્થાનિક ઇક્વિટીમાં રોકાણકારોના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરશે. અમેરિકાના ઇન્ફ્લેશન ડેટા સાથે ભારતના જથ્થાબંધ ભાવાંક અને રિટેલ ઇન્ફલેશન પર પણ બજારની નજર રહેશે.

આ ઉપરાંત, બજારના સહભાગીઓ ચોમાસાના વલણ, ફુગાવાના ડેટા અને વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ પર પણ નજીકથી નજર રાખશે. કોરિઅન કોસ્પીના કડાકાથી વધુ હરખાવા જેવું કે એને કારણે વિદેશી રોકાણકારો ભારત તરફ પાછાં વળશે, એવું માની લેવું જરૂરી નથી. કોસ્પીમાં ૨૦૦ ટકાના ઉછાળા બાદ ૧૮ ટકા જેવો કડાકો આવે એ કોઇ મોટી વાત નથી.

ટોચના માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, વિદેશી હૂંડિયામણની અનામત પર પણ રોકાણકારો નજર રાખશે. કોર્પોરેટ પરિણામોને આધારે શેરલક્ષી કામકાજ જોવા મળશે. પ્રથમ ત્રિમાસિક પરિણામોની મોસમ ગતિ પકડશે એ સાથે મેનેજમેન્ટ ટિપ્પણી ક્ષેત્રીય વલણો અને કમાણીની અપેક્ષાઓ બજારના આગલા ચિત્રને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.

વૈશ્વિક ધોરણે, ઈરાન-યુએસ સંઘર્ષની આસપાસના વિકાસ અને ક્રૂડ ઓઇલના ભાવ પર તેમની અસર મુખ્ય પરિબળ બનશે. સતત ચાર મહિના સુધી વેચાણ કર્યા પછી, વિદેશી રોકાણકારો જુલાઈમાં ભારતીય શેરબજારમાં ચોખ્ખા ખરીદદારો બન્યા, આ મહિનામાં અત્યાર સુધીમાં રૂ. ૧૫,૧૫૭ કરોડથી વધુનું રોકાણ કર્યું છે, જેને કારણે સ્થાનિક મેક્રોઇકોનોમિક સૂચકાંકોમાં સુધારો અને રૂપિયામાં સ્થિરતા જોવા મળી હતી.

આ અઠવાડિયે એચસીએલ ટેક્નોલોજીસ, ટેક મહિન્દ્રા, યુનિયન બેંક, ફેડરલ બેંક સહિત ઘણી કંપનીઓના પરિણામ જાહેર થઇ રહ્યા છે. બીએસઇ કોર્પોરેટ કેલેન્ડર મુજબ, ૧૩ જુલાઈથી ૧૮ જુલાઈ વચ્ચે ૧૪૧ લિસ્ટેડ કંપનીઓ તેમના જૂન ક્વાર્ટર (નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક સમયગાળા)ના પરિણામો જાહેર કરશે તે સાથે, ઇન્ડિયા ઇન્ક. એક વ્યસ્ત કમાણી સપ્તાહ માટે તૈયારી કરી રહ્યું છે.

મધ્ય પૂર્વમાં ફરી ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે બેન્ચમાર્ક સૂચકાંકો થોડા નીચા સ્તરે બંધ રહ્યા અને આ રીતે ભારતીય બજારોએ ચાર અઠવાડિયાની જીતનો સિલસિલો તોડી નાખ્યો હતો. જોકે, સતત સંસ્થાકીય ખરીદી, નૈઋર્ત્ય ચોમાસામાં સતત પ્રગતિ અને જૂન-ક્વાર્ટરની કમાણીની મોસમની શરૂઆતથી બજારને તેના સપ્તાહના નીચલા સ્તરથી બહાર આવવામાં મદદ મળી હતા.

સપ્તાહ દરમિયાન એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૦.૨૦ ટકા ઘટીને ૨૪,૨૦૬ની સપાટી પર બંધ થયો, જ્યારે સેન્સેક્સ ૦.૨૦ ટકા ઘટીને ૭૭,૫૬૯ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો. ફ્રન્ટલાઇન સૂચકાંકોમાં નબળાઈ હોવા છતાં, વ્યાપક બજાર મજબૂત રહ્યું હતું. નિફ્ટી મિડકેપ ૧૫૦ ઇન્ડેક્સ ૧.૨% વધ્યો અને નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ ઇન્ડેક્સ ૦.૬% વધ્યો હતો. સેકટરલ પ્રદર્શન મિશ્ર રહ્યું, જેમાં રિયલ-એસ્ટેટ અને ગ્રાહક-લક્ષી ક્ષેત્રો લાભમાં આગળ રહ્યા. નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ ૫.૩ ટકા વધ્યો, ટોચના પ્રદર્શનકાર તરીકે ઉભરી આવ્યો, ત્યારબાદ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૩.૭૦ ટકા વધ્યો હતો.

રોકાણકારોએ કમાણીની સિઝન માટે પોઝિશન લીધી હોવાથી એનએસઇ આઇટી ઇન્ડેક્સ પણ બે ટકા વધ્યો હતો, જ્યારે મેટલ ઇન્ડેક્સ ૦.૭ ટકા વધ્યો હતો. નકારાત્મક બાજુએ, એફએમસીજી અનુક્રમે ૧.૬ ટકા અને ડિફેન્સ ૦.૯ ટકા ઘટ્યો હતો. અર્નિંગ કેલેન્ડરમાં બેંકિંગ, આઇટી, નાણાકીય સર્વિસિસ, ઊર્જા, ટેલિકોમ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉત્પાદન ક્ષેત્રોના ઘણા મોટા નામો છે, જે તેને રોકાણકારો માટે મહત્વપૂર્ણ સપ્તાહ બનાવે છે. આ સપ્તાહે ૧૩થી ૧૮ જુલાઈ દરમિયાન એચસીએલ ટેકનોલોજી, રિલાયન્સ, એચડીએફસી, આસિીઆસિીઆઇ બેન્ક, વિપ્રો સહિત ૧૨૫ થી વધુ કંપની નાણાકીય પરિણામ જાહેર કરશે.

પ્રાઇમરી માર્કેટમાં અમુક ભરણાં આવી રહ્યા છે. અલ્પાઇન ટેક્સવર્લ્ડ રૂ. ૧૨૬.૨૫ કરોડના બુક બિલ્ડ ઇશ્યૂ સાથે ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦૦થી રૂ. ૧૦૫ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઇઝ ૧૪૨ શેર છે. શેરની ફાળવણી ૧૭ જુલાઈના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૧ જુલાઈએ થશે. ભારતમાં ડિસ્પોઝેબલ પર્સનલ હાઇજીન સેગમેન્ટમાં સૌથી મોટી ઉત્પાદન સુવિધા ધરાવતી પાન હેલ્થ બેબી કેર, વીમેન્સ કેર અને એડલ્ટ કેર કેટેગરીમાં વિસ્તરણ યોજના અંતર્ગત ભારતમાં નવા પ્લાન્ટ ઉપરાંત વિદેશમાં પણ નવા એક્વિઝિશનની તક શોધી રહી છે. હાલ કંપની દેશમાં આઠ લાખ રિટેલ આઉટલેટ મારફત વેચાણ કરે છે અને ૧૩થી વધુ દેશમાં નિકાસ કરે છે. કંપની હાલ તેની રેવન્યુના દસેક ટકા જેટલો હિસ્સો નિકાસ આવકમાંથી મેળવે છે.

મિરે એસેટ ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સ (ઇન્ડિયા) ભારતનું પ્રથમ હાઇબ્રિડ ઇટીએફ, મિરે એસેટ નિફ્ટી ૨૦૦ મોમેન્ટમ ૩૦ પ્લસ ૮૧૩ યર જીસેક ૫૦:૫૦ ઇટીએફ અને નિફ્ટી૨૦૦ મોમેન્ટમ ૩૦ પ્લસ ૮૧૩ યર જી-સેક ૫૦:૫૦ ટોટલ રિટર્ન ઇન્ડેક્સ ફંડ લાવી રહી છે. બંને એનએફઓ ૧૦મી જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

મેક્રોઇકોનોમિક મોરચે, ફુગાવાનો ડેટા એક મહત્વપૂર્ણ ટ્રિગર રહેશે. ભારતનો ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઇ) ફુગાવો સોમવારે જાહેર કરવામાં આવશે, ત્યારબાદ મંગળવારે જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબલ્યુપીઆઇ) જાહેર કરવામાં આવશે. રોકાણકારો ગ્રામીણ માગ અને ફુગાવા પર તેની અસરોને ધ્યાનમાં રાખીને ચોમાસાની પ્રગતિ પર પણ નજીકથી નજર રાખશે.

વૈશ્વિક સ્તરે, યુએસ-ઈરાન પરિસ્થિતિની આસપાસના ઘટનાક્રમ મહત્વપૂર્ણ રહેશે, ખાસ કરીને ક્રૂડ ઓઇલના ભાવ પર તેમની અસર ગ્લોબલ ઇક્વિટી માર્કેટને ડોલાવશે. અમેરિકામાં, મંગળવારે સીપીઆઇ ફુગાવાના ડેટા અને બુધવારે પીપીઆઇ (પ્રોડ્યુસર પ્રાઇસ ફુગાવા)ના ડેટા પર નજીકથી નજર રાખવામાં આવશે, કારણ કે તે ફેડરલ રિઝર્વના નીતિ દૃષ્ટિકોણ અંગે અપેક્ષાઓને પ્રભાવિત કરી શકે છે. ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૯૪.૫૨ પોઇન્ટ અથવા ૦.૨૫ ટકા ઘટ્યો હતો અને એનએસઇ નિફ્ટી ૬૩.૯૫ પોઇન્ટ અથવા ૦.૨૬ ટકા ઘટ્યો હતો. ■

# બૅન્ક ધિરાણમાં પખવાડિયામાં ૧૮.૬૦ ટકાની વૃદ્ધિ નોંધાઈઃ આરબીઆઇ

મુંબઇઃ રિઝર્વ બેન્કે જાહેર કરેલી માહિતી અનુસાર મુંબઈમાં બેન્ક ધિરાણમાં ૨૭ જૂનના પખવાડિયામાં વાર્ષિક ૧૮.૬૦ ટકાની વૃદ્ધિ નોંધાઈ, જે બે વર્ષની ઊંચી સપાટી છે. આરબીઆઇના ડેટા મુજબ, કોમર્શિયલ બેન્કોએ સાત ટ્રિલિયન રૂપિયાની થાપણ ઊભી કરી, પરંતુ ધિરાણની સરખામણીમાં થાપણ વૃદ્ધિ ૧૩.૨૯ ટકા રહી. પાછલા ૨૯ વર્ષમાં ત્રીજી વખત આટલી મોટી થાપણો ઊભી થઈ છે.

બેન્કિંગ ક્ષેત્રમાં થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનો તફાવત સતત ઊંચો રહ્યો છે. ૨૭મી જૂનના સમાપ્ત થયેલા પખવાડિયામાં જૂનના અંતે સમાપ્ત થયેલા ત્રિમાસિક ગાળાનો ટાર્ગેટ પૂરો કરવા સદર પખવાડિયામાં કમર્શિઅલ બેન્કોએ આટલી થાપણ પણ ઊભી કરી હોવાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ડેટા જણાવે છે.

ધિરાણની સરખામણીએ થાપણ વૃદ્ધિ મંદ રહીને ૧૩.૨૯ ટકા રહી હતી. ૧૪ જૂનના સમાપ્ત થયેલા પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ ૧૯.૧૩ ટકા અને થાપણ વૃદ્ધિ ૧૨.૫૮ ટકા રહી હતી. છેલ્લા કેટલાક સમયથી ધિરાણ તથા થાપણ વૃદ્ધિ વચ્ચેનો તફાવત સતત ઊંચો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૯ વર્ષમાં ત્રીજી વખત આટલી મોટી માત્રામાં થાપણો ઊભી થઈ છે. સમીક્ષા હેઠળના પખવાડિયામાં બેન્કોએ રૂપિયા ૩.૮૦ ટ્રિલિયનનું ધિરાણ છૂટુ કર્યું હતું જ્યારે રૂપિયા ૬.૯૭ ટ્રિલિયન થાપણ ઊભી કરી હતી.

જૂન મહિનામાં એફસીએનઆર (બી) થાપણો, ઈસીબી તથા ઓએફસીબી મારફત મૂડી પ્રવાહમાં વધારો થયો હોવાની શક્યતા છે, એમ એસબીઆઈ રિસર્ચના એક રિપોર્ટમાં જણાવાયું હતું. નાના ઉદ્યોગોને ટેકો પૂરો પાડવા માટેની સરકારની ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ હેઠળ મોટી માત્રામાં લોન છૂટી કરાઈ હોવાને કારણે પણ એકંદર લોન વૃદ્ધિ ઊંચી જોવા મળી છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડિપાર્ટમેન્ટઃ ચીફ એન્જિનિયર (મીકેનિકલ અને ઈલેક્ટ્રીકલ)
નં. E.E. મિકે. (S)/૨૦૪૫/M&E તારીખ ૧૦/૦૭/૨૦૨૬

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બીડર્સ પાસેથી નીચે જણાવેલા કામ માટે ઓનલાઈન ટેન્ડર્સ આમંત્રિત કરે છે. બીડ શરૂ થવાની તારીખ અને સમય તથા બીડ બંધ થવાની તારીખ અને સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ BMCની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખિત છે.

| ક્રમ. નં. | બીડ નં. | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_ ૧૩૧૬૨૪૫_૧ | ૩ વર્ષની મુદત માટે ENT હૉસ્પિટલ, ફોર્ટ, મુંબઈ ખાતે ઑક્સિજન, N20, વેક્યુમ અને એર માટે મેડિકલ ગેસ ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ માટે વ્યાપક સર્વિસ અને જાળવણી કોન્ટ્રાક્ટ. |

ટેન્ડરની વધુ વિગતો માટે ઈચ્છુક ટેન્ડરર્સે BMCની વેબસાઈટ http://portal.mcgm.gov.in અને મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટ http://mahatenders.gov.inની મુલાકાત લેવી.

સહી/-

PRO/787/ADV./2026-27 EX.ENG.MECH. (SOUTH)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# એફઆઈઆઈની ચાર મહિના બાદ વાપસીઃ ₹ ૧૫,૧૫૭ કરોડની લેવાલી નોંધાવી

મુંબઈઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ચાર મહિના બાદ પહેલી વખત લેવાલી નોંધાવી છે. વિદેશી રોકાણકારોએ જુલાઈમાં કુલ રૂ. ૧૫,૧૫૭ કરોડના રોકાણ નોંધાવી બજારને ટેકો આપ્યો છે. એફઆઇઇએ જુલાઈ દરમિયાન ફુલ્લ એક્સેસિબલ રૂટ દ્વારા ડેટ સિક્યોરિટીઝમાં રૂ. ૬,૬૨૫ કરોડ અને જનરલ રૂય દ્વારા રૂ. ૩,૨૨૮ કરોડનું રોકાણ કર્યું છે.

વેચાણના ધમધમાટ પહેલા, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ)એ ફેબ્રુઆરીમાં ભારતીય ઇક્વિટીમાં રૂ. ૨૨,૬૧૫ કરોડનું રોકાણ કર્યું હતું. સતત ચાર મહિનાના વેચાણ પછી વિદેશી રોકાણકારો જુલાઈમાં ભારતીય ઇક્વિટીના ચોખ્ખા ખરીદદારો બન્યા અને સ્થાનિક મેક્રોઇકોનોમિક સૂચકાંકોમાં સુધારો, સ્થિર રૂપિયા અને વિશ્વબજારના રિસ્કઓન સેન્ટિમેન્ટને કારણે આ મહિનામાં અત્યાર સુધીમાં રૂ. ૧૫,૧૫૭ કરોડથી વધુનું રોકાણ કર્યું.

સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ (સીએસડીએલ)ના ડેટા અનુસાર, જૂનમાં રૂ. ૪૯,૩૪૦ કરોડ, મેમાં રૂ. ૩૨,૯૬૩ કરોડ, એપ્રિલમાં રૂ. ૬૦,૮૪૭ કરોડ અને માર્ચમાં રૂ. ૧.૧૭ લાખ કરોડના ચોખ્ખા આઉટફ્લો પછી નવીનતમ રોકાણપ્રવાહ આવ્યો છે. વેચાણનો ધસારો શરૂ થયા પહેલા, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એ ફેબ્રુઆરીમાં ભારતીય ઇક્વિટીમાં રૂ. ૨૨,૬૧૫ કરોડનું રોકાણ કર્યું હતું.

જુલાઈના ટર્નઅરાઉન્ડ છતાં, વિદેશી રોકાણકારોએ ૨૦૨૬ માં અત્યાર સુધીમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૨.૬ લાખ કરોડનું ચોખ્ખું રોકાણ પાછું ખેંચી લીધું છે, જે ૨૦૨૫ના સમાન સમયગાળામાં ઉપાડવામાં આવેલા રૂ. ૧.૬૬ લાખ કરોડ કરતાં વધુ છે.

ન્યૂઝ એજન્સી પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના અહેવાલ અનુસાર જુલાઈમાં થયેલા ઉલટાનું વૈશ્વિક જોખમની ભૂખમાં સુધારો, આ મહિનાની શરૂઆતમાં ભૂ-રાજકીય તણાવમાં ઘટાડો થયા પછી ઊર્જાના ભાવ અંગેની ચિંતાઓ ઓછી થવા અને ભારતના મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સમાં નવેસરથી વિશ્વાસ દર્શાવે છે. સ્થાનિક મેક્રોઇકોનોમિક સ્થિતિમાં સુધારો અને રૂપિયાની સ્થિરતાએ વિદેશી રોકાણપ્રવાહને આકર્ષવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

સેમિકન્ડક્ટર વેપારમાં નબળાઈ અને દક્ષિણ કોરિયા જેવા બજારોમાં વેચાણકર્તાઓને ફેરવતા એફપીઆઇએ પણ પ્રવાહને ભારત તરફ રીડાયરેક્ટ કર્યો છે. બજારમાં કોન્સોલિડેશનના સમયગાળા પછી, મૂલ્યાંકન વધુ વાજબી બન્યું છે, જેના કારણે વિદેશી રોકાણકારો ઉચ્ચ-ગુણવત્તાવાળી ભારતીય કંપનીઓમાં પસંદગીપૂર્વક રોકાણ વધારવા માટે પ્રેરિત થયા છે.

જોકે, જુલાઈનો તીવ્ર ઉલટફેર પ્રોત્સાહક હોવા છતાં વિદેશી રોકાણકારોના આંતરપ્રવાહનું ટકાઉપણું વૈશ્વિક ઘટનાક્રમ અને ભારતની સ્થાનિક ગ્રોથ સ્ટોરીની સ્થિતિસ્થાપકતા પર આધારિત રહેશે, એવી ચેતવણી એક માર્કેટ એનાલિસ્ટે આપી છે.

દરમિયાન, એફપીઆઇએ જુલાઈ દરમિયાન ફુલ્લી એક્સેસિબલ રૂટ મારફત ડેટ સિક્યોરિટીઝમાં રૂ. ૬,૬૨૫ કરોડ અને જનરલ રૂટ દ્વારા રૂ. ૩,૨૨૮ કરોડનું રોકાણ કર્યું હતું. ડેટ ઇન્વેસ્ટમેન્ટ પરના કરવેરા પર સરકારના ફેરફારોએ ભારતીય દેવાને એફપીઆઇ માટે વધુ આકર્ષક બનાવ્યું છે જ્યારે રૂપિયાની સ્થિરતામાં ફાળો આપ્યો છે. ■

# ક્રૂડ ઓઈલઃ રિફાઈન્ડ ફ્યુઅલના ગ્લોબલ બિઝનેસમાં ભારત કિંગમેકરની ભૂમિકામાં

નવી દિલ્હીઃ ભારતે ચાલુ વર્ષે જૂન ૨૦૨૬માં રશિયા પાસેથી રેકોર્ડ માત્રામાં કાચા તેલ (ક્રૂડ ઓઇલ) ની આયાત કરી છે. જે તેના અગાઉના મહિના એટલે કે મે કરતાં ૩૪ ટકા વધુ છે. જોકે, આ સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં નરમાઈ આવવાને કારણે રશિયાની નિકાસની કમાણીમાં થોડો ઘટાડો નોંધાયો છે.

આ સંદર્ભના રિપોર્ટ અનુસાર, જૂન મહિનામાં ભારતે રશિયા પાસેથી ૪.૫ અબજ યુરોનું ક્રૂડ ઓઇલ ખરીદ્યું હતું. જે રશિયા પાસેથી ભારતના કુલ ૫.૫ અબજ યુરોની ઇંધણ આયાતના ૮૩ ટકા જેટલું થાય છે. આ ખરીદી સાથે ભારત, ચીન પછી રશિયા પાસેથી હાઇડ્રોકાર્બન ખરીદનારો વિશ્વનો બીજો સૌથી મોટો દેશ બની ગયો છે.

ભારતીય રિફાઇનરીઓમાં રશિયન તેલની ધૂમ આવક થઇ રહી હોવાના સમાચાર છે. જૂન મહિનામાં ભારતની કુલ ક્રૂડ ઓઇલ આયાતમાં માસિક ધોરણે ૫.૪ ટકાનો વધારો થયો છે. આ દરમિયાન દેશની મુખ્ય રિફાઇનરીઓમાં રશિયન તેલની સપ્લાય નોંધપાત્ર રીતે વધી હતી. ઉપલબ્ધ આંકડાઓ મુજબ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની જામનગર રિફાઇનરી મે મહિનાની સરખામણીએ રશિયન તેલની સપ્લાયમાં ૧૫૦ ટકાનો જંગી વધારો થયો.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (આઇઓસી)ની પારાદીપ રિફાઇનરી સપ્લાયમાં ૧૨૬ ટકાનો વધારો થયો અને ભારત પેટ્રોલિયમ (બીપીસીએલ)ની કોચ્ચિ રિફાઇનરીની આયાતમાં ૮૩ ટકાનો વધારો થયો છે, જ્યારે નાયરા એનર્જીની વાડિનાર ફાઇનરી સપ્લાયમાં ૪૫ ટકાનો વધારો નોંધાયો છે. રશિયાના ક્રૂડ ઇમ્પોર્ટમાં ૧૪ ટકાનો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર, ભારતે ખરીદેલા કુલ ૫.૫ અબજ યુરોની ઇંધણ પ્રોડક્ટ્સમાં ૪.૫ અબજ યુરોનું ક્રૂડ ઓઇલ, ૪૮.૮ કરોડ યુરોના પેટ્રોલિયમ ઉત્પાદનો અને ૪૪.૪ કરોડ યુરોનો કોલસો સામેલ હતો.

ભારતની આ વ્યાપક ખરીદીને કારણે જૂનમાં રશિયાના કુલ ક્રૂડ એક્સપોર્ટ વોલ્યુમમાં ૧૪ ટકાનો વધારો થયો હતો, તેમ છતાં વૈશ્વિક મંદીને કારણે રશિયાની દૈનિક તેલ આવક આઠ ટકા ઘટીને ૩૪.૮ કરોડ યુરો થઈ ગઈ હતી. આંતરરાષ્ટ્રીય બિઝનેસમાં ભારતની ભૂમિકા હવે મહત્ત્વની બની ગઇ છે અને યુરોપિયન યુનિયનનો પ્રતિબંધ આ માટે કારણભૂત છે.

ભારત માત્ર રશિયન તેલ ખરીદી જ નથી રહ્યો, પરંતુ તેમાંથી તૈયાર થતા રિફાઇન્ડ ફ્યુઅલના વૈશ્વિક બિઝનેસમાં પણ કિંગમેકરની ભૂમિકા ભજવી રહ્યો છે. જૂનમાં ભારત, તુર્કીયે, બ્રુનેઇ અને જ્યોર્જિયાની રિફાઇનરીઓએ રશિયા પર પ્રતિબંધ મૂકનારા દેશો (યુરોપિયન યુનિયન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા)ને ૮૧.૪ કરોડ યુરોની પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ નિકાસ કરી હતી. જેમાંથી ૩૬.૯ કરોડ યુરોની પ્રોડક્ટ્સ રશિયન ક્રૂડમાંથી બનેલી હતી. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ
નં. E.E. (M.) M.W./૧૭૨૭/મેઈન્ટ- તા. ૦૯-૦૭-૨૦૨૬

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_૧૩૧૫૬૬૯_૧ | પાંચ વર્ષ ઓપરેશન અને જાળવણી સાથે ટેન્કર ફિલીંગ પોઈન્ટસ પર ઈન્સ્ટોલ કરવામાં આવનાર IOT આધારિત ઈનલાઈન અલ્ટ્રાસોનિક વોટર મીટરનો સપ્લાય. (ટેન્ડરના ઈશ્યૂ કરવા અને વેચાણની તારીખઃ- ૧૩-૦૭-૨૦૨૬) |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

સહી/-

PRO/793/ADV./2026-27 E.E. (M.) M.W.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# બસ્સોથી વધુ કંપનીઓ થનગની રહી છે આઈપીઓ લાવવા માટે

મુંબઇઃ શેરબજારની નાવ ફરી હાલકડોલક થઇ રહી છે અને અમેરિકા તથા ઇરાન વચ્ચે યુદ્ધ ફરી ભડકતું રહ્યું હોવાથી રોકાણકારો પમ મૂંઝા રહ્યા છે એવા સમયે આગામી બે વર્ષમાં ૨૧૦ નવી કંપનીઓ આઇપીઓ લાવવાની તૈયારીમાં છે. નવા લિસ્ટિંગથી ભારતના ઇક્વિટી માર્કેટમાં નવી પેઢીની કંપનીઓનો હિસ્સો દાયકાના અંત સુધીમાં વધીને ૧૧.૫૦ ટકા સુધી પહોંચશે.

આગામી ૨૪ મહિનામાં આશરે ૨૧૦ નવી પેઢીની કંપનીઓ પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) માટે તૈયાર થશે. વધુમાં, નવી પેઢીની લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીરોકાણ જુલાઈમાં ૧૫૦ બિલિયન ડોલરથી વધીને ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલર થશે. એવો અંદાજ છે કે નવી લિસ્ટિંગથી ભારતના ઇક્વિટી માર્કેટમાં નવી પેઢીની કંપનીઓનો હિસ્સો આ દાયકાના અંત સુધીમાં ત્રણ ટકાથી વધીને ૧૧.૫ ટકા થશે.

આનાથી ભારત મુખ્ય પ્લેટફોર્મ પર ભંડોળ એકત્ર કરવાના સંદર્ભમાં વિશ્વમાં ત્રીજા સ્થાને અને વૃદ્ધિ દરના સંદર્ભમાં પ્રથમ સ્થાને રહેશે. આ સંદર્ભના રિપોર્ટમાં જણાવાયું છે કે સ્થાનિક સંસ્થાઓ નવી પેઢીની કંપનીઓના પ્રાથમિક ખરીદદારો બન્યા છે. તેઓ આ કંપનીઓ પર દાવ લગાવી રહ્યા છે, જેમાંથી વીસમાંથી ૧૪ નફા સાથે સૂચિબદ્ધ છે.

તેમના આઈપીઓ ની કિંમત અગાઉના ખાનગી રાઉન્ડને બદલે સમાન લિસ્ટેડ કંપનીઓ પર આધારિત છે. આનાથી ભવિષ્યના વળતરની આગાહી કરવા માટે લિસ્ટિંગ સમયે કંપનીની તૈયારીને વધુ સારી રીતે સમજવામાં મદદ મળે છે. અંદાજ છે કે કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના બીજા ભાગમાં પાછલા વર્ષ કરતાં વધુ ભંડોળ એકત્ર કરવામાં આવશે, જેમાં માત્ર છ મહિનામાં ૧૯-૨૨ બિલિયન ડોલર એકત્ર કરવામાં આવશે.

બસ્સોથી વધુ કંપનીઓ જાહેર બજારમાં ભંડોળ એકત્ર કરવાની તૈયારી કરી રહી છે, અને તેમાંથી ૧૫૦થી વધુ કંપનીઓને બજાર નિયમનકાર સેબી તરફથી મંજૂરી મળી ગઈ છે. છેલ્લા દાયકામાં ભારતમાં મુખ્ય પ્લેટફોર્મ દ્વારા આઈપીઓ આઠ ગણો વધ્યો છે, જેમાં પાંચ વર્ષમાં ૩૦૦ થી વધુ નવી લિસ્ટિંગનો સમાવેશ થાય છે. ■

# રોકાણકારો ફરી ગોલ્ડ ઈટીએફ તરફ આકર્ષાયા

મુંબઇઃ આંતરરાષ્ટ્રીય બજારમાં યુદ્ધના માહોલ અને સપ્લાઇ ડિસરપ્શનને કારણે સતત બદલાતાં પરિદૃશ્યમાં એસેટ ક્લાસની પસંદગી પણ બદલાતી રહી છે. જૂન મહિનામાં ગોલ્ડ ઈટીએફમાં રોકાણકારોનું ફરી આકર્ષણ જોવાયું જોકે, સિલ્વર ઇટીએફમાં પણ આકર્ષણ વધી રહ્યું છે.

હાલમાં સમાપ્ત થયેલા જૂનમાં સિલ્વર એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માં રૂપિયા ૪૨૮૬ કરોડનો વિક્રમી ઈન્ફલો જોવા મળ્યો છે. સતત ચાર મહિના સુધી આઉટફ્લોસ રહ્યા બાદ જૂનમાં સિલ્વર ઈટીએફસમાં ઈન્ફલોસ જોવા મળ્યો હોવાનું એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા જણાવે છે.

વર્તમાન વર્ષમા ફેબ્રુઆરીથી મેના ગાળામાં આ સેગમેન્ટસમાં સતત રિડમ્પશનનું દબાણ રહ્યું હતું. ઊંચા ભાવેથી ચાંદીમાં પીછેહઠ થતા રોકાણકારોએ પોતાના રોકાણ પાછા ખેંચ્યા હતા. જો કે જૂનમાં નીચા ભાવે રોકાણકારો ફરી પાછા કિંમતી ધાતુ તરફ વળ્યાનું જોવા મળી રહ્યું છે.

ચાંદીના ભાવમાં આવેલા કરેકશનને કારણે સિલ્વર ઈટીએફસની એસેટ અન્ડર મેનેજમેન્ટ જે મેમાં રૂપિયા ૮૬૨૧૭ કરોડ હતી તે જૂનમાં ઘટી રૂપિયા ૭૮૯૪૩ કરોડ પર આવી ગઈ હતી. જૂનમાં રિટેલ સહભાગમાં વધારો થયો હતો અને સિલ્વર ઈટીએફ ફોલિઓ વધી ૫૩.૯૩ લાખ જોવા મળ્યો હતો. સિલ્વરની જેમ ગોલ્ડ ઈટીએફસમાં પણ રોકાણકારોનું ગત મહિને આકર્ષણ રહ્યું હતું.

ગોલ્ડ ઈટીએફસમાં રોકાણકારોનો રૂપિયા ૩૪૪૩ કરોડનો નેટ ઈન્ફલોસ રહ્યો હતો. ગોલ્ડ ઈટીએફસની એયુએમ જે મેમાં રૂપિયા ૧.૮૪ લાખ કરોડ હતી તે ભાવ કરેકશનને પરિણામે ઘટી જૂનમાં રૂપિયા ૧.૭૦ લાખ કરોડ પર આવી ગઈ હતી. કિંમતી ધાતુમાં કરેકશનને રોકાણકારો ખરીદીની તક તરીકે લઈ રહ્યા હોવાનું સાધનોએ જણાવ્યું હતું.

કિંમતી ધાતુમાં ભારતના રોકાણકારોએ વૈશ્વિક ટ્રેન્ડથી વિપરીત જૂનમાં ગોલ્ડ એકસચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માં નોંધપાત્ર રોકાણ કર્યું હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. ગત મહિનામાં દેશના ગોલ્ડ ઈટીએફસમાં ૩૮.૮૦ કરોડ ડોલરનો ઈન્ફલો રહ્યો હતો.

રોકાણકારો હજુપણ સોનાના ભાવમાં વધારો થવાના આશાવાદ સાથે નીચા ભાવે ઈટીએફ મારફત કિમતી ધાતુમાં નાણાં ઠાલવી રહ્યા છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. આ અગાઉ મેમાં ૬.૧૦ કરોડ ડોલરનો આઉટફલો જોવા મળ્યો હતો.

સરકારે ગોલ્ડની આયાત પર ઈમ્પોર્ટ ડયૂટીમાં વધારો કરતા સોનાના ભાવમાં રેલી આવી હતી જેનો રોકાણકારોએ પ્રોફિટ બુક કરવામાં લાભ લઈ લીધો હતો. વર્તમાન વર્ષના ફેબ્રુઆરીથી સોનાના આંતરરાષ્ટ્રીય ભાવમાં તેની ટોચેથી ૨૫ ટકા જેટલું કરેકશન જોવા મળ્યું છે.

જો કે વૈશ્વિક રોકાણકારોએ જૂનમાં ગોલ્ડ ઈટીએફમાંથી પોતાના હોલ્ડિંગમાં ઘટાડો કર્યો હતો. ■


PUBLIC NOTICE

Notice is hereby given to the general public, institutions, authorities, stakeholders, and all other concerned persons that **Jain Jagruti Centre Central Board Charitable Trust, bearing P.T.R. No. E-14343 (Mumbai),** is a duly constituted Public Charitable Trust having its registered office at 201, Matharu Arcade, Subhash Road, Near Garware, Vile Parle (East), Mumbai - 400057.

It has come to the notice of the Trust that certain persons/entities have wrongfully, illegally, and without any lawful authority represented themselves as Permanent Trustees, Executive Trustees, and Holding Trustees of the Trust, and have unlawfully dealt with and/or utilized the Trust's funds and properties.

It is further noted that the Change Reports relating to the appointment of the below mentioned persons either being Permanent Trustees, Holding Trustees, Executive Trustees and Donor Trustee have been rejected by the Hon'ble Learned Assistant Charity Commissioner. The details of said persons are as under:

| Sr.N. | Name | Designation | Sr.N. | Name | Designation |
|---|---|---|---|---|---|
| 1 | Mr. Rajesh Bhanshali | Permanent Trustees | 7 | Mr. Amit D. Kothari | Holding Trustees |
| 2 | Mr. Anil Doshi | Permanent Trustees | 8 | Mr. Kirti K. Shah | Holding Trustees |
| 3 | Mr. Rajesh Gandhi | Permanent Trustees | 9 | Mr. Rashmikant J. Shah | Holding Trustees |
| 4 | Mr. Praful Kamdar | Permanent Trustees | 10 | Mr. Mukesh C. Shah | Executive Trustees |
| 5 | Mr. Pravin G. Shah | Permanent Trustees | 11 | Mr. Nitin Paresh | Executive Trustees |
| 6 | Mr. Kamlesh C. Shah | Permanent Trustees | 12 | Mr. Minesh D. Shah | Executive Trustees |
| | | | 13 | Mr. Nilesh K. Shah | Donor Trustee |

Accordingly, the aforesaid persons have no right, title, interest, or authority to act as Permanent Trustees, Holding Trustees, or Executive Trustees of the Trust, or to take any policy or administrative decisions on behalf of the Trust, or to deal with, manage, operate, transfer, encumber, or otherwise use the funds, assets, or properties of Jain Jagruti Centre Central Board Charitable Trust.

Any act, transaction, representation, decision, communication, or dealing undertaken by the aforesaid persons, or by any person claiming through or under them, on behalf of the Trust shall be unauthorized, illegal, and void, and shall not be binding upon the Trust.

This Public Notice is issued in the interest of the Trust and the general public to prevent fraud, misrepresentation, and unauthorized dealings with the Trust's affairs, funds, and properties.

**For JJC Central Board**
**Through its Chairman: Mr. Jayanti K. Chadva**
**Sanjay P. Chaturvedi, Advocate for JJC Central Board**
**E mail: sanchat16@gmail.com**
**Date: 12/07/2026**
**Place: Mumbai**

# તાજ મહેલ હોટેલને બૉમ્બથી ફૂંકી મારવાની ધમકી

## નવી મુંબઈ પોલીસ કન્ટ્રોલ રૂમને આવ્યો કૉલ

મુંબઈઃ દક્ષિણ મુંબઈના કોલાબા વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત તાજ મહેલ હોટેલને બૉમ્બથી ફૂંકી મારવાની ધમકી મળી હતી. નવી મુંબઈ પોલીસ કન્ટ્રોલ રૂમને અજાણી વ્યક્તિએ મોડી રાતના કૉલ કરીને બૉમ્બ ધમકી આપી હતી, જેને પગલે બોમ્બ સ્કવોડ સાથે પોલીસ ટીમ ત્વરિત ઘટનાસ્થળે પહોંચી હતી અને સઘન તપાસ હાથ ધરી હતી. જોકે કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં બૉમ્બની વાત અફવા સાબિત થઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નવી મુંબઈ પોલીસ કન્ટ્રોલ રૂમને શનિવારે મોડી રાતે ૧૨.૧૩ વાગ્યે કૉલ આવ્યો હતો. કૉલ કરનારી વ્યક્તિએ તાજ મહેલ હોટેલમાં બૉમ્બ પ્લાન્ટ કરાયો હોવાનો દાવો કર્યો હતો અને દાઉદના નામનો ઉલ્લેખ કર્યો હતો. નવી મુંબઈ પોલીસે કૉલને ગંભીરતાથી લઇને તેની જાણ મુંબઈ પોલીસને કરી હતી.

આથી કોલાબા પોલીસ, ક્રાઇમ બ્રાન્ચ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડે ત્વરિત ત્યાં પહોંચીને હૉટેલ તથા પરિસરમાં તપાસ હાથ ધરી હતી. જોકે ત્યાં કોઇ જ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં તેમણે રાહતનો શ્વાસ લીધો હતો.

દરમિયાન પોલીસ કન્ટ્રોલ રૂમને જે નંબર પરથી કૉલ આવ્યો હતો તેને ટ્રેસ કરવામાં આવ્યો હતો, જેમાં તે નવી મુંબઈના તુર્ભે વિસ્તારથી કરાયો

(જુઓ પાનું ૪) ▶▶

મુંબઈમાં ચોમાસાનો વિરામ

# અઠવાડિયા બાદ ફરી સક્રિય થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જુલાઈના પહેલા અઠવાડિયામાં મુશળધાર વરસાદ બાદ છેલ્લા થોડા દિવસથી વરસાદ ગાયબ થઈ ગયો છે. વરસાદની ગેરહાજરીમાં મુંબઈમાં તાપમાનનો પારો ફરી ઊંચો ગયો છે ત્યારે હવામાન વિભાગના અંદાજ મુજબ મુંબઈમાં ચોમાસુ લગભગ એક અઠવાડિયા સુધી વિરામ લેશે અને ત્યારબાદ ફરી તે સક્રિય થવાની શક્યતા છે.

ભારતીય હવામાન વિભાગ અનુસાર આગામી અઠવાડિયા સુધી વ્યાપક વરસાદ માટે હવામાન પરિસ્થિતિઓ અનુકૂળ રહેવાની શક્યતા નથી. આગામી ૨૪ કલાકની આગાહી દર્શાવે છે કે

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રને ફાટક મુક્ત બનાવવા ત્રણ વર્ષમાં ૧૪૫ રેલવે ફ્લાય ઓવરનું નિર્માણઃ ફડણવીસ

## ૪૮૪ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત નવ માળખાકીય સુવિધા ત્રણ રોપવે, ચાર સબવે અને અંડરબ્રિજનું ઉદ્‌ઘાટન

નાગપુરઃ રાજ્યના નાગરિકોને સલામત, કાર્યક્ષમ અને ટેકનોલોજી આધારિત પરિવહન સુવિધાઓ પૂરી પાડીને અકસ્માતો ટાળવા માટે આગામી ત્રણ વર્ષમાં ૧૪૫ રેલવે ક્રોસિંગને દૂર કરવાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, એમ જણાવતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવી જાહેરાત કરી હતી કે મહારાષ્ટ્રને રેલવે ક્રોસિંગ મુક્ત બનાવવામાં આવશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બર્ધમાન નગર ખાતે ૪૮૪ કરોડ રૂપિયાના રેલવે ક્રોસિંગ, ચાર લેનના રોડ, ઓવરબ્રિજ અને રાજ્યની નવ મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓનું ઉદઘાટન કર્યું હતું.

મહારાષ્ટ્ર રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ મહારેલ દ્વારા વિકસાવવામાં આવેલા આ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન સમારોહની અધ્યક્ષતા કેન્દ્રીય ભૂગર્ભ પરિવહન પ્રધાન નીતિન ગડકરી દ્વારા કરવામાં આવી હતી, જ્યારે રાજ્યના મહેસૂલ પ્રધાન અને પાલક પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે, મ્યુનિસિપલ કોર્પોરેશનના કોર્પોરેટરો, જનપ્રતિનિધિઓ અને નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ફડણવીસે કહ્યું હતું કે દર વર્ષે ૨૧ હજાર લોકો રેલવે ક્રોસિંગના અકસ્માતને કારણે મૃત્યુ પામે છે, તેથી મહારાષ્ટ્ર રેલવે ક્રોસિંગને મુક્ત બનાવવું મહત્ત્વપૂર્ણ છે. ફડણવીસે કહ્યું કે રાજ્યમાં ૫૨૪ રેલવે ક્રોસિંગની જરૂર છે, જેમાંથી ૧૦ હજારથી વધુ વાહનોની અવરજવર ધરાવતાં ૧૨૧ ક્રોસિંગ સાથે, ૧૪૫ રેલવે પુલને

(જુઓ પાનું ૪) ▶▶

# ચર્ની રોડ સ્ટેશન પર એક જ ટ્રેક પર બે ટ્રેન સામસામે આવી ગઈ, મોટો અકસ્માત ટળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એક અઠવાડિયાં પછી મુંબઈમાં વરસાદે વિરામ લીધા પછી મુંબઈ લોકલ ટ્રેન રેગ્યુલર ચાલવાને કારણે પ્રવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. પશ્ચિમ રેલવે પણ ગયા અઠવાડિયે જ ચર્ચગેટથી વિરાર દહાણુ વચ્ચે વિના રુકાવટ લોકલ ટ્રેન દોડાવે છે પણ શનિવારે ચર્ની રોડ ખાતે એક ચોંકાવનારો બનાવ બન્યો હતો. એક જ ટ્રેક પર બે લોકલ ટ્રેન આવી ગઈ હોવાનો વીડિયો વાઈરલ થયો હતો, જે વીડિયો વાઈરલ થયા પછી લોકોએ પ્રશાસનની કામગીરી અંગે ગંભીર સવાલ ઊભા કર્યા હતા.

વાઈરલ વીડિયોમાં આ બનાવ સાંજના ૫.૩૫ વાગ્યાના સુમારે બન્યો હતો. ચર્ચગેટ જનારી એક લોકલ ટ્રેન પ્લેટફોર્મ પર પહોંચી ત્યારે તેની વિરુદ્ધ દિશામાંથી એક ટ્રેન પહોંચી હતી. જોકે એ જ વખતે લોકલ ટ્રેનના મોટરમેને ટ્રેનને રોકી લીધી હતી અને મોટી હોનારત ટાળી દીધી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

મોટરમેનની સતર્કતાને કારણે મોટો અકસ્માત ટળી ગયો છે, પરંતુ આ મુદ્દે રેલવે પ્રશાસન દ્વારા કોઈ પ્રતિક્રિયા આવી નથી. આ બનાવ વખતે લોકલ ટ્રેનમાં મુસાફરી કરનારા પ્રવાસીઓમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો, જ્યારે આ બનાવને કારણે લોકલ ટ્રેનસેવા પર અસર જોવા મળી હતી.

સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ થયા પછી સિગ્નલ પ્રણાલી પર ગંભીર સવાલો ઊભા કરવામાં આવ્યા હતા. જોકે, મોટરમેન

(જુઓ પાનું ૪) ▶▶

# નંદુરબારમાં ભોજન ખાધા પછી હોસ્ટેલના ૪૦ વિદ્યાર્થીઓ બીમાર

નંદુરબાર : મહારાષ્ટ્રના નંદુરબારમાં શહાદામાં એક સરકારી છાત્રાલયમાં લગભગ ૪૦ વિદ્યાર્થીઓ શંકાસ્પદ ખોરાકી ઝેરના કારણે બીમાર પડ્યા હતા. આ ઘટનાથી વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાયો હતો. આ ઘટના અંગે પત્રકારો સાથે વાત કરતા, જિલ્લા કલેક્ટર સેઠીએ જણાવ્યું હતું કે, કહ્યું, ૪૦ બાળકોને ફૂડ પોઇઝનિંગ અને ગેસ્ટ્રાઇટિસનું મિશ્રણ હોવાનું નિદાન થયું છે. તેમાંથી પચીસને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વીસ શહાદાની ગ્રામીણ હોસ્પિટલમાં છે, અને પાંચ બાળકોને ઓક્સિજન અને બ્લડ પ્રેશરની સમસ્યા હતી, તેથી તેમને આઇસીઓમાં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓએ તપાસ શરૂ કરી હતી અને ખોરાક અને તબીબી નમૂનાઓ પરીક્ષણ માટે મોકલ્યા હતા.મિતાલી સેઠીએ વધુમાં જણાવ્યું હતું કે, લેબ રિપોર્ટના આધારે જવાબદારી નક્કી કરીને કાર્યવાહી કરવામાં આવશે. આ મામલે તપાસ ચાલી રહી છે અને વિગતોની રાહ જોવાઈ રહી છે. ■

# પુત્રવધૂને શારીરિક-માનસિક ત્રાસ આપવા, જાદુટોણા કરવાનો આરોપઃ

## ઉદ્ધવ ઠાકરે જૂથના ભૂતપૂર્વ સાંસદ વિનાયક રાઉત, તેના પુત્ર અને અન્ય પાંચ સામે ગુનો

થાણે/મુંબઈઃ પોતાની પુત્રવધૂને શારીરિક-માનસિક અને આર્થિક રીતે ત્રાસ આપવા ઉપરાંત તેના પર જાદુટોણા કરવાના આરોપસર શિવસેના (યુબીટી)ના ભૂતપૂર્વ સાંસદ વિનાયક રાઉત અને તેના પુત્ર તેમ જ અન્ય પાંચ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

કાપુરબાવડી પોલીસ સ્ટેશનમાં વિનાયક રાઉતના પુત્ર જિતેશ ઉર્ફે ગિતેશથી અલગ થયેલી તેની પત્ની ગિરિજા રાઉતે (૩૮) નોંધાવેલી ફરિયાદને આધારે ૧૦ જુલાઇના રોજ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસે ભારતીય ન્યાય સંહિતા તથા માનવ બલિ અને અન્ય અમાનવીય, શયતાની અને આઘોરી કૃત્યો તેમ જ કાળો જાદુ પ્રતિબંધ અને નાબૂદી ધારાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ફરિયાદ અનુસાર રાઉત પરિવાર જાણતો હતો કે ગિતેશ શારીરિક

(જુઓ પાનું ૪) ▶▶



યુબીટી સેનાના ભૂતપૂર્વ સાંસદ વિનાયક રાઉત કેસમાં સાવંતવાડીથી ધરપકડ કરાયેલા આરોપી બોગસ તાંત્રિક ફિરોઝ શેખને થાણે સેશન કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો. (અમય ખરાડે)

# અંબરનાથમાં શિવસેના-ભાજપ ગઠબંધન વચ્ચે કાર્યાલયના વિવાદને લઈને નવો તણાવ

અંબરનાથ : અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલમાં શાસક ગઠબંધન બનાવવા માટે શિવસેના અને ભાજપ એક સાથે આવ્યાના છ મહિના પછી, મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખના કાર્યાલયના બાંધકામને લઈને બંને ભાગીદારો વચ્ચે નવા મતભેદો સામે આવ્યા છે. આ વિવાદ મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ તેજશ્રી કરંજુલે માટે નવી ઓફિસ અને મીટિંગ હોલના કથિત બાંધકામ બાબત છે. શિવસેનાના નેતા રાજેન્દ્ર વાલેકરે આરોપ લગાવ્યો છે કે આ કામ નિર્ધારિત ધોરણોનું ઉલ્લંઘન કરીને અને યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના હાથ ધરવામાં આવી રહ્યું છે. તેમણે દાવો કર્યો છે કે આ પ્રોજેક્ટ પર લાખો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે.

ઓફિસ વિવાદ પરના આરોપોને નકારી કાઢતા, ભાજપના નેતા અભિજિત કરંજુલે-પાટીલે વાલેકર પર કોઈ પુરાવા વિના નગરપાલિકા પ્રમુખની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો અને માનહાનિની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું. તણાવ ફરી શરૂ થતાં, રાજકીય વર્તુળો એ વાત પર નજીકથી નજર રાખી રહ્યા છે કે તાજેતરનો મુકાબલો નાગરિક વહીવટ સુધી મર્યાદિત રહે છે કે શાસક ગઠબંધનની કામગીરીમાં પણ ફેલાય છે. ■

# ઠાકરે સેનાને ફરી પડશે ફટકોઃ નગરસેવિકા શિંદે સેનામાં જોડાશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રાજકીય ઘટનાક્રમે ફરી વેગ પકડ્યો છે. થોડા અઠવાડિયા પહેલા ઠાકરેસેનાના છ સાંસદ શિંદેની શિવસેના જોડાયા હતા, તેમાં સાંસદ સંજય દિના પાટીલનો પણ સમાવેશ થાય છે. તેમના પક્ષપલટા પછી શું તેમની પુત્રી અને નગરસેવિકા રાજુલ પાટીલ પણ પાર્ટીમાં જોડાશે અને ઠાકરે જૂથ છોડી દેશે? જેવી રાજકીય ચર્ચાઓ તેજ બની હતી, ત્યારે રાજુલ પાટીલે કહ્યું હતું કે ઠાકરે સેનામાં જ રહેશે. શુક્રવારે પાલિકાની સામાન્ય સભામાં ઠાકરેની શિવસેનાના નગરસેવકો દ્વારા સામાન્ય સભા દરમ્યાન શાસક પક્ષ અને ભાજપ વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પક્ષના અનેક પદાધિકારીઓ અને કાર્યકરોએ આ આંદોલનમાં ભાગ લીધો હતો. જોકે આ આંદોલન દરમ્યાન નગરસેવિકા રાજુલ પાટીલની ભૂમિકા ચર્ચાનો વિષય બની હતી. તે દૂરથી જોઈ રહી હતી પણ તેણે ભાગ લેવાનું ટાળ્યું હતું. જ્યારે સૂત્રોચ્ચાર ચાલી રહ્યો હતો, ત્યારે રાજુલ પાટીલ ફક્ત બાજુ પર ઊભી રહીને સમગ્ર ઘટના જોતી જોવા મળી હતી.

ઠાકરેસેનાના નગરસેવિકાના કહેવા મુજબ રાજુલે આંદોલનમાં સક્રિય રીતે ભાગ લીધો ન હતો. અગાઉ રાજુલ પાટીલે જાહેરમાં કહ્યું હતું કે તેઓ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં રહેશે. તેથી રાજકીય વર્તુળોમાં તેમના વર્તમાન પદ અંગે વિવિધ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ■

# અરબી સમુદ્રએ મુંબઈનો કચરો સાભાર પરત કર્યો





મુંબઈમાં ગિરગામ ચોપાટી અને જુહૂ ચોપાટી ભરતી પછી કચરામાં ઢંકાયેલી છે, પ્લાસ્ટિક અને કાટમાળ કિનારા પર વહી ગયા છે. (અમય ખરાડે)

મુંબઈ : સપનાઓનું શહેર ગણાતા મુંબઈ અરબી સમુદ્રથી ઘેરાયેલો હોવાથી, તેના દરિયાકિનારા ફરવા માટેના જાણીતા સ્થળો છે. કમનસીબે, આ દરિયાકિનારાઓ માનવ-નિર્મિત કચરાથી વધુને વધુ કદરૂપા બની રહ્યા છે, જે એક ગંભીર પર્યાવરણીય પડકાર પણ ઊભો કરે છે.

રવિવારે, મુંબઈનો પ્રતિષ્ઠિત જુહુ અને ગીરગામ ચોપાટી બીચ તાજેતરની ભરતી પછી ફરી એકવાર પ્લાસ્ટિક કચરા, કીચડ અને અન્ય કાટમાળથી ઢંકાઈ ગયો હતો. પરિણામે, પોલીસે બીચ બંધ કરી દીધો હતો અને લાઇફગાર્ડ્સે આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવું પડ્યું હતું.

ભરતી પછી, મોટી માત્રામાં પ્લાસ્ટિક બોટલો, ફૂડ રેપર, થર્મોકોલ, ફેંકી દેવાયેલા ફૂટવેર, કાપડ, નાળિયેર અને અન્ય ઘરગથ્થુ કચરો અરબી સમુદ્ર દ્વારા કિનારે ઢસડાઈ આવ્યો હતો જેના કારણે સવારના સમયે ફરવા જનારાઓ, મુલાકાતીઓ અને સ્થાનિક વિક્રેતાઓ માટે અપ્રિય વાતાવરણ સર્જાયું હતું.

નિષ્ણાતોના મતે, મોટાભાગનો કચરો ગટર, નદીઓ અને નાળાઓમાંથી નીકળે છે જે ખાસ કરીને ચોમાસા દરમિયાન કચરો દરિયામાં લઈ જાય છે. પછી જોરદાર મોજા અને ભરતીની ગતિવિધિઓ સંચિત કાટમાળને દરિયાકિનારા પર પાછો ધકેલી દે છે, જે હકીકતમાં દરિયાની શહેરનો કચરો સાભાર પરત કરવાની રીત છે. ■

# ઘાટકોપરના એસટીપી માટે માર્ચ ૨૦૨૭ની ડેડલાઈન

## દરિયામાં ગંદા પાણીને છોડવા પહેલા પ્રક્રિયા કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દરિયામાં છોડવમાં આવતા ગંદા પાણી પર પ્રક્રિયા કરીને તેની ગુણવત્તા સુધારવા માટે ઘાટકોપર (પૂર્વ)માં સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) બાંધવામાં આવી રહ્યો છે. મુંબઈ મહાનગરપાલિકાએ પ્રતિદિન ૩૩૭ એમએલ(મિલ્યન લિટર) ક્ષમતાના આ એસટીપીનું બાંધકામ પૂર્ણ કરવા માટે માર્ચ ૨૦૨૭ ની સમયમર્યાદા નક્કી કરી છે, તે માટે અધિકારીઓને વધારાના માનવબળની મદદ લઈને લક્ષ્યને પૂર્ણ કરવા બાંધકામ ઝડપી બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજીત બાંગરે શનિવારે ઘાટકોપરમાં સાઈટ પર ઈન્સ્પેકશન કર્યું હતું એ દરમ્યાન તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે હાલ વરસાદે બ્રેક લીધો છે, તે સમયનો ઉપયોગ કરીને કામને ઝડપી કરવું. નિર્ધારિત સમયમાં પ્રોજેક્ટ પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે માઇક્રો-પ્લાનિંગ કરીને આયોજનબદ્ધ રીતે અમલમાં મૂકવામાં આવે તો પ્રોજેક્ટ સમયમર્યાદા પહેલા પૂર્ણ કરવાનું પણ શક્ય બની શકે છે એવી સૂચના પણ તેમણે આપી હતી.

મુંબઈ સ્યુએજ ડિસ્પોઝલ પ્રોજેક્ટ હેઠળ વિકસાવવામાં આવી રહેલો ઘાટકોપર એસટીપી સિક્વન્શિયલ બેચ રિએક્ટર (એસબીઆર) ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૩૩૭ મિલ્યન લિટર સ્યુએજ પ્રતિ દિવસ (એમએલડી) ની પ્રક્રિયા કરવાની ક્ષમતા ધરાવશે. સંપૂર્ણ ગંદા પાણી પર પ્રક્રિયા કરીને તેને દરિયામાં છોડવા પહેલા ૧૭૦ એમએલડી પાણી પર તૃતીય સ્તરની શુદ્ધિકરણની પ્રક્રિયા કરવામાં આવશે, જેનાથી દરિયામાં પ્રવેશતા ગંદા પાણીની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.

અભિજિત બાંગરે નજીકના ઘાટકોપર પમ્પિંગ સ્ટેશન અપગ્રેડની પણ સમીક્ષા કરી હતી જ્યાં સિવિલ અને ઇલેક્ટ્રિકલ કામમાં ૮૫ ટકા પ્રગતિ થઈ છે. આ પ્રોજેક્ટમાં પમ્પિંગ સ્ટેશન બિલ્ડિંગનું સમારકામ, યાંત્રિક ઉપકરણોની ફેરબદલી, ઉચ્ચ ક્ષમતાવાળા પંપ બેસાડવા જેવા કામનો

(જુઓ પાનું ૪) ▶▶

# જે. જે. મહાનગર બ્લડ બેંકનું લાઈસન્સ રદઃ એફડીએની કાર્યવાહી

મુંબઈઃ લોહીની ચોરીને કારણે ચર્ચાસ્પદ રહેલી મુંબઈની જે.જે. મહાનગર બ્લડબેંકનું લાઈસન્સ ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા રદ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. લોહીની ચોરીનું પ્રકરણ પ્રકાશમાં આવ્યા બાદ ૨૨થી ૨૩ જૂન દરમ્યાન એફડીએએ કરેલી તપાસમાં બ્લડબેંકમાં અનેક ગંભીર નિયમભંગ થયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. આ બાબતે બ્લડબેંક સમાધાનકારક સ્પષ્ટીકરણ આપી શકી ન હોવાથી એફડીએ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. લોહીની ચોરીના કેસમાં એફડીએ દ્વારા બ્લડ બેંકને કારણ બતાવો નોટિસ ફટકારવામાં આવી કરી હતી અને ખુલાસો કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આપ્યો હતો. જોકે બ્લડ બેંક દ્વારા આપવામાં આવેલો જવાબ સંતોષકારક નહીં જણાતા તાત્કાલિક તેનું લાઇસન્સ રદ કરવામાં આવ્યું હતું. જે. જે. મહાનગર બ્લડ બેંકે તેના ખુલાસામાં સ્વીકાર્યું છે કે તેણે

(જુઓ પાનું ૪) ▶▶

# પાયધુનીમાં આઠ વર્ષની બાળકી સાથે કર્યું દુષ્કર્મઃ સિક્યુરિટી ગાર્ડ ઝડપાયો

મુંબઈઃ દક્ષિણ મુંબઈના પાયધુની વિસ્તારમાં આઠ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવા પ્રકરણે સિક્યુરિટી ગાર્ડની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટના બાદ લોકોમાં આક્રોશ ફેલાયો હતો અને તેમણે પોલીસ સ્ટેશન બહાર એકઠા થઇ વિરોધ પ્રદર્શન કર્યું હતું તેમ જ આરોપીને આકરી સજાની માગણી કરવામાં આવી હતી.

દુષ્કર્મનો શિકાર બનેલી બાળકીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોઇ તેની સારવાર ચાલી રહી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. બાળકી સાથે દુષ્કર્મની ઘટના સામે આવ્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી

(જુઓ પાનું ૪) ▶▶

પુણેમાં ઈમારત ધરાશાયી

# મૃત્યુઆંક નવ થયો, ચોથે દિવસે વધુ આઠ મૃતદેહ મળ્યાં

પુણેઃ પુણેના પિંપરી ચિંચવડ મહાનગરપાલિકાના મોશી કચરાનો મોટો ઢગલો પડ્યાની દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગયો છે. આ ભીષણ દુર્ઘટનાના ચોથા દિવસે ચલાવવામાં આવેલા બચાવકાર્યમાં કાટમાળ નીચે ફસાયેલા કુલ ૮ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા અને આ સાથે જ આ દુર્ઘટનામાં મૃતકોની સંખ્યા વધીને નવ થઈ છે. આ દુર્ઘટના ૮ જુલાઈએ બપોરે લગભગ ૧.૩૦ વાગ્યા આજુબાજુ બની હતી. આ ઘટનામાં મોશી સ્થિત કચરાનો મોટો ઢગલો 'વેસ્ટ ટૂ એનર્જી' પરિયોજનાની વહીવટી ઇમારત પર પડ્યો હતો. દુર્ઘટના સમયે

(જુઓ પાનું ૪) ▶▶

# મુલુંડમાં ગૅસ ગળતરથી લાગેલી આગમાં ત્રણ દાઝ્યા

મુંબઈઃ મુલુંડના ખીંડીપાડામાં અમન નગરમાં રવિવારે મેઈન્ટેનન્સનું કામ ચાલી રહ્યું હતું એ દરમ્યાન ગૅસ ગળતરને કારણે ઘરમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ત્રણ લોકો દાઝી ગયા હતા. આ ઘટના સાંજના ૫.૩૬ વાગ્યાની આસપાસ બની હતી, જેમાં પ્રાથમિક માહિતી મુજબ ૫૦ વર્ષની પ્રમિલા વિશ્વકર્મા ૪૦ ટકા દાઝી ગઈ હતી, જ્યારે ૨૪ વર્ષની આરાધના વિશ્વકર્મા ૨૦ ટકા દાઝી ગઈ હતી. તો બાવન વર્ષનો મોહમ્મદ લગભગ ૩૦ ટકા દાઝી ગયો હતો. ત્રણેને મુલુંડની એમટી અગ્રવાલ હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**